# ધોડિયા જાતિમાં ગવાતાં લગનગીતો

ડૉ. સિદ્ધરાજ સુરજીભાઈ સોલંકી

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦ ૦૧૪
આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

આદિવાસી સંશોધન અને તાલીમ-કેન્દ્ર પ્રકાશન પુ. ૨૪

# ધોડિયા જાતિમાં ગવાતાં લગ્નગીતો

સંપાદક

ડૉ. સિદ્ધરાજ સોલંકી

ગૂજરાત વિદ્યાપીઠ

અમદાવાદ – ૩૮૦ ૦૧૪

પ્રકાશક
વિનોદ રેવાશંકર ત્રિપાઠી
મંત્રી, ગૂજરાત વિદ્યાપીઠ મંડળ
ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ – ૩૮૦ ૦૧૪

મુદ્રક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય
અમદાવાદ – ૩૮૦ ૦૧૪

© ગૂજરાત વિદ્યાપીઠ

પ્રથમ આવૃત્તિ, પ્રત ૧૦૦૦

કિંમત રૂ. ૪૦.૦૦

ઑક્ટોબર, ૧૯૮૭

# આવકાર

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રના નિયામક, મ. દે. સમાજસેવા મહાવિદ્યાલયના આચાર્ય, સમાજમાનવશાસ્ત્રના અનુસ્નાતક વિભાગના પ્રાધ્યાપક અને અધ્યક્ષ, ડૉ. ઠા.ભા. નાયકનાં 'દૂબળાનાં લોકગીતો', તથા ગાંધર્વ સંગીત મહાવિદ્યાલયના આચાર્યશ્રી રાવજીભાઈ પટેલે સ્વરાંકિત કરેલા 'આદિવાસી લોકસંગીત'ના પ્રકાશન પછી, 'ધોડિયા જાતિમાં ગવાતાં લગ્નગીતો' એ 'આદિવાસી લોકસાહિત્ય સંચય' શ્રેણીમાં કેન્દ્રનું ત્રીજું પ્રકાશન છે.

ધોડિયા ગુજરાતના આદિવાસીઓમાં શિક્ષણમાં, સાંસ્કૃતિક સંપર્કમાં મોખરાનું સ્થાન ધરાવતી આદિવાસી જાતિ છે. આ છાપ સ્પષ્ટપણે ગુજરાતી ભાષાના જ હોય એવાં સંખ્યાબંધ સંચયકારોનાં ધોડિયા જાતિમાં ગવાતાં લોકગીતોમાં જોવા મળે છે. આ સંચય-કારોમાં પ્રસ્તુત જાતિના જ સંચયકારો બહોળી સંખ્યામાં છે. તેમાંના મોટા ભાગના ગૂજરાત વિદ્યાપીઠના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ છે.

ગૂજરાત વિદ્યાપીઠના મ. દે. સમાજસેવા મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ, સ્નાતક કક્ષાથી માંડીને બધી જ અનુસ્નાતક કક્ષાઓ–પારંગત, અનુપારંગત, વિદ્યાવાચસ્પતિ એમ દરેક કક્ષાએ–તેમના અધ્યયનકાર્યના એક ભાગ રૂપે ક્ષેત્રકાર્ય આધારિત તપાસ-નિબંધ-લેખન કરતા હોય છે. આવા તપાસ નિબંધોમાં આવરવામાં આવેલા અનેકવિધ વિષયોમાં ગુજરાત બહારની અને ગુજરાતની સંખ્યાબંધ જ્ઞાતિઓ અને આદિવાસી જાતિઓ પરના તપાસ નિબંધો પણ નોંધપાત્ર પ્રમાણમાં છે. અન્ય સ્વતંત્ર રીતે સંચિત સામગ્રી ઉપરાંત ગૂજરાત વિદ્યાપીઠના આવા વિદ્યાર્થી સંચયકારો દ્વારા સંચિત સામગ્રીનો પણ આ સંગ્રહનાં તારણો-માં આધાર લેવાયો છે.

ગૂજરાત વિદ્યાપીઠે અન્ય આદિવાસી જાતિઓના લોકસાહિત્ય પર પણ ઉપયોગી માહિતી એકત્રિત કરી છે અને તેને પણ અનુકૂળતા અનુસાર ગુજરાતને ચરણે ધરીશું. અમારા આ પ્રયાસને આદિવાસી ભાષા, આદિવાસી લોકસાહિત્ય અને આદિવાસી વિકાસમાં રસ લેતા સૌ તરફથી આવકાર મળશે એવી આશા છે.

તા. ૧–૬–૧૯૮૭
ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ–૩૮૦ ૦૧૪

**રામલાલ પરીખ**
કુલનાયક

## સંપાદકના બે બોલ

ધોડિયાઓમાં વિવિધ પ્રસંગને અનુલક્ષીને મળેલાં ગીતોના પ્રકાર નીચે પ્રમાણે પાડી શકાય.

(૧) વાવણી, રોપણી અને કાપણીનાં ખેતી વિષયક ક્રિયા ગીતો તેમજ આ પ્રસંગોએ ગવાતાં અન્ય ગીતો

(૨) દિવાસો, શિળીસાતમ, નવરાત્રી, દિવાળી, હોળી વગેરે તહેવારોએ ગવાતાં ગીતો

(૩) નવરાત્રીમાં તેમજ મેળા – 'જાતરા' પ્રસંગે ગવાતા ગરબા

(૪) વિવિધ સામાજિક-ધાર્મિક ઉત્સવો પ્રસંગે, રોગચાળા મુક્તિ માટે યા કોઈના અવસાન પછી બારમા સુધીના દિવસોમાં ગવાતાં ભક્તિ ગીતો–ભજનો વગેરે

(૫) કોઈ દેવની બાધા–માનતા પૂરી કરતી વખતે ગવાતાં ગીતો

(૬) વરસાદ લંબાયો હોય ત્યારે તેને લાવવા માટે, મનાવવા માટે ગવાતાં 'મેવલા ગીતો' – 'મેહુલા ગીતો.'

(૭) ઘરનું વાસ્તુ કરે ત્યારે ગવાતાં ગીતો

(૮) કોઈ અતિથિ વિશેષ, નેતા અથવા ધર્મગુરુને ગામને ગોંદરેથી સ્વાગત કરીને ગામમાં લાવતી વખતે ગવાતાં સ્વાગત ગીતો

(૯) ગોપ ગીતો – 'ગોવાળિયાઓનાં ગીતો'

(૧૦) હાલરડાં

(૧૧) બાળ રમતગીતો, બાળગીતો

(૧૨) વાર્તા કથાનકમાંનાં ગીતો

(૧૩) લગ્ન પ્રસંગે ગવાતાં ગીતો

ઉપર નિર્દેશિત વિવિધ પ્રકારનાં ગીતોમાંથી ધોડિયા જાતિમાં લગ્ન પ્રસંગે ગવાતાં ગીતોને તેના સંચયકારોએ ગુજરાતી લિપીમાં જે રીતે મૂક્યાં હોય તે રીતે, સંચયકારવાર વિધિક્રમાનુસાર મૂકવાનો અહીં પ્રયાસ કર્યો છે. ગીતનાં શિર્ષક પણ મહદંશે સંચયકારો યા માહિતીદર્શકોએ આપેલાં છે.

ગુજરાતના આદિવાસીઓમાં શિક્ષણમાં મોખરે રહેલી આ આદિવાસી જાતિમાં ઉપરોક્ત ગીત પ્રકારોમાં ગીતો, ગરબાઓ અને ભજનો, બાળગીતો, લેરિયાં યા ઝેરિયાં નામે ઓળખાતાં થોડાં લગ્ન ગીતો બાદ કરતાં બાકીનાં સર્વ ગીતોના મુખ્ય ગાયકો અને તેને ઝીલનાર પણ મુખ્યત્વે સ્ત્રી ગાયકો હોય છે તેનો ઉલ્લેખ અત્રે કરવો ઘટે.

આ સંચયમાં એક બાજુથી કેન્દ્રના પ્રારંભ કાળમાં પ્રકાશનાર્થે મોકલાયેલાં શ્રી મંછારામ પટેલ સંચિત ગીતોનો સમાવેશ થયો છે તો બીજી બાજુથી ચાલુ વર્ષના પ્રારંભકાળમાં આ



પુસ્તકના સંપાદક દ્વારા સંચિત ગીતોને પણ આવરવામાં આવ્યાં છે. આમ આ અઢી એક દાયકાના ગાળા દરમિયાન, વિવિધ ધોડિયા વિસ્તારોમાં ગવાતાં લગ્નગીતોનું તે પ્રતિનિધિત્વ કરે છે.

આ પ્રકારનો સંચય સ્વાભાવિક રીતે જ અનેક મિત્રો, મુરબ્બીઓના સક્રિય સહકારની ફલશ્રુતિ હોય છે.

જેમના દ્વારા ધોડિયા ભાષા જીવંત રહી છે એવા ધોડિયા ભાષકો અને ધોડિયા સમાજ કે જેમના વિના આ સંગ્રહ શક્ય ન બન્યો હોત તેમનો હું સર્વ પ્રથમ ઋણી છું.

આ સંગ્રહમાં જેનો સમાવેશ થયો છે એવાં ધોડિયા જાતિમાં ગવાતાં લગ્નગીતો ગાનાર સંખ્યાબંધ નામી–અનામી ધોડિયા ગીતકારો–માહિતીદર્શકોનો તેમજ તેના સર્વ સંચયકારોનો આભારી છું.

આ અધ્યયનનાં તારણો અને વિશ્લેષણમાં મને મારા સાથી કાર્યકરો અને મિત્રો સર્વ શ્રી ચંપક ચૌધરી, રમેશ પટેલ, શંકરભાઈ પટેલ, ગુલાબભાઈ પટેલ, ચંદ્રકાન્ત પટેલ, સાયમન મેકવાન, સોમભાઈ પટેલ તથા શ્રીમતી કમળાબહેન પટેલના અનેક સ્વરૂપે મળેલા સહકારની સાભાર નોંધ લઉં છું.

મુખપૃષ્ઠ સજાવટ માટે શ્રી હકુભાઈ શાહ તેમજ શ્રી ગણપત પંડયાનો આભારી છું.

આ સંગ્રહની પ્રેરણા આપવા માટે કેન્દ્રના નિયામક ડૉ. ઠાકોરભાઈ નાયક તેમજ તેને આવકાર આપવા બદલ ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક શ્રી રામલાલ પરીખનો પણ આભારી છું.

— સંપાદક

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| * આવકાર | શ્રી રામલાલ પરીખ | ૧ |
| * સંપાદકના બે બોલ | સંપાદક | ૨ |
| * અનુક્રમણિકા | | ૪ |
| * ધોડિયા જાતિમાં ગવાતાં લગ્નગીતો | સંપાદક | ૫ |
| * નોંધ-નિર્દેશ સૂચિ | | ૧૮ |
| * સંદર્ભ સૂચિ | | ૩૧ |
| * સંચયકાર | | |
| શ્રી મંછારામ પટેલ | | ૧ |
| શ્રી ડાહ્યાભાઈ પટેલ | | ૩૭ |
| શ્રી યશોદાબહેન છાયલાભાઈ ગરાસિયા | | ૪૩ |
| શ્રી મનુભાઈ નાથુભાઈ પટેલ | | ૪૪ |
| શ્રી ગોપાળભાઈ ભગાભાઈ ભાટ | | ૪૬ |
| શ્રી શંકરલાલ બુધિયાભાઈ પટેલ | | ૪૯ |
| શ્રી બાલુભાઈ મગનભાઈ પટેલ | | ૫૫ |
| શ્રી ઉષાબહેન છોટુભાઈ પટેલ | | ૫૬ |
| શ્રી રેવાબહેન નીછાભાઈ ગરાસિયા | | ૫૯ |
| શ્રી પ્રેમીલાબહેન જીવણજી પટેલ | | ૬૦ |
| શ્રી નીરાબહેન આયતાભાઈ ઠાકોર | | ૬૨ |
| શ્રી અરુણાબહેન મકનજીભાઈ પટેલ | | ૬૩ |
| શ્રી ચંપાબહેન પરભુભાઈ પટેલ | | ૬૮ |
| શ્રી સાવિત્રીબહેન નરસિંહભાઈ ઠાકોર | | ૭૦ |
| શ્રી જશાભાઈ મોરારભાઈ પટેલ | | ૭૨ |
| શ્રી લક્ષ્મીબહેન છગનભાઈ પટેલ | | ૭૩ |
| ડૉ. સિદ્ધરાજ સુરજીભાઈ સોલંકી | | ૯૨ |
| શ્રી રમાબહેન અર્જુનભાઈ ચૌધરી | | ૧૨૮ |
| શ્રી કંચનબહેન બાબુભાઈ પટેલ | | ૧૩૬ |
| શુદ્ધિ પત્રક | | ૧૫૩ |




# ધોડિયા જાતિમાં ગવાતાં લગ્નગીતો

## (૧)

ધોડિયા ગુજરાતની એક અગ્રગણ્ય આદિવાસી જાતિ છે. ૧૯૭૧ની વસ્તીગણતરી પ્રમાણે તેની કુલ વસ્તી ૩,૫૮,૭૭૩ છે. તેની વસ્તી મુખ્યત્વે વલસાડ અને સુરત જિલ્લાના ઉમરગામ, પારડી, વલસાડ, ધરમપુર, વાંસદા, ચીખલી અને વ્યારા તાલુકાઓમાં જોવા મળે છે. ધોડિયા આદિવાસી જાતિ ધોડિયા યા ધોડિયા ભાષાના નામે ઓળખાતી ભાષા બોલે છે. આ ભાષાના એક માહિતીદર્શકના જણાવ્યા પ્રમાણે 'ધોડિયા ભાષામાં સુરત બાજુની મહુવા તરફની ધોડિયા બોલી ધરમપુર તરફની ધોડિયા બોલી કરતાં જુદી પડે છે. પારડી ઉમરગામની ધોડિયા બોલી એક જ છે અને તે ઉપરના બન્ને વિસ્તારો કરતાં જુદી પડે છે.'

ધોડિયા જેમાં શિક્ષણનો સૌથી વધુ પ્રસાર થયો હોય એવી આદિવાસી જાતિ છે. ૧૯૭૧ની વસ્તીગણતરી પ્રમાણે આ જાતિમાં ૩૧.૧૯ ટકા સાક્ષરતાનું પ્રમાણ જોવા મળે છે. શિક્ષણના પ્રચાર-પ્રસારની સાથે આ જાતિની ભાષામાં ગુજરાતીકરણની ઠીક ઠીક પ્રમાણમાં અસર થયેલી જોવા મળે છે. આદિવાસી લોકસાહિત્યમાં પણ આ અસર પ્રતિબિંબિત થાય છે અને કેન્દ્રનાં અગાઉનાં બેએક સંશોધનોનું તારણ છે તે પ્રમાણે આદિવાસી લોકસાહિત્યમાં પણ આદિવાસી લોકગીતોમાં સૌથી વધારે ગુજરાતીકરણની અસર વરતાતી જોવા મળે છે. (ડૉ. સિદ્ધરાજ સોલંકી : ૧૯૭૭, ૯; ડૉ. ઠા.ભા. નાયક : ૧૯૭૮, ૧)

## (૨)

ધોડિયા જીવનચક્રમાં લગ્ન એ એક અત્યંત મહત્ત્વનો પ્રસંગ ગણાય છે. અને તેમાં અનેકવિધ વિધિઓને ગીત-ગુંફિત કરવામાં આવી છે.

ધોડિયાઓ જુદાં જુદાં લગભગ પોણા બસોથી ઉપર (શ્રી મોહનભાઈ દળવા : ૧૯૭૬; ડૉ. સિદ્ધરાજ સોલંકી ૧૯૮૪) કુળોમાં વહેંચાયેલા છે. તેઓમાં કુળબહિર્લગ્ન પ્રથા પ્રવર્તે છે. તેથી એક જ કુળમાં લગ્ન થઈ શકતાં નથી. તેઓમાં ગ્રામબહિર્લગ્ન પ્રથા નથી.

સામાન્ય રીતે ધોડિયાઓમાં પુખ્ત વયે લગ્ન થાય છે. ધોડિયા ધોરણ અનુસાર છોકરાની અઢારેક વર્ષની અને છોકરીની સોળેક વર્ષની વય 'પુખ્ત વય' યા 'લગ્ન લાયક વય' લેખાય છે. શિક્ષણના પ્રચાર-પ્રસારની સાથે લગ્નવયમાં પણ વધારો થયો છે.

મારા માહિતીદર્શકના જણાવ્યા પ્રમાણે કેટલેક સ્થળે ધોડિયાઓમાં પહેલાં માબાપની સંમતિનાં લગ્ન વિશેષ થતાં અને તેમાં છોકરા છોકરીની સંમતિ લેવાતી નહોતી. હવે સામાન્ય રીતે પુખ્ત વયે લગ્ન થતાં હોવાથી વર કન્યાની સંમતિ લેવાય છે. આ કામ ઘણાખરા કિસ્સાઓમાં 'વહટાળિયો' કરતો હોય છે. 'વહટાળિયો' એ વર અને કન્યા પક્ષ

વચ્ચેનો મધ્યસ્થી હોય છે અને તે ઘોડિયા જાતિનો જ હોવો જોઈએ તેવું નથી. ઘોડિયા સમાજના નજીકના સામાજિક સ્તરવાળી અન્ય કોઈક આદિવાસી જાતિનો યા હિન્દુ જાતિનો પણ તે હોઈ શકે. સામાન્ય રીતે તે સ્ત્રી કે પુરુષ ગમે તે હોઈ શકે. મોટેભાગે તે આધેડ વય યા તેથી ઉપરની વયનો હોય છે. અલબત્ત તેમાં કેટલીકવાર અપવાદ જોવા મળે છે ખરા.

સામાન્ય રીતે ઘોડિયા ધોરણ અનુસાર દીકરો પુખ્ત વયનો થવા આવતાં તેનો પિતા પોતાના દીકરાને માટે યોગ્ય કન્યાની ભાળ મેળવવા માટે દીકરાના બનેવી, કાકા, મામા, યા ફળિયાના કે ગામના આગેવાનને કહે. આ રીતે કન્યા શોધનાર અને તેની સગાઈનો પ્રસ્તાવ મૂકનાર 'વહટાળિયો' ગણાય. જો આ સગાઈના પ્રસ્તાવ પર વિચારણા કરવાની કન્યા પક્ષ તૈયારી બતાવે તો વહટાળિયો છોકરો લઈને છોકરીને ત્યાં 'જોવા જાય'. આ રીતે કન્યા જોવા માટે ત્રણ, પાંચ, વગેરે એકી સંખ્યામાં ન જાય પણ બેકી સંખ્યામાં જાય, મતલબ કે બે જણ જઈ શકે, ચાર, છ, આઠ જણ સુધી જઈ શકે. સામાન્ય રીતે ચોથ, છઠ, નોમ અને ચૌદશ આ તિથિએ જતા નથી.[1] તે જ રીતે સામાન્ય રીતે મંગળવારે પણ ન જાય. તે સિવાયના બાકીના કોઈ પણ દિવસે જાય.

કન્યાને ત્યાં નક્કી કરેલ દિવસે જાય એટલે તેમને આવકાર અપાય. તેઓ બેસે એટલે કન્યા પાણી લઈને આવે. વર એ લોટામાં પૈસા નાખે અને પાણી લે અને તેનાથી મોં ધુએ. ત્યાર બાદ બીજા પણ પાણી લઈ લોટામાં પૈસા નાખી મોં ધુએ અને પાણી પીએ. ત્યાર બાદ વરને એક બાજુ લઈ જઈને વહટાળિયો પૂછે કે તેને કન્યા ગમે છે કે કેમ? જો વર હા પાડે તો વહટાળિયો ઘરમાં જઈને કન્યાને "વર ગમે છે કે કેમ" તે પૂછીને જાણી લે. જો કન્યા હા પાડે તો ત્યાર બાદ કન્યા ચા લાવીને પાય. જો વર ઘરે જઈને પોતાની સંમતિની જાણ કરવાનું કહે તોપણ કન્યા ચા પાય. આ વિધિ હમણાં થાય છે. પહેલાંના વખતમાં આ વિધિ નહોતી.

વરકન્યાની સંમતિની જાણકારી મેળવ્યા બાદ વહટાળિયો, વર કન્યાના પિતા, માતા બન્નેને મળીને 'માગણીનો દિવસ' નક્કી કરે. સામાન્ય રીતે આ દિવસ નક્કી કરવામાં પણ આગળ નિર્દેશિત વાર, તિથિ વગેરે અંગેના બધા નિયમો સચવાય. નિયત દિવસે વરના મામા, કાકા, ભાઈ, ભાભી, ફળિયાના પડોશી અને ગ્રામજનો બધાં મળીને લગભગ પંદરથી વીસ જણાં 'કન્યાની માગણી માટે' જાય, માગણી માટે નિયત દિવસે દિવસના ગમે તે ભાગમાં જઈ શકાય. માત્ર સવારે કે સાંજના જ જવું જોઈએ તેવું નથી.

કન્યાને ત્યાં પહોંચે એટલે તેમને હાથ પગ ધોવા પાણી આપવામાં આવે, જે લઈને દરેક જણ હાથ પગ ધુએ અને ત્યાર બાદ સૌ ખાટલા પર બેસે. ત્યાર બાદ એક સ્વચ્છ લોટાથી કન્યા દરેકને પાણી આપે. આ પાણી લેતી વખતે માગણીમાં આવેલ દરેક વ્યક્તિ પાણીના લોટામાં પાંચ, દશ, વીસ, પચીસ અથવા પચાસ પૈસાનો સિક્કો નાખે અને ત્યાર બાદ જ પાણી લે અને પીએ. ત્યાર બાદ ચા પીએ. કેટલાક સારી સ્થિતિવાળા જમાડે પણ ખરા. સામાન્ય રીતે જમણમાં રોટલા, શાક હોય. પછી છોકરાને ફૂલહાર કરવાનો દિવસ બંને પક્ષને અનુકૂળ હોય તે રીતે નક્કી કરે.



મારા માહિતીદર્શકના જણાવ્યા પ્રમાણે આ રીતે ફૂલહાર કરવાનો દિવસ નક્કી થયા પછી વરને ઘોડિયા ભાષામાં 'નવરો' કહેવાય. અને કન્યા 'નવરી' ગણાય. તેથી હવે પછીની ચર્ચામાં આપણે પણ તેમનો ક્રમશઃ 'નવરા' 'નવરી' તરીકે જ નિર્દેશ કરીશું.

ફૂલહાર કરવાની વિધિ પહેલાના જમાનામાં અત્યાર કરતાં થોડી જુદી હતી.

પહેલાંના જમાનામાં વર પક્ષના કન્યાને ત્યાં જઈને કન્યાને જોઈ આવે અને દારૂ, મરઘાં અને રોટલા સાથે ખાણીપીણી જમણ કરી આવે અને તે વખતે છોકરા-છોકરીની સગાઈનું નક્કી કરે તેને 'સગાઈ કરી' એમ કહેવામાં આવતું.

નવરા પક્ષનાં નવરીના ઘરે આવે અને ગીતો ગાય અને લગ્નની તિથિ બન્ને પક્ષની અનુકૂળતા અનુસાર નક્કી કરે અને તે વખતે ગીતો ગવાતાં. તે લગ્ન ગોઠવતી વેળાનાં ગીતો[2] તરીકે ઓળખાતાં.

જ્યારે ફૂલહારની અત્યારની વિધિ નીચે મુજબ છે. નક્કી કરેલા દિવસે નવરી પક્ષનાં નવરાને ફૂલહાર કરવા જાય. તે વખતે હાથ-પગ ધોઈને બેસે. ચા-પાણી પીએ. પછી એક ખંડમાં કે પરસાળમાં નવરાને ચાંદલો કરીને નવરાના હાથમાં નારિયેળ, સવા-પાંચ રૂપિયા નવરીનો ભાઈ યા બનેવી મૂકે અને ફૂલહાર કરાવે. આ ફૂલહાર સામાન્ય રીતે ફૂલોનો હોય છે. આ વિધિને 'ચાંલ્લો કરવાની વિધિ' તરીકે ઓળખવામાં આવે છે. એકાદ બે દિવસ પછી નક્કી કરેલા દિવસે નવરા પક્ષના નવરીને ઘરે પહોંચ્યા પછી હાથ-પગ ધોઈને ચા-પાણી કરે. ત્યાર બાદ નવરીને એક ખંડ યા પરસાળમાં પાટલા ઉપર ઊભા રાખી હાથમાં નારિયેળ આપે, ગળામાં ફૂલહાર કરે અને બંને પક્ષની સ્ત્રીઓ 'ગીતો[3] ગાય' તે વખતે કેટલેક સ્થળે 'ભાંડવણીનાં ગીતો'[4] પણ ગવાય. દહેજ નાખ્યા પછી પતિની પસંદગીનું ગીત[5] ગવાય છે. ત્યાર બાદ ગીતો ગાતાં સૌ નવરાના ઘરે પાછા ફરે છે.[6] દહેજ નાખીને પરત થયા પછી સાંજે[7] તેમ જ વહેલી સવારે[8] પણ વર અને કન્યાના ઘરે ગીતો ગવાય છે. દહેજ નંખાયા પછી બેત્રણ માસ પછી લગ્ન નક્કી થયેલું હોય તો દહેજ નંખાયા પછી સળંગ પાંચ દિવસ ગીતો ગવાય છે. પણ જો પંદરેક દિવસ પછી હોય તો લગભગ દરરોજ ગીતો ગવાય છે.

નવરા-નવરીના વડીલો મળીને બ્રાહ્મણ પાસે લગ્નની તિથિ નક્કી કરે. ત્યાર બાદ ઘોડિયાઓમાં હવે કંકોત્રી છપાય છે અને તે છપાયા પછી કંકોત્રીને લગતાં ગીતો[9] ગાય છે. કંકોત્રીનાં ગીતોની સાથે જ 'નોતરણનાં ગીતો'[10] ગવાય છે. પછી 'ભાત ભરડાવવા'[11] માટે લઈ જાય છે અને ઘરે સ્ત્રીઓ હળદરને લગતાં ગીતો ગાતાં ગાતાં[12] 'હળદર' વાટે છે.

અગાઉ હળદર અને ચોખા મિશ્ર કરવાની વિધિ સ્ત્રીઓ કરતી તેને 'ધાણ નાખવાની વિધિ'[13] તરીકે ઓળખવામાં આવતી. સગાં-સંબંધીઓને લગ્નમાં આમંત્રણ આપવાની નિશાની-રૂપે સગાંસંબંધીના બારણાની આગળ હળદર રંગેલા ચોખા મૂકવામાં આવતા. આવા ચોખા લઈને નવરા કે નવરીની બહેનના ઘરે તેમ જ ગામ કે ફળિયામાં સારા સંબંધો હોય તેવા દરેક ઘરે તેમ જ સગાંને ત્યાં સામાન્ય રીતે સૌભાગ્યવતી સ્ત્રીઓ જતી અને ચોખા મૂકતી. તે વખતે યજમાન ઘર તેમને દારૂ કે તાડી પાતું. હવે ચા પાવામાં આવે છે.

હળદર વટાઈ ગયા પછી બીજા દિવસે લગ્નમાં જમણ માટેના ચોખા ભરડીને લાવ્યા હોય તેને સાફ કરવા ગામમાંથી સ્ત્રીઓ આવે. તે વખતે ચોખા સાફ કરતી જાય અને ગીતો ગાતી[૧૪] જાય.

ત્યાર બાદ નવરો યા નવરીને ઘરના વડીલ અથવા પિતા કે મામા સૌથી પહેલાં એક વખત પીઠી ચોળે અને તે વખતે ગીતો [૧૫] ગાવામાં આવે. ત્યાર બાદ નવરા/નવરીને ઉઠાડવામાં આવે [૧૬] નવડાવવા માટે નવરા / નવરીની બહેન યા ભાભી લઈ જાય અને નવડાવે ત્યારે પણ ગીતો[૧૭] ગવાય. નવડાવ્યા પછી નવરા/નવરીને પિતા કે વડીલ વ્યક્તિએ ઘરની પરસાળમાં જ્યાં પીઠી લગાવી હોય ત્યાં લાવવામાં આવે અને વરની ભાભી યા બહેન ફરીને પીઠી ચોળે અને તે વખતે પણ ગીતો[૧૮] ગવાય. આ રીતે નવરા / નવરીને પહેલાંના જમાનામાં તેની ભાભી[૧૯] યા બહેન સાત યા પાંચ દિવસ પીઠી ચોળતી, જ્યારે અત્યારે ત્રણ યા પાંચ દિવસ પીઠી ચોળવામાં આવે છે. નવરા અને નવરીને આ પીઠી એક જ સમયે લગાડવામાં નથી આવતી પણ નવરાને જો સવારે ચોળવામાં આવે તો નવરીને તે સાંજે ચોળવામાં આવે છે. નવરાને હંમેશાં પીઠી પહેલાં ચોળાય છે. નવરાને ત્યાંથી જ પીઠી નવરીને ત્યાં જાય યા નવરાને ત્યાં જે પીઠી લગાવવાની હોય તેમાંથી નવરીને ત્યાં પીઠી જાય તેવું નથી પણ નવરીની પીઠી નવરીને ત્યાંથી જ મેળવી લેવાય છે. આવી પીઠી પહેલાંના જમાનામાં હળદર અને પાણીના મિશ્રણથી લગાવાતી, જ્યારે અત્યારે હળદરને તેલના મિશ્રણથી લગાવાય છે. આવી પીઠી અત્યારે જો પાંચ દિવસ લગાવવાની હોય તો માત્ર સવારે સામાન્ય રીતે અગિયારની આસપાસ લગાવાય છે. જો ત્રણ દિવસ લગાવવાની હોય તો સવારે લગભગ નવેકના સુમારે અને સાંજે લગભગ આઠેક વાગ્યા પછી લગાવાય છે.

બ્રાહ્મણે જે મંડપ માટે મુહૂર્ત કાઢી આપ્યું હોય તે મુજબ તેટલી થાંભલીનો[૨૦] મંડપ તૈયાર કરવામાં આવે છે. જો છ થાંભલીનો મંડપ હોય તો તેની પાંચ થાંભલી કોઈ પણ ઝાડની હોઈ શકે પણ એક થાંભલી જે પહેલાં ખાડો[૨૧] ખોદીને વિધિપૂર્વક બેસાડવામાં આવે તે સાગની હોવી જોઈએ. આ થાંભલીઓ રોપતી વખતે બે પરણેલા અને બે કુંવારા મળીને થાંભલી બેસાડવા માટે જે ખાડો ખોદયો હોય તેમાં સાત જાતના પીલા – 'દરાઈ' બોર, બાવળ વગેરે – દૂધ અને પાણી રેડીને તથા એક, બે, પાંચ કે દસ પૈસાનો સિક્કો નાખે અને ત્યાર બાદ થાંભલી બેસાડે. પછીથી પાંચ માંભલી કોઈ પણ બેસાડી શકે. જો ઘરની આસપાસ વૃક્ષો ન હોય તો છાંયા માટે આઠેક થાભલીનો મંડપ બંધાય, જ્યારે વૃક્ષનો છાંયો હોય તો છ થાંભલીનો પણ ચાલે. આ થાંભલી નંખાતી હોય અને મંડપ તૈયાર થતો હોય ત્યારે સ્ત્રીઓ ગીતો[૨૨] ગાય. મંડપ તૈયાર થયા પછી બ્રાહ્મણ[૨૩] ગ્રહશાંતિ[૨૪] માટે આવેલો હોય જેથી સ્ત્રીઓ ગીતો ગાતાં માટી[૨૫] લાવે. પાણી લઈ આવે અને બ્રાહ્મણ[૨૬] ચોરી તૈયાર કરે ત્યારે ગીતો[૨૭] ગવાય અને ત્યાર બાદ ચોરી પર હોમ કરવામાં આવે. તેમાં એક નારિયેળ અને સાત જાતનાં નાનાં નાનાં દાતણ અને ઘી તેમ જ છાણાં નાખે છે. આ વિધિ નવરી યા નવરાનાં માબાપે[૨૮] કરવાની હોય છે. જો નવરીનાં માબાપ ન હોય તો તેનાં મોટાં ભાઈ-ભાભી બેસે છે. આમાં નવરા યા નવરીના બાપ યા મોટા ભાઈ આ વિધિ કરતા હોય ત્યારે અનુક્રમે મા યા ભાભીએ તેમના પતિના



હાથ યા પગને હાથથી સ્પર્શ કરી રાખવાનો હોય છે. આ વખતે ચોરી ને લગતાં ગીતો[૨૯] ગવાય છે. ત્યાર બાદ આખો દિવસ મંડપને લગતાં ગીતો[૩૦] ગવાય છે.

ઘણાખરા સગાંસંબંધીઓ મંડપના દિવસે વરને ત્યાં આવી જાય છે. તેથી સગાંવહાલાંની રસોઈ પણ સાંજે થાય છે.

ઊડા એ ચોખાના લોટમાંથી બનતી એક વાનગી છે. આ વાનગીમાં ચોખાના લોટમાં ગોળનું પાણી નાખીને, મસળીને પછી ગોળ લાડુ બનાવવામાં આવે, અને તેને માટીના માટલામાં નીચે પાણી રહે અને તેના પર ખજૂરીનાં છટિયાં રહે તે રીતે મૂકીને ચૂલો સળગાવી ચઢાવવામાં આવે છે. આ "ઊડાની વાનગી"ના ગોળ લાડુ બનાવતી વખતે ઊડાને લગતાં ગીતો[૩૧] પહેલાં ગાવામાં આવતાં. હવે આ વાનગી બનાવાતી નથી.

ગામમાંથી હરિજન, ભંગી યા નાયકા આંબાના ડાળખા વડે પાનની તોરણ તૈયાર કરીને લઈ આવી તે મંડપ આગળ મૂકે છે. અહીં આ તોરણને નવરા/નવરીની બહેન યા ભાભી (જે રીત કરતી હોય તે) ચોખાથી વધાવે છે અને કેટલેક સ્થળે તોરણને નચાવે પણ છે. આમાં ચોખા બે હાથથી તોરણ પર નાખે અને જમીન ઉપર નીચા નમીને પગે પડી ચોખા નાખીને વધાવે છે. અને ત્યાર બાદ તે તોરણને મંડપના આગળના ભાગમાં જ્યાં નવરા/નવરીને નવડાવતાં હોય ત્યાં મંડપના સામેના ભાગમાં બે વાંસ રોપીને બાંધવામાં આવે છે. તે વખતે સ્ત્રીઓ મંડપને આંબાનાં પાંદડાં બાંધી શણગારે છે અને તેને લગતાં ગીતો[૩૨] ગવાય છે. ત્યાર બાદ બધાં જ સગાંસંબંધી તેમ જ ફળિયાની વ્યક્તિઓને જમવા બેસાડવામાં આવે છે.

મામા મામેરું લાવે છે ત્યારે સ્ત્રીઓ ગીતો[૩૩] ગાતી ગાતી આવે છે તે વખતે નવરા/નવરીનાં અન્ય સગાંસંબંધીઓ ગીતો ગાતાં[૩૪] ગાંતાં સામે લેવા માટે જાય છે. જ્યાં સામે લેવા માટે જાય ત્યાં મામેરામાં જેટલી સંખ્યા આવી હોય તેને ચા યા દારૂ પાય અને ગીતો ગાતાં ગાતાં મંડપ સુધી લઈ આવે છે. ત્યાં જે નવરાને પીઠી લગાવતી હોય તે, અર્થાત્ જે 'રીત કરતી હોય'તે અથવા નવરા/નવરીની મા, મામા મામી બન્નેના પગ પહેલાં પાણીથી ધુએ છે. પછી દૂધથી ધુએ છે. આ વિધિમાં પહેલાં તે સાથે આવેલી બીજી બહેનો પાસેથી ખોબા ભરીને પાણી લે અને એને પગ પર રેડે અને તેનાથી પગ ધુએ અને તે રીતે જ દૂધથી ધોવામાં આવે અને ત્યાર બાદ ચાંલ્લો કરવામાં આવે. આ વિધિ પહેલાં મામાને થાય અને ત્યાર બાદ મામીને. ત્યાર બાદ નવરો/નવરી મામાને ચાંલ્લો કરે. અને પછી જે રીત કરતી હોય તે કપડાં લે અને પછી આ કપડાંને એક ટોપલામાં મૂકી એક કુમારિકા–અને 'રીત કરનાર' બંને નાચે. 'તે વખતે તૂર વગાડવામાં' આવે છે પહેલાં 'રીત કરનારના' માથે ટોપલો હોય અને કુમારિકાના માથે દીવા, ચોખા, કંકુની થાળી હોય અને ત્યાર બાદ આ અદલાબદલી કરવામાં આવે અને ફરીને નાચવામાં આવે. આવી રીતે ચાર વાર કરવામાં આવે. આ નૃત્ય મહદ્અંશે વર્તુળાકાર જ હોય છે અને નાચવામાં પગ અમુક જ ખાસ તાલમાં પડે. ત્યાર બાદ આ વસ્ત્રો ઘરમાં મૂકવામાં આવે. પહેલાં ચોખાની જગ્યાએ ઊંડા રાખવામાં આવતા અને તેને નચાવવામાં આવતા અને તે વખતે ગીતો ગવાતાં.

ત્યાર બાદ નવરા/નવરીનો બનેવી પીઠી લગાડત હોય ત્યાંથી બહાર લાવે અને પોતાની ખાંધ પર બેસાડીને નચાવે. ત્યાર બાદ

બીજા બનેવીઓ તેમ જ મિત્રો પણ નચાવે, અને તે વખતે તુર અને થાળી વગાડવામાં આવે અત્યારે કેટલેક સ્થળે બેન્ડ વાજાં પણ પ્રવેશી ચૂક્યાં છે.

ત્યાર બાદ સ્ત્રીઓ અને પુરુષો ખાસ કરીને જુવાનિયા નાચતા જઈને ઉનાઈ માતાનું ગીત[૩૫] ગાય છે. જ્યારે કેટલાક ઝરીયાં[૩૬] ગાય છે. આ સંચયમાં આમાંનાં કેટલાંક ગીતોનો લગ્ન અને હોળીના તહેવાર પર[૩૭] યા લગ્ન વખતે નાચવા માટે ગવાતાં ગીતો[૩૮] તરીકે પણ નિર્દેશ કરવામાં આવ્યો છે આવાં ગીતો ગાયા પછી અને નાચ્યા પછી મોડી રાતે સૌ સૂઈ જાય છે. પણ તેના પહેલાં જો નવરા/નવરીનો બનેવી યા નજીકનાં સગાં જો સૂઈ ગયાં હોય તો એમને અનુલક્ષીને ઊંઘ ઉડાડવાનાં ગીતો[૩૯] ગવાય છે.

બીજા દિવસે સવારે સ્ત્રીઓ વહેલી ઊઠે છે અને પરોઢિયાનાં ગીતો[૪૦] ગાય છે. ત્યાર બાદ સામાન્ય રીતે દિવસ ચઢે ત્યારે ગરમ પાણીથી નવરાને નવડાવવામાં આવે છે. તે વખતે પણ ગીતો ગવાય છે જેને પીઠી ધોતાં ગવાતાં ગીતો[૪૧] કહેવાય છે. ત્યાર બાદ જો રસોઈ તૈયાર થઈ હોય તો સૌ જમી લે છે. અને નવરાને કપડાં પહેરાવીને તૈયાર કરવામાં આવે છે. પહેલાંના જમાનામાં ધોતી ખમીસ અને ફેંટો બાંધવામાં આવતો, જ્યારે આજે પેન્ટ, બુશકોટ અને ટોપી પહેરાવવામાં આવે છે. તે વખતે પોશાક અંગેનું ગીત[૪૨] ગવાય છે. તે વખતે નવરાના ગળામાં હાર પહેરાવવામાં આવે અને હાથમાં નાળિયેર આપવામાં આવે. ત્યાર બાદ નવરો પરસાળમાં તેનાં મા-બાપને પગે પડવા માટે જાય છે. તેમને પગે પડ્યા પછી જો વરઘોડો કાઢવાનો હોય તો તેને ઘોડા પર બેસાડવામાં આવે છે તે વખતે વરઘોડાનાં ગીતો[૪૩] ગવાય. અહીં પણ કેટલીક વાર બહુ વિશિષ્ટ આદાન-પ્રદાન થતું રહે છે. વરઘોડા માટેના ઘોડા-ના ભાડાના પૈસા સામાન્ય રીતે નવરાના મિત્રો આપતા હોય છે. કોઈક વાર પિતા પણ લહાવા યા શોખ તરીકે આ ખર્ચ ઉપાડતો હોય છે. નવરાને ઘોડા પર બેસાડીને ગામમાં ફળિયાના છેડા સુધી લઈ જવામાં આવે છે. ત્યારે બાકીના બધા ચાલતા જાય છે. સ્ત્રીઓ ગીતો ગાતી જાય છે. ગામમાં ફળિયાને ગોંદરે નવરાને એને માટે ખાસ તૈયાર કરવામાં આવેલા બળદગાડામાં બેસાડવામાં આવે છે. તેની સાથે જે સ્ત્રીઓ બેસે છે તે તેમ જ બીજી સ્ત્રીઓ ગીતો ગાય છે. બીજા ગાડામાં મુખ્યત્વે સ્ત્રીઓ, બાળકો તેમ જ વડીલો બેસે છે. જુવાનિયા ચાલતા અગર સાઇકલ પર યા હવે તો જાનમાં સૌ સાથે બસમાં યા ટ્રક-ટ્રેક્ટરમાં પણ જાય છે. તે વખતે સ્ત્રીઓનાં ગીતોની[૪૪] રમઝટ જામતી હોય છે.

જાન જાય ત્યારે રસ્તે જો નદી આવે તો તેને લગતાં ગીતો[૪૫] ગવાય છે. નવરીના ઘરની નજીક જાન પહોંચે ત્યારે તેને લગતાં ખાસ ગીતો[૪૬] ગાવામાં આવે છે. જાન આવે ત્યારે નવરી પક્ષની સ્ત્રીઓ પણ ગીતો[૪૭] ગાય છે.

પહેલાં નવરીની જાન જતી ત્યારે નવરાને ત્યાં પહોંચતી વખતે ગવાતાં કેટલાંક ગીતો[૪૮] મળ્યાં છે. તેનો પણ આ સંચયમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

નવરાને ઉતારો આપવામાં આવે ત્યારે નવરા પક્ષની સ્ત્રીઓ ફરિયાદ ગીત[૪૯] ગાય અને તે વખતે નવરી પક્ષની આગતાસ્વાગતાના દોષ નિર્દેશ કરતાં ગીતો નવરા પક્ષની સ્ત્રીઓ ગાય. નવરી પક્ષની સ્ત્રીઓ પણ પ્રત્યુત્તરદર્શક ગીતો[૫૦] ગાય. ત્યાર બાદ નવરા પક્ષની સ્ત્રીઓ પોતે સાથે લાવેલાં નવરી માટેનાં કપડાં અને ઘરેણાંનાં ગુણદર્શન કરાવતાં અતિશયોક્તિસભર ગીતો[૫૧] ગાતાં નવરીને ત્યાં જાય અને ત્યાં નવરી પક્ષને નવરીએ લગ્ન વિધિ વખતે પહેરવાનાં કપડાં ઘરેણાં આપે અને તે વખતે નવરીને જલદી તૈયાર કરવા માટેનાં ગીતો નવરા પક્ષની સ્ત્રીઓ ગાય. જ્યારે નવરી પક્ષની સ્ત્રીઓ કપડાં કે ઘરેણાં અંગેના દોષ નિર્દેશ કરતાં ગીતો[૫૨] ગાય છે.



હવે નવરી પક્ષની સ્ત્રીઓ નવરાને ઉતારે લેવા માટે જાય તે વખતે 'રીત કરનાર' નવરાને કલગી આપે અને હાર પહેરાવે તે વખતે ગીતો ગાય છે. ત્યાંથી નવરાને નવરીના ઘરે લઈ આવે તે વખતે નવરીના મંડપની પાસે જ્યાં વાંસ અને તોરણ બાંધી નવરીને પ્રથમ પીઠીવાળું સ્નાન કરાવ્યું હોય ત્યાંથી નવરાને પસાર કરવામાં આવે છે. ત્યાં બે કુમારિકાઓ પાણી ભરેલાં પાત્રો (તામડો અને લોટો) માથે મૂકીને તોરણની બન્ને બાજુ ઊભેલી હોય છે, તે પાત્રમાં પૈસા નાખીને પછી નવરો મંડપના તોરણ સુધી આવે છે ત્યાં આ બંને બાલિકાઓ ફરીને આવી જાય છે અને તે વખતે બંને પક્ષની સ્ત્રીઓ બેઠકિયાં[૫૩] ગાય છે. ભાંડવણીનાં કેટલાંક ગીતો[૫૪] પણ અહીં ગવાતાં હોય છે.

ત્યાર બાદ બ્રાહ્મણ પગના તળિયાથી માથા સુધીના ચાર સૂતરના આંટા મારીને સૂતર લઈ લે છે. પછી નવરાને મંડપમાં પાટલા પર યા હવે બાંકડા પર બેસાડવામાં આવે છે. અને એ વખતે 'મંડપમાં જાન આવે ત્યારે' ગવાતાં ગીતો[૫૫] ગવાય છે. ત્યાર બાદ નવરીને તેના મામા મંડપમાં લઈ આવે છે અને સામેના પાટલે કે બાંકડા પર તેને બેસાડે છે. બાંકડા પર તેની સખીઓ સાથે બેસી શકે તે માટે બેસાડવામાં આવે છે. ત્યાર બાદ નવરા નવરીનો હસ્તમેળાપ કરાવવામાં આવે છે. નવરો જ્યારે મંડપમાં આવે ત્યારે સૂતરનો દોરો તૈયાર કરવામાં આવ્યો હોય તે નવરા અને નવરીના ગળામાં પહેરાવવામાં આવે છે. નવરા/નવરીની સામે ધોતી રાખી તેમના જમણા હાથમાં પાન મૂકવામાં આવે છે. આ વખતે વાજિંત્રો તેમ જ ગીતો બંધ કરાવવામાં આવે છે. બ્રાહ્મણ એની લગ્નની વિધિ પ્રમાણે શ્લોક બોલે છે. શ્લોકો પૂરા થતાં તે 'લગ્ન થયાં' એમ જાહેર કરે છે અને વાજિંત્રો વગાડવા કહે છે. સ્ત્રીઓ ગીતોની[૫૬] શરૂઆત કરી દે છે. નવરો-નવરી પરસ્પર હાર પહેરાવે છે. જુવાનિયાઓ આ બન્નેમાંથી હાર કોણ પહેલાં પહેરાવે તે જોવા-જાણવા ઉત્સુક હોય છે. ત્યાર બાદ 'નવરાની રીતવાળી' નવરીને 'કાળીગાંઠી' અથવા 'મંગળસૂત્ર' બાંધે છે ત્યારે તેને લગતાં ગીતો[૫૭] ગવાય છે. બ્રાહ્મણ તે વખતે છાણાં નાખીને ચોરી પાસે અગ્નિ સળગાવે છે. મંગળફેરા ચાલુ થતાં તેનાં ગીતો[૫૮] ગવાય છે. આ વિધિમાં પહેલાં નવરો બે આંટા આગળ ફરે, પછી નવરી બે આંટા આગળ ફરે. પછી નવરાની બાજુમાં નવરીને બેસાડાય અને તે વખતે ભાંડવણીનાં ગીતો પણ ચાલુ કરી દેવામાં આવે છે; જે આ સંચયમાં 'જાનના દિવસે ભાંડવણીના'[૫૯] નામે નોંધાયાં છે. નવરી પક્ષના સગા સંબંધીઓ યા તેમની બહેનપણી નવરીને પોતાની ઇચ્છા મુજબની વસ્તુઓ ભેટ આપે છે. દા. ત. પેટી, સૂટકેશ, બેડું, થાળી, વાડકો, ગ્લાસ વગેરે. તે વખતે કન્યા માયરામાં હોય ત્યારે કન્યાદાનને લગતાં ગીતો[૬૦] ગવાય છે.

ત્યાર બાદ જાનમાં આવેલા બધા જ જાનૈયાઓને જમાડવામાં આવે છે. પહેલાં પુરુષોને જમાડવામાં આવે પછી સ્ત્રીઓને. સ્ત્રીઓ ભોજન કરતી વખતે 'બાજ'ને લગતું ગીત[૬૧]

ગાય છે. આ દરમ્યાન નવરાને અને તેના સાથીઓને જમવા લઈ જાય છે ત્યાં નવરા પક્ષના એક ઉપવાસી અને નવરી પક્ષના એક ઉપવાસી પાંદડામાં ચા લઈ અરસપરસના પાંદડામાં રેડે. ત્યાર બાદ નવરો અને તેની સાસુ પણ પાંદડામાં ચા લઈને અરસપરસ રેડે, પછી ધરતીમાતાને અર્ધ્ય અપાયાના પ્રતીકરૂપે ચા નીચે નાખે. પછી બીજી ચા તેમને આપવામાં આવે તે પીએ છે. પહેલાં આ વિધિને બદલે 'કલવો ખવડાવવાની' વિધિ કરવામાં આવતી અને તેને લગતાં ગીતો[૬૨] ગવાતાં.

ત્યાર બાદ નવરા–નવરીને ઊભા રાખી નવરી પક્ષનાં સગાં-સંબંધી નવરાને અને નવરીને ચાંલ્લો કરીને ચાંલ્લા પેટે અગરતો ચાંલ્લો નોંધાવ્યા વગર પૈસા આપે છે અને ત્યાર બાદ તેઓ જવાની તૈયારી કરે છે.

નવરીની વિદાયની તૈયારી થતાં તેને લગતાં ગીતો[૬૩] ગવાય છે.

નવરીને ત્યાંથી, નવરીને લઈને જાન વિદાય થાય ત્યારે નવરીની સાથે ચાર, પાંચ સ્ત્રીઓ હોય છે. જેમાં એકાદ બે સખીઓ યા બહેનો હોય અને એકાદ વડીલ સ્ત્રી પણ હોય.

નવરાના ઘરે પહોંચે ત્યાં સુધી રસ્તે ગીતો[૬૪] ગાતાં જાય છે અને ત્યાં જઈને પણ સાંજે ગીતો ગાય છે.

લગ્નના બીજા દિવસે સવારમાં પરોઢિયાનાં ગીતો[૬૫] ગાય છે. દિવસ ઊગ્યા પછી સવારે નવરી પાસે પાણી ભરાવાય છે ત્યારે ગીતો[૬૬] ગવાય છે. ત્યારબાદ નવરો/નવરી ઘરની અંદર ગોત્રજને પગે પડવા માટે જાય છે ત્યારે તેને લગતાં ગીતો[૬૭] ગવાય છે. ત્યાર બાદ એમની જમીનમાં બીજા દેવો હોય તેને પગે પડવા માટે જાય છે. ત્યારે તે દેવને લગતાં ગીતો[૬૮] ગવાય છે. ત્યાંથી ભવાની માતાના મંદિરે જાય છે ત્યારે તેને લગતાં ગીતો[૬૯] ગવાય છે.

જમ્યા બાદ નવરી અને તેની સાથેની સ્ત્રીઓ જે રસ્તે તેમને નવરી પક્ષના સંબંધીઓ લેવા માટે આવનાર હોય તે તરફ સામે જઈને આરામ કરે છે. તેઓ આવે એટલે નવરી ગાડામાં બેસીને ફરીને નવરાને ત્યાં આવે છે અને ત્યારે બંને પક્ષની સ્ત્રીઓ આણાનું ગીત[૭૦] ગાય છે.[૭૧]

આણાંવાળાને પગ ધોવડાવાય, બેસાડવામાં આવે, ત્યાર બાદ બધાને ચા પાવામાં આવે, પછી જમાડવામાં આવે. જમ્યા બાદ વિદાય થાય તે પહેલાં નવરી એના સસરાને પગે પડે અને ત્યાર બાદ નવરી નવરો બાજુ બાજુમાં ઊભા રહે અને નવરા પક્ષનાં સગાં-સંબંધીઓ ચાંલ્લો કરે. તે વખતે બાકી રહેલાં સગાં પણ ચાંલ્લો કરે. પછી વિદાય કરવામાં આવે ત્યારે ગીતો[૭૨] ગવાય. નવરી પાછી પિયર આવે ત્યારે રસ્તે ગવાતાં ગીતો[૭૩] પણ નોંધાયાં છે.

(૩)

પ્રસ્તુત લગ્ન ગીત સંચયમાંથી નીકળતાં કેટલાંક તારણોનો હવે સંક્ષેપમાં નિર્દેશ કરીશું.

સૌથી પહેલાં ભાષા સાથે સંબંધિત કેટલાંક તારણો જોઈશું.

ધોડિયા લગ્નોમાં ગવાતાં આ ગીતોના સંચયમાં અનેકવિધ બાબતોનાં પ્રતિબિંબ ઝિલાતાં જોવા મળે છે. ભાષાની[૭૪] દૃષ્ટિએ જોઈએ તો પ્રસ્તુત ગીત સંચયમાં, વિશુદ્ધ ધોડિયા



ભાષાનાં,[૭૫] મહદ્‌અંશે ધોડિયા ભાષાનાં,[૭૬] મહદ્‌અંશે ગુજરાતી ભાષાનાં[૭૭] અને પૂર્ણ ગુજરાતી ભાષાનાં[૭૮] એવાં ચાર પ્રકારનાં ગીતોનાં ઉદાહરણો જોવા મળે છે. ટ્રાન્ઝિસ્ટર્સ જ્યારે આદિવાસી વિસ્તારમાં પણ પહોંચવા માંડ્યા છે ત્યારે તેની સાથે સ્વાભાવિક રીતે જ ગુજરાતી ઉપરાંત રાષ્ટ્રભાષા હિન્દીની અસર પણ કેટલીક વાર કોઈક આદિવાસી ગીતમાં ઝીલાઈ જતી હોય છે. આવાં ઉદાહરણ પણ પ્રસ્તુત ગીતસંચયમાં જોઈ શકાય છે.[૭૯] જો કે સમગ્ર ગીતસંચયમાં સંચયકારવાર ધોડિયા ભાષાની વ્યાપકતાની દૃષ્ટિએ જોઈએ તો શ્રી મંછારામ પટેલ સંચિત ગીતો જ સાચી ધોડિયા ભાષાનું પ્રતિનિધિત્વ કરે છે[૮૦] તે સિવાયના બાકીના લગભગ સર્વ સંચયકારોનાં મોટા ભાગનાં ગીતોમાં ધોડિયા ભાષાના કેટલાક શબ્દો જ છૂટક છૂટક દેખા દે છે. કેટલેક સ્થળે ભાષાના 'તાપી એ તતાવો પાણી કળશીએ ઓઝાવો પાણી'[૮૧] જેવા સુંદર તળપદા પ્રયોગો મળે છે.

પ્રસ્તુત સંચયમાં ધોડિયા ભાષામાંથી કાળક્રમે ગુજરાતી ભાષામાં રૂપાંતરિત થતાં ગીતોના[૮૨] નમૂના પણ મળ્યા છે. આમ ધોડિયા ભાષાનાં ગીતોમાં સંખ્યાબંધ ગુજરાતી શબ્દો સહજ રીતે વણાઈ જતા જોવા મળે છે.[૮૩] આવા શબ્દોમાં સુરતી[૮૪] ગુજરાતીના શબ્દો પણ ઠીક ઠીક માત્રામાં જોવા મળે છે. વળી તેથી ઊલટું ગુજરાતી ગીતોમાં ધોડિયા ભાષાના શબ્દો પણ ડોકિયાં કરતા જોઈ શકાય[૮૫] છે.

પ્રથમ પ્રશ્ન અને ત્યાર બાદ તેના પ્રત્યુત્તરને વણી લેતાં અનેક ગીતોનો સંચય પણ અહીં જોવા મળે છે.[૮૬] સામાન્ય રીતે તેમાં પુરોગામી પંક્તિમાં પ્રશ્ન અને અનુગામી પંક્તિમાં પ્રત્યુત્તરનો સુભગ સુમેળ સધાયેલો હોય છે;[૮૭] પણ કેટલેક સ્થળે એક જ પંક્તિમાં પ્રશ્ન પ્રત્યુત્તર બન્નેનો 'સહજ સમાવેશ' કરવાની સિદ્ધિ પણ હાંસલ થયેલી દેખાય છે.[૮૮] જો કે દરેક ગીતમાં પ્રત્યુત્તર હોય જ એવું પણ નથી.[૮૯]

ગીત પંક્તિના પ્રારંભમાં સમાન–શબ્દ[૯૦] યા શબ્દસમૂહ[૯૧] યા ઉત્તરાર્ધશબ્દ[૯૨] યા શબ્દસમૂહ[૯૩] યા પ્રારંભઅંત બન્નેમાં સમાનશબ્દ[૯૪] પ્રાસવાળાં ઉદાહરણો મળે છે. તે જ રીતે પ્રારંભના શબ્દોમાં, બબ્બે પંક્તિઓની જોડમાં પ્રાસ મેળવાયો હોય એવાં ઉદાહરણ[૯૫] પણ મળે છે. એક જ શબ્દથી શરૂ થતી લઘુપંક્તિઓ એક અદ્‌ભુત તાલ અને પંક્તિ દીઠ આગવું ચિત્ર ઊભું કરે છે.[૯૬] અન્ય રાગ અને તાલમાંથી એક ઉદાહરણ લઈને, તેને વાસ્તવિક વ્યક્તિઓ અને પ્રસંગ સાથે વણી લેવાની સહજ સૂઝનાં દર્શન કેટલાંક ગીતોમાં થાય છે.[૯૭] ગીત પંક્તિના પ્રારંભના યા અંતના શબ્દ[૯૮] યા શબ્દ સમૂહની[૯૯] પુનરુક્તિ પણ તેના કથનની રજૂઆતમાં ભાર આપવામાં અને તાલ સિદ્ધિમાં સહાયભૂત થાય છે. પૂર્વ પંક્તિના ઉત્તરાર્ધના શબ્દોનો યા વિષય વસ્તુનો અનુગામી પંક્તિના પૂર્વાર્ધ તરીકે ઉપયોગ કરીને કર્ણપ્રિય સુંદર તાલ અને લયની સળંગ એકસૂત્રી સાંકળનું નિર્માણ કરતાં ઉદાહરણો પણ આ સંચયમાં મળે છે.[૧૦૦]

માત્ર સમાન વિષયવસ્તુ અને સમાન રજૂઆતવાળાં અને બહુજ થોડા સ્વાભાવિક શબ્દફેરવાળાં ગીતોના કેટલાય નમૂના પ્રસ્તુત સંચયમાં વિવિધ સંચયકારોનાં ગીતોમાંથી મળે છે.[૧૦૧]

આવા નમૂના ત્રણ સ્વરૂપના મળે છે.

(૧) બન્ને ગીતો વિશુદ્ધ ઘોડિયા ભાષાનાં યા મહદંશે ઘોડિયા ભાષાનાં હોય તેવાં ગીતો.[૧૦૨]

(૨) એક વિશુદ્ધ ઘોડિયા ભાષાનું યા મહદંશે ઘોડિયા ભાષાનું અને અન્ય ગુજરાતી ભાષાનું યા મહદંશે ગુજરાતી ભાષાનું (સુરતી ગુજરાતી સહિત) હોય તેવાં ગીતો.[૧૦૩]

(૩) બન્ને ગીતો ગુજરાતી ભાષાનાં હોય યા એમાંથી એકાદ યા બન્ને ગીત મહદંશે સુરતી ગુજરાતીનાં હોય તેવાં ગીતો.[૧૦૪]

એકમાં અમુક જ કડીઓ ગવાઈ હોય અને અન્યત્ર ઉપરોકત કડીઓ ઉપરાંતની કેટલીક વધારાની કડીઓ પણ ગવાઈ હોય તેવાં ઉદાહરણ પણ મળે છે.[૧૦૫]

કેટલાક અર્થ ન શોધી શકાયા હોય તેવા ઘોડિયા ભાષાના શબ્દ યા શબ્દ સમૂહો પણ મળ્યા છે.[૧૦૬]

પ્રાસ અને વિરોધાભાસનું સુંદર સંયોજન કેટલાંક લગ્નગીતોમાં જોવા મળતું હોય છે. વિધિમાં વપરાતી વસ્તુઓનાં જોડકાંને આબાદ રીતે ગીતમાં વણી લેવામાં આવ્યાં છે.[૧૦૭]

વળી પ્રાસ મેળવણીમાં પણ માત્ર અંત્યાનુપ્રાસનો[૧૦૮] જ સહારો નથી લેવાયો. પૂર્વાનુપ્રાસ[૧૦૯] અને 'નવરી નવી હવેલી' [૧૧૦]જેવામાં તો છેક શબ્દના મધ્ય સુધી પહોંચીને મધ્યાનુપ્રાસ મેળવણીનો સહજ સહારો લેવાયો છે. ફેંટો અને લોટો;[૧૧૧] સસરા, કચરા; સાસુ, આંસુ; જેઠ, વેઠ;[૧૧૨] જેઠાણી–શેઠાણી જેવા ઉપલક રીતે અસંબદ્ધ લાગતા વિષયો વચ્ચે પ્રાસાનુપ્રાસ મેળવણી દ્વારા સંબંધ સ્થાપિત કરી દઈ, ગીતમાં ગૂંથી લેવાની શકિત દાદ માગી લે તેવી છે.

ઘોડિયા ભાષાના વ્યાકરણની સાથે સંબધિત કેટલાંક પાસાંમાં આ સામગ્રીમાંથી ઉપયોગી વિશ્લેષણ થઈ શકે તેમ છે પણ આ વિષે ભવિષ્યમાં અન્ય કેટલીક વિષયસામગ્રીનું વિગતવાર અલગ વિશ્લેષણ કરવા ધાર્યું હોવાથી તે પાસાનો અહીં નિર્દેશ ન કરવાનું મુનાસિબ માન્યું છે.

(૪)

નામકરણની દષ્ટિએ નિહાળીએ તો ગુજરાતી હિંદુ જ્ઞાતિઓમાં જોવા મળતાં[૧૧૩] સંખ્યાબંધ નામો જોવા મળે છે.

ઘોડિયાઓમાં હવે આડોશપાડોશની અન્ય હિંદુ જ્ઞાતિઓની અસર હેઠળ મોટા પાયા પર બ્રાહ્મણ દ્વારા લગ્ન થવા લાગ્યાં હોવા છતાં થોડાક અપવાદો બાદ કરતાં બ્રાહ્મણને[૧૧૪] હજી ઘોડિયા લગ્ન ગીતોમાં ખાસ સ્થાન નથી મળ્યું. આ વિધિ ચાલુ રહે તો ભવિષ્યમાં તેને અનેક ગીતોમાં સ્થાન મળવાની સંભાવના છે.

આ કૃષિકાર જાતિએ અડોશપડોશમાં વસતી અન્ય પ્રભાવશાળી કૃષિકાર જ્ઞાતિ (Dominant caste) અનાવિલનો[૧૧૫] આદર્શ દષ્ટિ સમક્ષ રાખેલો જણાય છે. આ ઉપરાંત રાજપૂત,[૧૧૬] પટેલ[૧૧૭] પણ આવી અન્ય પ્રભાવક જ્ઞાતિઓ જણાય છે. ઢોલી,[૧૧૮] ઘાંચી,[૧૧૯] દરજી,[૧૨૦] કુંભાર,[૧૨૧] મોચી,[૧૨૨] છિપા,[૧૨૩] કાછિયા,[૧૨૪] વાણીઆ,[૧૨૫] વગેરેના[૧૨૬] મુખ્યત્વે ભૂમિકાગત નિર્દેશ જોવા મળે છે. આજ કારણે કદાચ આડોશપાડોશની



અન્ય આદિવાસી જાતિનો[૧૨૭] ભાગ્યે જ ક્યાંય નિર્દેશ થયો છે. તે જ રીતે સ્વજાતિ–ઘોડિયાનો નિર્દેશ પણ અપવાદરૂપેજ મળે છે.[૧૨૮]

કેટલાક ગુજરાતી શિક્ષિત સમાજના આચાર યા રિવાજના ઘોડિયામાં ઉપયોગના નિર્દેશો પણ ગીતોમાં મળે છે.[૧૨૯]

સગાંની સરખામણીના આદર્શમાં રામાયણ અને પૌરાણિક કથાઓનાં પાત્રોનો નિર્દેશ થતો જોવા મળે છે. સસરા, સાસુ, જેઠ, જેઠાણી, દિયર, દેરાણી વગેરે માટે ક્રમશઃ દશરથ, કૌશલ્યા–કૈકયી, રામ, સીતા લક્ષ્મણ, અને ઊર્મિલાના આદર્શો મૂક્યા છે. જ્યારે પતિપત્ની[૧૩૦] માટે શંકરપાર્વતી અને રામસીતાના.[૧૩૧] કાનુડો પણ બેત્રણ લગ્નગીતોમાં દેખા દઈ ગયો છે. એક ગીતમાંતો તે સરોવર પાળે પાણી ભરતો મળી ગયો છે.[૧૩૨]

આ ગીતસંચયમાં પ્રાથમિક, દ્વિતીય અને તૃતીય ત્રણે કક્ષાનાં[૧૩૩] (Primary, Secondary and Tertiary Kin) સગાંનો નિર્દેશ કેટલીક વાર તેમની ભૂમિકાના સંદર્ભમાં રખાતી અપેક્ષાઓ સહ હળવી[૧૩૪] મજાક, વક્રોક્તિ[૧૩૫]—વ્યંગોક્તિ, અત્યુક્તિ,[૧૩૬] અલ્પોક્તિ[૧૩૭] વગેરે સાથે અનેક સ્થળે આવે છે. લગ્નગીતોમાં સહજ રીતે જોવા મળતી સ્વપક્ષસ્તુતિ[૧૩૮] અને પરપક્ષ અપસ્તુતિ[૧૩૯] યા નિંદામાં પણ કેટલાંક સગાંઓને અને/અથવા તેમની ભૂમિકાને અત્યંત સહજ રીતે વણી લેવાઈ છે. હકીકતે સામા પક્ષનો વાંક કેમ અને કેવી રીતે કાઢી શકાય તેનાં અનેક ઉદાહરણો મળે છે.[૧૪૦] અલબત્ત તે જ એક આદર્શ નથી. પરપક્ષસ્તુતિ પણ અપવાદરૂપ ગીતોમાં મળે છે.[૧૪૧] તે જ રીતે કોઈક ગીતમાં ભૂલમાફીનો નિર્દેશ પણ મળે છે.[૧૪૨] હળવી મજાક, વ્યંગોક્તિ કે વક્રોક્તિમાં વિવિધ જોડકાંમાં પ્રાસાનુપ્રાસના કલ્પનાસભર ઉપયોગનાં દર્શન પણ કેટલેક સ્થળે થાય છે.[૧૪૩]

કેટલાંક ગીતમાં કોઈક સગા અને તદ્દનુસાર પ્રાસ મેળવતી કોઈક દૂરની, પ્રત્યક્ષ આચાર, વ્યવહાર સાથે સંબંધિત વસ્તુ, ઘટના કે વર્ણનને આબાદ રીતે ગીતમાં ગૂંથી લેતાં કેટલાંક ઉદાહરણ પણ મળે છે.[૧૪૪] કેટલાંક સગાં માટેના વિશિષ્ટ સગાઈસંબંધ શબ્દોના ગીતમાં ઉપયોગનાં ઉદાહરણ પણ મળે છે.[૧૪૫]

આ ગીતસંચયમાં સ્વાભાવિક રીતે જ સંખ્યાત્મક દષ્ટિએ પ્રાથમિક કક્ષાનાં[૧૪૬] સગાંનો નિર્દેશ સૌથી વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. પિતાની અગત્ય લગ્નની ભૂમિકામાં સમગ્ર વ્યવસ્થાના સંદર્ભમાં કદાચ સૌથી વિશેષ મહત્વની મનાઈ હશે. તેથી તેનો નિર્દેશ સૌથી વધુ વાર આવતો જોવા મળે[૧૪૭] છે તે પછીના ક્રમમાં માતા[૧૪૮] નહીં પણ ભાઈ[૧૪૯] આવે છે. આમ પિતૃ–સ્થાનીય, પિતૃવંશીય સમાજમાં પુરુષપક્ષીયવલણનો નિર્દેશ અહીં થતો જોવા મળે છે. તે જ રીતે[૧૫૦] સાસુની તુલનામાં સસરાનો[૧૫૧] નિર્દેશ વિશેષ ગીતોમાં જોવા મળે છે. ભાઈ[૧૫૨] ભાભી[૧૫૩] મામા[૧૫૪] મામી[૧૫૫] દિયર[૧૫૬] દેરાણી,[૧૫૭] ભાઈ[૧૫૮] બહેન,[૧૫૯] વેવાઈ[૧૬૦] વેવાણનાં[૧૬૧] જોડકાંમાં પુરૂષ સગાંનો નિર્દેશ સામાન્ય રીતે વધુ ગીતસંખ્યામાં જોવા મળ્યો છે. કાકા[૧૬૨] – કાકી[૧૬૩] અને જેઠ[૧૬૪] – જેઠાણીની[૧૬૫] જોડીઓ એવી જોવા મળી છે. જેમાં આ નિર્દેશ લગભગ સમાન પ્રમાણમાં છે. જ્યારે નણદોઈ[૧૬૬] કરતાં નણંદનો[૧૬૭] નિર્દેશ વધુ ગીતોમાં છે. માત્ર આ અપવાદ બાદ કરતાં આ સમગ્ર અંક પ્રમાણ નિર્દેશ પણ ઉપરોક્ત વલણને જ મહદંશે વ્યક્ત કરે છે, આ સંચયમાં નિર્દેશિત અન્ય સગાંઓમાં જમાઈ,[૧૬૮] વહુ[૧૬૯] સાળા,[૧૭૦] સાળી,[૧૭૧] બનેવી[૧૭૨] ફોઈ[૧૭૩]

વ. નો સમાવેશ થાય છે. વિવિધ સગાંઓના નવરા-નવરી તરફના વાત્સલ્ય,[૧૭૪] પ્રેમ,[૧૭૫] મશ્કરી,[૧૭૬] હળવું હાસ્ય[૧૭૭] વગેરે વિવિધ પ્રકારના ભાવો પણ વિવિધ ગીતોમાં દ્રષ્ટિગોચર થાય છે. વિવિધ સગાંઓના નવરા-નવરી પ્રત્યેના વિવિધ પ્રકારના ભાવોનું આવું વિશદ વિશ્લેષણ પણ વિવિધ ગીતોમાંનાં ઉદાહરણો સંચિત કરીને થઈ શકે.

સાસરી પક્ષનાં સગાં સાથેના નવવધૂના વિનયપૂર્વકના વ્યવહારની શિખામણ, સંક્ષેપમાં સુંદર શબ્દોમાં અનેક સ્થળે ગીતગૂંફિત થઈ છે.[૧૭૮]

ઘોડિયા ગીતોના આ સંચયમાં અનેક સ્થળે માત્ર વિધિજ નહીં પણ ક્રિયાઓને[૧૭૯] પણ વણી લેવાઈ છે.

કેટલીક પરંપરાગત ઘોડિયા માન્યતાઓનો, પ્રણાલિકાઓનો, વિશિષ્ટ પ્રથાઓનો નિર્દેશ પણ કેટલેક સ્થળે જોવા મળે છે. દા. ત, કંસરીદેવી,[૧૮૦] પિહુલીમાતાનો[૧૮૧] નિર્દેશ, ઉકાનો,[૧૮૨] કન્યાની જાનની[૧૮૩] પ્રથાનો નિર્દેશ, જાદવકૂળની[૧૮૪] જાનનો નિર્દેશ, વધૂ-શુલ્ક[૧૮૫] વગેરે તેનાં ઉદાહરણો છે. કંકોત્રીનો[૧૮૬] નિર્દેશ પણ કેટલાંક ગીતોમાં થઈ ગયો છે. ક્યાંક તાડીનો[૧૮૭] નિર્દેશ આવે છે. તો ક્યાંક દારૂની[૧૮૮] આડ અસરનો નિર્દેશ પણ જોવા મળે છે. દેશનેતાઓના[૧૮૯] નામનો અછડતો નિર્દેશ પણ એકાદ ગીતમાં કલાત્મકઢબે અપવાદ રૂપે થવા પામ્યો છે.

સાંસ્કૃતિક પરિવર્તન સાથે સંબંધિત સંખ્યાબંધ પાસાંનો નિર્દેશ પ્રસ્તુત ગીતસંચયમાં જોવા મળે છે. દા.ત. શિક્ષણના લાભનો આદર્શ,[૧૯૦] દારૂબંધીની અસરનો આદર્શ,[૧૯૧] બ્રાહ્મણનું લગ્નપ્રથામાંનું સ્થાન,[૧૯૨] પત્રલેખન[૧૯૩] વગેરે બાબતો પ્રસ્તુત સંચયનાં વિવિધ ગીતોમાં પ્રતિબિંબિત થઈ છે.

અલબત્ત ઘોડિયા જાતિના પરંપરાગત સામાજિક મૂલ્યોનો નિર્દેશ તો અનેક ગીતોમાં મળે છે. આ જાતિના આદર્શો, ઝુકાવ-વલણનો નિર્દેશ પણ અનેક ગીતોમાં વિષયવસ્તુ, શબ્દ ચયન વગેરેમાં પ્રતિબિંબિત થાય છે.[૧૯૪]

ઘોડિયા જાતિ મૂળે કૃષિકાર છે. અને તેથી ખેતીવિષયક વિવિધ પ્રક્રિયાઓનો[૧૯૫] નિર્દેશ કેટલાક ગીતોમાં દ્રષ્ટિગોચર થાય છે. તે જ રીતે બાગાયત[૧૯૬] ખેતીનો અણસાર પણ ક્વચિત્ મળે છે.

ઘોડિયા ભૌતિક સંસ્કૃતિનાં કેટલાક પાસાં પણ સ્વાભાવિક રીતે જ લોકગીતોમાં સ્થાન પામ્યાં છે. સમગ્ર વર્ણનમાં ઘરેણાંમાં 'ઝાંઝર,[૧૯૭] સાંકળાં,[૧૯૮] બંગડી,[૧૯૯] ઘૂઘરા,[૨૦૦] હાર,[૨૦૧] માળા[૨૦૨] કડી,[૨૦૩] એરીંગ,[૨૦૪] વીંટી[૨૦૫] અને વસ્ત્રોમાં સાડી,[૨૦૬] ચોળી,[૨૦૭] ચણિયો,[૨૦૮] ઓઢણી,[૨૦૯] ધોતી,[૨૧૦] જામા,[૨૧૧] બંડી,[૨૨૧] ફેંટો[૨૧૩] વગેરેનો[૨૧૪] નિર્દેશ થયો છે.

ઘોડિયા પરંપરાગત વાદ્યોમાંથી ગીતોમાં માત્ર ત્રણ જ વાદ્યો ઝીલાયાં છે. વાસળી,[૨૧૫] તૂર[૨૧૬] અને થાળી.[૨૧૭]

'આથામાં ૨૧ કામઠી કાંખામાં ૨૧ કાતું' એ શબ્દોમાં આદિવાસીઓનું અમોઘ શસ્ત્ર 'ધનુષ્ય બાણ'ઘોડિયા ગીતોમાં પ્રતિબિંબિત થયું છે.[૨૧૮] ક્યાંક પરંપરાગત વનવાસી પશ્ચાદ્



ભૂમિકાનાં દર્શન થાય છે.[૨૧૯] અન્ય સાધનસામગ્રીમાં નાળિયેર,[૨૨૦] સિંદુર.[૨૨૧] લોબાન,[૨૨૨] સોપારી,[૨૨૩] તેલ,[૨૨૪] હળદર,[૨૨૫] ચોખા,[૨૨૬] બાજરી,[૨૨૭] જુવાર,[૨૨૮] દાળ,[૨૨૯] મરચાં[૨૩૦] વરિયાળી[૨૩૧] વગેરેનો[૨૩૨] સમાવેશ થાય છે.

પશુઓમાં (માદા સહિત) ઘોડાનો[૨૩૩] સૌથી વિશેષ નિર્દેશ જોવા મળે છે. ઊંટ,[૨૩૪] ગાય[૨૩૫] અને વાઘ[૨૩૬] વગેરે[૨૩૭] ઉપરાંત પંખીઓમાં મોર,[૨૩૮] કૂકડો,[૨૩૯] કોયલ,[૨૪૦] વગેરેનો[૨૪૧] નિર્દેશ પણ મળે છે.

સમગ્ર વર્ણનમાં વૃક્ષોમાં આંબાનો[૨૪૨] નિર્દેશ સૌથી વધુ ગીતોમાં આવ્યો છે. નિર્દેશિત અન્ય વૃક્ષોમાં વડલો,[૨૪૩] ખજૂરી,[૨૪૪] લીમડો,[૨૪૫] આંબલી,[૨૪૬] પીપળો,[૨૪૭] ગૂંદી,[૨૪૮] તાડ,[૨૪૯] ચીકુ,[૨૫૦] સાગ[૨૫૧] વગેરેનો સમાવેશ થાય છે. રીંગણ,[૨૫૨] ગલકી[૨૫૩] તરબૂચ[૨૫૪] વગેરે આ સંચયનાં ગીતોમાં આવતાં કેટલાંક ફળ શાકભાજી છે.

વિવિધ ફૂલોમાં મોગરા,[૨૫૫] ગુલાબ,[૨૫૬] ગજરા,[૨૫૭] ચંપા,[૨૫૮] કદમ,[૨૫૯] વગેરેના[૨૬૦] ફૂલ કે છોડનો નિર્દેશ જોવા મળે છે.

બધો જ ઘોડિયા વિસ્તાર તાપીની દક્ષિણે આવેલો છે. ઘોડિયા લગ્નગીતોમાં, ખાસ કરીને પીઠી ગીતોમાં, પીઠી ચોળ્યા પછી 'તાપીના પાણી'થી નાહવાના સંદર્ભમાં એકમાત્ર આ નદીને જ ખાસ સ્થાન મળ્યું છે.[૨૬૧]

હકીકતે આ સંચય પૂરતું તો, લગ્નગીતોમાં પ્રાદેશિકતાને સ્થાન મળતું હોવાના એક તારણને (ડૉ. સિદ્ધરાજ સોલંકી: ૧૯૮૩, ૧૨) અહીં પણ સમર્થન મળતું જણાય છે. લગ્નગીતોમાં સ્થાનિક ગામોના[૨૬૨] નિર્દેશ ઉપરાંત કેટલાંક અડોશપડોશનાં શહેરોના પણ નિર્દેશ થતા હોય છે. પ્રસ્તુત ગીતોમાં સુરત,[૨૬૩] વલસાડ[૨૬૪], નવસારી,[૨૬૫] બારડોલી,[૨૬૬] મુંબઈ,[૨૬૭] ભરૂચ,[૨૬૮] અમદાવાદના[૨૬૯] નિર્દેશો મુખ્યત્વે જોવા મળે છે. વડોદરાનો નિર્દેશ આ સંચયનાં ગીતોમાં નથી આવતો. હા ગુજરાતનો[૨૭૦] કાઠિયાવાડનો,[૨૭૧] અને ઘોઘાનો[૨૭૨] નિર્દેશ એક એક ગુજરાતી ગીતમાં આવી ગયો છે ખરો.

નવરાપક્ષ અને નવરીપક્ષમાંથી કયા પક્ષ દ્વારા આ ગીતો ગવાય છે તે દૃષ્ટિએ, આ સંચયમાં આ ગીતો જે સ્વરૂપે નોંધાયાં છે તે સ્વરૂપે નીચેના ચાર ભાગમાં વહેંચી શકાય તેમ છે.

(૧) નવરાપક્ષ દ્વારા ગવાતાં ગીતો[૨૭૩]

(૨) નવરીપક્ષ દ્વારા ગવાતાં ગીતો[૨૭૪]

(૩) નવરાપક્ષ, નવરીપક્ષ બન્નેમાંથી કોઈ પણ પક્ષ દ્વારા અલગ અલગ ગવાતાં ગીતો[૨૭૫]

(૪) બન્ને પક્ષ દ્વારા સાથે ગવાતાં ગીતો[૨૭૬]

અલબત્ત માત્ર નવરા યા નવરીપક્ષ દ્વારા ગવાતાં ઉપર નિર્દેશિત ગીતોમાં પણ સંખ્યાબંધ ગીતો એવાં છે કે જેમાં માત્ર થોડો શો આનુષંગિક શબ્દફેર કરીને તેને અન્ય પક્ષ પણ ગાઈ શકે.[૨૭૭] અનાયાસે આવાં ઉદાહરણ પ્રસ્તુત સંચયમાં સહજ રીતે કેટલેક સ્થળે વણાઈ ગયેલાં પણ જોવા મળે છે.[૨૭૮]

લગ્નગીતોમાં હરહમેશ નવરાપક્ષ અને નવરીપક્ષ એમ બન્ને પક્ષો સામસામે જ હોય એવું નથી હોતું. કોઈક અપવાદરૂપ પળો એવી પણ હોય છે કે જ્યારે બન્ને પક્ષો એક જ પ્રકારનું ગીત ગાવામાં સામેલ થતા હોય છે. આવો પ્રસંગ મહદ્‌અંશે ચોરીમાં નવરો-નવરી પરણવા બેઠાં હોય તે પળે આવે છે.[૨૭૯]

## (૫)

વિવિધ આદિવાસી જાતિઓનાં પોતપોતાની ભાષામાંનાં ઘણુંખરાં ગીતોમાં તો સ્વાભાવિક રીતે જ વર્ણન, અભિવ્યક્તિ વગેરે પોતપોતાની આગવી ઢબે થતાં હોય છે પણ ક્યાંક ક્યાંક અપવાદરૂપે પ્રતીક, કથાવસ્તુ વગેરેમાં અન્યત્ર પણ નોંધાયું છે તે રીતે (ડૉ. સિદ્ધરાજ સોલંકી : ૧૯૮૩, ૧૪) ભૌગોલિક રીતે ઠીક ઠીક અંતરવાળી અને સીધા સાંસ્કૃતિક સંપર્ક વિનાની આદિવાસી જાતિઓમાં પણ સામ્ય જોવા મળે છે.

દક્ષિણ ગુજરાતના સુરત-વલસાડ જિલ્લાના ઘોડિયાઓ, મધ્ય ગુજરાતના વડોદરા જિલ્લાના તડવીઓ અને ઉત્તર ગુજરાતના શામળાજીના ગરાસિયા આદિવાસીઓ વચ્ચે ભૂતકાળમાં કોઈ સીધો સામાજિક યા સાંસ્કૃતિક સંપર્ક નહોતો તે છતાં તેમની વચ્ચે વિષયવસ્તુની અભિવ્યક્તિમાં કે શબ્દ યા રૂપકચયનમાં આશ્ચર્યજનક રીતે કેટલાંક સામ્ય જોવા[૨૮૦] મળ્યાં છે. દા. ત. પ્રસ્તુત સંચયમાં પરણવા માટે વરની જાન જાય ત્યારે વપરાયેલા 'આલુ ચાલુ' શબ્દથી જ તડવી આદિવાસીઓમાં (શ્રીમતી રેવાબહેન તડવી, શ્રી શંકરભાઈ તડવી : ૧૯૮૧, ૧૦૬) આ વર્ણન કરવામાં આવ્યું છે. તે જ રીતે ઉત્તર ગુજરાતના શામળાજીના ગરાસિયા આદિવાસીઓમાં પણ આ જ શબ્દ વપરાયો હોવાનું ઉદાહરણ (ડૉ. સિદ્ધરાજ સોલંકી : ૧૯૬૬,૧૪) નોંધાયું છે. ઘોડિયાઓમાં નોતરણુંમાંના ભમરીના[૨૮૧] નિર્દેશને તડવીઓમાંના (શ્રીમતી રેવાબહેન તડવી, શ્રી શંકરભાઈ તડવી : ૧૯૮૧, ૪)નોતરે જવાના ભમરીના નિર્દેશની સાથે સરખાવવા જેવો છે. તેજ રીતે પ્રસ્તુત સંચયમાં એક ગીતમાં[૨૮૨] જોવા મળતી એક પ્રસંગવર્ણનની અભિવ્યક્તિ લગભગ જેના તે ભાવમાં જ અન્યત્ર ઉત્તર ગુજરાતના શામળાજીના ગરાસિયા આદિવાસીઓમાં ગરાસિયા આદિવાસી ભાષામાં હોવાનું અન્ય એક સ્વતંત્ર શોધનમાં (ડૉ. સિદ્ધરાજ સોલંકી : ૧૯૭૩, ૬૦૩-૬૦૪) નોંધાયું છે.

## નોંધ-નિર્દેશ સૂચિ*

[* આ નોંધ-નિર્દેશ-સૂચિમાં નાના કૌંસમાંના() ક્રમાંક સંદર્ભક્રમાંક દર્શાવે છે જ્યારે કૌંસ બહારના અથવા શાબ્દિક નોંધ સાથેના મોટા કૌંસમાંના [] ક્રમાંક ગીતક્રમાંક. આ સૂચિ ઉદાહરણરૂપે હોવાથી, સંચયમાંનાં બધા જ ઉદાહરણોને આવશ્યક રીતે આવરી લેતી નથી તેમ જ નોંધમાં નિર્દેશિત બધા જ પ્રકારનાં ગીતોનાં ઉદાહરણ મળ્યાં હોય તેમ પણ નથી.]

(૧) એક પ્રચલિત ઉક્તિનો નિર્દેશ કરતાં અમારા માહિતીદર્શકે કહેલું : "ચોથ, છઠ, નોમ ને ચૌદશ, એને કરવું કેમ?" એવી કહેવત છે. મતલબ કે સગાઈ કરવાનું શુભ કામ તે દિવસે ન થઈ શકે.

(૨) ૨, ૩, ૪, ૨૨૧, ૨૨૭

(૩) ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૩૮ ૧૪૯, ૧૭૭, ૧૭૮, ૧૭૯, ૧૯૭, ૨૦૫, ૨૦૬, ૨૦૭(?), ૨૨૧, ૨૨૭(?)



૨૩૩, ૨૩૪, ૨૩૬, ૨૪૫, ૨૪૬, ૨૪૭, ૨૭૦, ૨૭૧, ૨૯૨, ૨૯૩, ૩૮૩, ૩૮૪, ૩૮૫, ૩૮૬, ૩૮૭, ૩૮૮, ૩૮૯ ૪૧૩, ૪૧૪, ૪૧૫, ૪૧૬, ૪૧૭, ૪૧૮

(૪) ૧૦, ૧૦૬, ૧૦૭. ૧૦૮, ૧૦૯, ૧૧૦, ૧૧૧, ૧૧૨, ૧૧૩, ૧૧૪, ૧૧૫, ૧૧૬, ૧૧૭, ૧૧૮, ૧૧૯, ૧૬૪, ૧૯૬, ૨૭૩

(૫) ૭

(૬) દહેજ નાખ્યા પછી નવરાના ઘરે પાછા ફરતાં ગવાતાં ગીતો આ સંચયમાં નોંધાયાં નથી એમ અમારા એક માહિતીદર્શક શ્રી રમેશભાઈ પટેલનું કહેવું છે. જ્યારે અમારા અન્ય માહિતીદર્શકો શ્રી સોમાભાઈ પટેલ, શ્રીમતી કમળાબહેન પટેલના કહેવા પ્રમાણે તેમાં ગીતક્રમાંક ૧૧૧, ૧૧૨, ૧૧૪, ૧૧૫, ૧૧૬, ૧૧૭, ૧૧૮ વગેરે આવી શકે.

(૭) ૨૯૪, ૩૮૭, ૩૮૮, ૩૮૯, ૪૧૬, ૪૧૭, ૪૧૮, ૪૧૯

(૮) ૨૯૫, ૨૯૬, ૩૯૦, ૩૯૧, ૩૯૨, ૩૯૩, ૩૯૪

(૯) ૩૬, ૯૯, ૧૨૧, ૧૯૧, ૨૩૭, ૪૨૧, ૪૨૨, ૪૨૩

(૧૦) ૧૨૧, ૧૮૧

(૧૧) ૪૧, ૧૮૨, ૨૩૮

(૧૨) ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૬, ૩૭, ૯૦, ૨૪૩, ૪૨૫, ૪૨૬, ૪૨૭, ૪૨૮

(૧૩) ૨૨, ૧૨૦, ૧૯૩

(૧૪) ૪૦, ૪૧, ૧૫૦, ૧૮૨

(૧૫) ૨૯, ૩૦

(૧૬) ૩૯

(૧૭) ૩૨, ૬૪, ૬૫, ૬૬, ૬૭, ૯૪, ૧૪૭, ૧૫૧, ૨૧૦, ૨૨૨, ૨૨૮, ૩૦૪, ૪૦૩, ૪૦૪, ૪૩૮, ૪૩૯, ૪૪૦

(૧૮) ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૩, ૩૫, ૧૩૯, ૧૪૪, ૧૫૨, ૧૯૨, ૧૯૮, ૨૦૨, ૨૦૯, ૨૨૪, ૨૨૯, ૨૪૨, ૨૪૮, ૩૦૦, ૩૦૮, ૩૯૫, ૩૯૬, ૩૯૭, ૩૯૮, ૪૨૯, ૪૩૦, ૪૩૧, ૪૩૨, ૪૩૩

(૧૯) ૨૫, ૧૮૪, ૨૦૯

(૨૦) ૪૬

(૨૧) ૪૪

(૨૨) ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮,૪૯, ૧૨૩, ૧૫૩, ૧૬૩, ૧૮૬, ૨૦૩, ૨૨૫, ૨૩૦, ૨૪૯, ૨૫૦, ૨૫૧, ૨૫૨, ૨૫૩, ૩૦૨, ૩૪૫

(૨૩) ૨૩૧, ૨૫૫, ૪૩૫

(૨૪) ૧૮૭, ૨૩૧, ૨૫૫, ૨૫૬, ૩૦૩

(૨૫) ૨૫૬, ૪૩૫

(૨૬) ૨૫૫

(૨૭) ૩૪, ૧૮૭, ૨૩૧, ૨૫૫, ૨૫૬, ૩૦૩

(૨૮) ૧૮૭

(૨૯) ૩૪, ૧૮૭, ૨૫૫, ૨૫૬, ૪૩૫
(૩૦) ૪૮, ૪૯, ૫૦, ૨૦૩, ૨૨૫, ૨૩૦, ૨૪૯, ૨૫૦, ૨૫૧, ૨૫૨, ૨૫૩, ૩૦૨
(૩૧) ૫૨, ૧૫૪
(૩૨) ૫૩, ૫૪, ૪૩૬, ૪૩૭
(૩૩) ૫૫, ૮૪
(૩૪) ૨૦૩, ૨૩૦, ૨૫૪, ૪૨૪
(૩૫) ૨૯૯
(૩૬) ૩૪૭, ૩૪૮, ૩૪૯, ૩૫૦, ૩૫૧, ૩૫૨, ૩૫૩, ૩૫૪, ૩૫૫, ૩૫૬, ૩૫૭, ૩૫૮, ૩૫૯, ૩૬૦, ૩૬૧, ૩૬૨, ૩૬૩, ૩૬૪, ૩૬૫, ૩૬૬, ૩૬૭, ૩૬૮, ૩૬૯, ૩૭૦, ૩૭૧, ૩૭૨, ૩૭૩, ૩૭૪, ૩૭૫, ૩૭૬, ૩૭૭, ૩૭૮, ૩૭૯, ૩૮૦, ૩૮૧, ૩૮૨, ૩૮૩, ૩૮૪, ૩૮૫, ૩૮૬
(૩૭) ૩૪૯
(૩૮) ૩૫૨, ૩૫૩
(૩૯) ૫૨, ૨૯૦, ૨૯૧
(૪૦) ૫૮, ૫૯, ૬૦, ૬૧, ૬૨, ૬૩, ૨૯૫, ૨૯૬
(૪૧) ૬૪, ૬૬, ૬૭, ૧૪૭, ૨૧૦
(૪૨) ૧૭
(૪૩) ૧૪૧, ૧૯૯, ૩૦૫
(૪૪) ૭૩, ૭૪, ૭૬, ૭૭, ૭૮, ૧૨૪, ૧૨૬, ૧૪૧, ૧૫૫, ૧૮૮, ૧૮૯, ૧૯૯, ૨૦૫, ૨૧૧, ૪૪૨, ૪૪૩, ૪૪૪, ૪૪૫, ૪૪૬, ૪૪૭
(૪૫) ૭૫, ૧૨૫, ૨૬૩
(૪૬) ૭૬, ૭૭, ૭૮, ૧૬૦, ૨૧૩, ૨૬૫, ૨૬૭, ૪૪૮, ૪૪૯
(૪૭) ૨૬૬
(૪૮) ૧૨૭, ૧૨૮, ૧૩૦, ૨૬૨
(૪૯) ૧૧૬, ૨૧૪, ૨૭૨, ૨૭૩, ૪૫૦
(૫૦) ૨૬૬
(૫૧) ૨૭૧, ૩૧૦, ૩૧૧
(૫૨) ૧૦૨, ૨૧૫, ૨૭૦
(૫૩) ૬૨, ૨૯૨
(૫૪) ૩૬, ૧૧૬, ૧૧૭
(૫૫) ૧૬૨, ૧૬૩, ૧૬૪
(૫૬) ૨૭૫, ૨૭૬, ૨૮૧, ૨૮૨, ૨૮૩, ૨૮૪
(૫૭) ૧૦૪, ૨૮૦
(૫૮) ૧૬૫, ૧૬૬, ૧૬૭, ૨૧૬, ૨૭૭, ૨૭૮, ૨૭૯, ૩૧૨, ૩૧૩, ૪૦૬, ૪૦૭, ૪૫૧
(૫૯) ૧૦૮, ૧૦૯, ૧૧૦, ૧૧૧, ૧૧૨, ૧૧૩, ૧૧૪, ૧૧૫, ૧૧૬, ૧૧૭, ૧૧૮, ૧૧૯
(૬૦) ૨૭૭
(૬૧) ૧૦૫



(૬૨) ૨૬૮, ૨૬૯
(૬૩) ૧૯૦, ૨૦૦, ૨૧૮, ૨૧૯, ૨૨૦, ૨૮૧, ૨૮૨, ૨૮૩, ૨૮૪, ૨૮૫, ૨૮૬, ૨૮૭, ૩૧૬, ૩૧૭, ૩૨૨, ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૩૨૬, ૩૨૭, ૩૨૮, ૩૨૯, ૩૩૦, ૩૩૧, ૩૩૨, ૩૩૩, ૩૩૪, ૩૩૫, ૩૩૬, ૩૩૭, ૩૩૮, ૩૩૯, ૩૪૦, ૩૪૧, ૩૪૨, ૩૪૩, ૩૪૪, ૩૪૫, ૩૪૬, ૪૫૩, ૪૫૪, ૪૫૫, ૪૫૬
(૬૪) ૧૭૦, ૧૭૧, ૧૭૨, ૧૭૩, ૧૭૪
(૬૫) ૬૦, ૬૧, ૬૨, ૮૮, ૯૫, ૪૫૭, ૪૫૮
(૬૬) ૧૦
(૬૭) ૨૦૧
(૬૮) ૧૮૩, ૨૦૮, ૨૫૮, ૨૫૯, ૨૬૦, ૨૬૧
(૬૯) ૧૪૨
(૭૦) ૧૩૪, ૧૩૫, ૧૩૬, ૧૩૭, ૧૯૫, ૧૯૬, ૨૮૮, ૨૮૮(૧), ૨૮૯, ૩૨૦
(૭૧) અમારા એક માહિતીદર્શકના જણાવ્યા પ્રમાણે ચીખલી, મહુવા તરફ લગનના બીજા દિવસે આણાની પ્રથા નથી પણ પારડી, ઉમરગામ વિસ્તારમાં છે. ''ધરમપુરના' 'તલાટ' વિસ્તારમાં છે પણ 'નગર' વિસ્તારમાં નથી.''
(૭૨) ૧૬૯, ૧૭૪
(૭૩) ૩૩૯, ૩૪૪, ૩૫૪
(૭૪) મુખ્યત્વે કઈ ભાષામાં આ ગીતો ગવાયાં છે તે દૃષ્ટિએ કરવામાં આવેલા આ વર્ગીકરણમાં મુખ્યત્વે 'ઘોડિયા' અને 'ગુજરાતી' એ બે ભાષાઓને લક્ષમાં રાખીને સમગ્ર વર્ગીકરણ કરવામાં આવ્યું છે.
(૭૫) ૨, ૪, ૧૨, ૧૯, ૨૧, ૨૨, ૨૩, ૨૫, ૨૭
(૭૬) ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧
(૭૭) ૨૨૪, ૨૫૭
(૭૮) ૨૨૬, ૨૩૩, ૨૩૭, ૨૫૩
(૭૯) ૩૩૦, ૪૪૨
(૮૦) ૧–૧૧૯
(૮૧) ૨૨૮
(૮૨) ૧૨, ૧૩૮; ૧૭૭, ૨૪૭; ૧૧, ૨૩૪; ૨૦૪, ૨૧૧; ૧૧૪, ૨૭૪; ૧૩૩, ૩૧૦; ૭૫, ૧૨૫; ૧૦૪, ૨૮૦
(૮૩) ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૧, ૧૨
(૮૪) ૧૧૧, ૧૧૨, ૧૧૪, ૧૭૭, ૨૪૦, ૨૮૦, ૪૨૧
(૮૫) ૧૯૯, ૨૨૦, ૨૨૧, ૨૨૪, ૨૫૭
(૮૬) ૧૫૦, ૧૭૭, ૧૭૮, ૧૭૯, ૧૯૦, ૧૯૧, ૧૯૨, ૧૯૯, ૨૦૪, ૨૦૬, ૨૦૭, ૨૦૮, ૨૦૯, ૨૧૩, ૨૨૫, ૨૨૮, ૨૨૯, ૨૩૪, ૨૪૨, ૨૪૩, ૨૪૮, ૨૫૧, ૨૫૩, ૨૮૫, ૨૯૯, ૩૦૫, ૩૦૮
(૮૭) ૯, ૧૧, ૧૨

(૮૮) ૧, ૩૫૩

(૮૯) ૧૬૪, ૨૦૨, ૨૧૪, ૨૬૨

(૯૦) ૬૪, ૯૩

(૯૧) ૪૦, ૧૩૯

(૯૨) ૩૪, ૬૪

(૯૩) ૪૧, ૪૩, ૪૬, ૫૪, ૯૬

(૯૪) ૨૫, ૨૯, ૩૭, ૪૦, ૪૩

(૯૫) ૪૮

(૯૬) ૨૪૩

(૯૭) ૧૩૨

(૯૮) ૧૨, ૬૫, ૭૨

(૯૯) ૧૦૮

(૧૦૦) ૩૩, ૪૯, ૫૦, ૭૭, ૨૩૩, ૪૨૯, ૪૩૫

(૧૦૧) ૧૪૦, ૧૫૫; ૧૫૬, ૨૮૭; ૨૪૨, ૪૨૦; ૨૭૩, ૪૫૦

(૧૦૨) ૧૦૪, ૨૮૦

(૧૦૩) ૧૨, ૧૭૭; ૭૫, ૧૨૫; ૨૪૩, ૪૨૫; ૯૫, ૨૩૯, ૪૫૯

(૧૦૪) ૧૫૬, ૨૮૭; ૨૪૨, ૪૨૦; ૨૭૩, ૪૫૦

(૧૦૫) ૩૩, ૪૨૯

(૧૦૬) આગીતામાં ઉદાહરણ રૂપે થોડાં ગીતોની તૈયાર કરવામાં આવેલી અર્થયાદી ગુજરાતી ભાષા જાણનાર ઘોડિયા ભાષાના ભાષકો દ્વારા તૈયાર કરવામાં આવી હોવાથી, સ્વભાષા યા સ્વજાતિના અભ્યાસીઓનાં સામર્થ્ય અને મર્યાદાઓ એ બન્નેની અસર આ યાદીમાં વરતાય છે, અને તે રીતે ઘોડિયા ભાષકોને સહજ લાગતા અને ગુજરાતી ભાષકોને સમજવા મુશ્કેલ લાગતા કેટલાય શબ્દો આ યાદીમાં રહી ગયા છે. અહીં શબ્દની સામે દર્શાવેલો આક ગીતનંબરનો છે.

| | | | |
|---|---|---|---|
| અરિયા | ૪ | પીંજરો | ૧૬ |
| બાહરા | ૭ | આયતી | ૧૭ |
| હોધજા | ૭ | દુહરા | ૧૭ |
| ઝુલેર | ૮ | હ્યામાં | ૧૯ |
| લાગ | ૮ | દલરે | ૧૯ |
| દવરામાં | ૮ | તુણો | ૨૦ |
| બણી | ૯ | ભળેવા | ૨૦ |
| જીરી | ૯ | કેધે | ૨૧ |
| રહ્વ | ૧૦ | તેધે | ૨૧ |
| બઠી | ૧૩ | તુંઆ | ૨૩ |
| હઅરી | ૧૪ | તુણ્યા | ૨૩ |
| માથાયી | ૧૫ | પડતા | ૨૫ |
| હાડી | ૧૫ | વાગ્ની | ૨૭ |



| | | | |
|---|---|---|---|
| તેવર | ૨૭ | તાય | ૩૮ |
| હેર | ૨૭ | ટીડરીઓ | ૩૯ |
| અહેણ્યા | ૩૦ | અવે | ૩૯ |
| બાહ્ | ૩૦ | તુણ્યા | ૩૯ |
| પીઠીયાવેસ | ૩૧ | બાલંડો | ૪૨ |
| બ્હણી | ૩૩ | લૈંરી | ૪૨ |
| ગરમટોડી | ૩૪ | મ્હાણો | ૪૨ |
| લેલણ્યુ | ૩૮ | | |

(૧૦૭) ૨૫૫,

(૧૦૮) ૧૦, ૮૬

(૧૦૯) ૮૪, ૮૯

(૧૧૦) ૯૨

(૧૧૧) ૧૭૫

(૧૧૨) ૩૨૨

(૧૧૩) દા. ત. પ્રસ્તુત ગીતસંચયમાં ગુજરાતી હિંદુજ્ઞાતિઓમાં જોવા મળતાં સંખ્યાબંધ નામો જોવા મળ્યા છે. નામની સામે દર્શાવવામાં આવેલો આંક ગીતનંબરનો છે.

| | | | |
|---|---|---|---|
| કમુબહેન | ૧૫૬ | મણીબહેન | ૧૩૨ |
| ગોપાળભાઈ | ૧૦૬ | હસુબેન | ૧૩૨ |
| ચંપા | ૧૬૧ | શાન્તિ | ૧૩૫ |
| દલુભાઈ | ૧૬૭ | મગનભાઈ | ૧૩૬ |
| મનુભાઈ | ૧૬૭ | નવનીતભાઈ | ૧૩૮ |
| સતીશભાઈ | ૨૦૬, ૩૯૯ | મનુ | ૧૪૧ |
| જીવણ્યુ | ૩૭ | મોહનભાઈ | ૧૪૩ |
| બાબુ | ૮૯ | નારણ્યુ | ૧૪૮ |
| મણીબાઈ | ૩૯૬ | ઠાકોર | ૧૯૯ |
| મનુબેન | ૧૨૭ | લલિતા | ૧૯૯ |
| બાપુભાઈ | ૧૩૨ | શંકર | ૨૦૫ |

(૧૧૪) ૪૮, ૨૩૧, ૨૩૭, ૨૫૫, ૪૩૫

(૧૧૫) ૧૯૯, ૩૦૫, ૪૨૦

(૧૧૬) ૫૦

(૧૧૭) ૨૯૭

(૧૧૮) ૪૮, ૫૦, ૫૬, ૫૭, ૨૫૪

(૧૧૯) ૨૪, ૩૦, ૯૦, ૨૨૯, ૨૪૨, ૪૨૦, ૪૨૭

(૧૨૦) ૧૭, ૪૨, ૫૭, ૩૪૫, ૪૨૦

(૧૨૧) ૫૧, ૨૫૫, ૩૪૫, ૪૬૧

(૧૨૨) ૩૪૫, ૪૨૦

(૧૨૩) ૨૪૨, ૪૨૦

(૧૨૪) ૨૪

(૧૨૫) ૪૨, ૯૦, ૩૪૫, ૩૭૩

(૧૨૬) સોની [૩૫૯, ૪૨૦], નાગર [૧૩૬], માળી [૯૩, ૨૨૯], ભરવાડ [૩૭૭], ભંગી [૧૩૦, ૧૪૧, ૧૯૯], વણુકર [૫૪, ૧૯૧], જોગી [૩૬૪], રબારી, માછી અને ભંડારી [૨૮૮(૧)].

(૧૨૭) ઘોડિયાઓની આસપાસ વસતી આદિવાસી જાતિઓમાં વિવિધ વિસ્તારોમાં ચૌધરી કોકણા, કુનબી, વારલી, ગામીત, ભીલ, નાયક કોટવાળિયા, કોલચા વગેરે આદિવાસી જાતિઓનો સમાવેશ થાય છે.

(૧૨૮) ૨૪૨

(૧૨૯) ૮૦

(૧૩૦) ૩૨૯, ૩૩૪

(૧૩૧) આ ગીતોમાં [૩૩૪] રામ, સીતાનો જેઠ-જેઠાણી તરીકેનો આદર્શ મુકાયો છે. પતિ-પત્નીના આદર્શમાં રામસીતાની [૧૬૬] તુલનામાં શંકર-પાર્વતીને મળેલું પ્રાધાન્ય [૧૬૬, ૩૩૪] પણ નોંધવા જેવું છે.

(૧૩૨) ૫૧. ઉપરાંત ૭૯, ૪૧૭

(૧૩૩) પ્રથમ કક્ષાનાં સગાંમાં વ્યક્તિનાં લોહીનાં સગાં એવાં, સગાં માતા, પિતા, પુત્ર, પુત્રી, ભાઈબહેન, પતિ યા પત્નીનો સમાવેશ થાય છે. દ્વિતીય કક્ષાનાં સગાંમાં પ્રાથમિક કક્ષાનાં સગાંનાં પ્રાથમિક સગાં અને તૃતીય કક્ષાનાં સગાંમાં દ્વિતીય કક્ષાનાં સગાંનાં પ્રાથમિક યા દ્વિતીય કક્ષાનાં સગાં વગેરેનો સમાવેશ થાય છે.

(૧૩૪) ૧૦૭, ૧૪૮, ૨૪૪, ૨૮૩, ૨૮૮, ૨૯૦, ૩૧૭

(૧૩૫) ૧૧૦, ૧૧૨, ૧૧૩, ૧૧૪, ૧૧૬, ૧૩૪, ૧૩૭, ૨૮૮, ૨૮૮(૧), ૨૯૨, ૩૦૧

(૧૩૬) ૧૧૪, ૧૫૯, ૧૬૩, ૧૬૫, ૧૬૬, ૧૮૮

(૧૩૭) ૧૪, ૬૬

(૧૩૮) ૧૨૮, ૧૨૯, ૧૩૯, ૧૬૩

(૧૩૯) ૧૩૫

(૧૪૦) ઉદાહરણુ રૂપે કેટલાંક ગીતોમાં વ્યક્ત થયેલા વાંક નીચે પ્રમાણેના છે.

(૧) અમે રેશમી સાડી માગી; તમે સુતરાઉ કાપડ લાવ્યા. ૧૭૫

(૨) સ્વપક્ષ નવા જમાનાનો; પરપક્ષ જૂના જમાનાનો. ૧૬૧

(૩) સ્વપક્ષ આગળ; પરપક્ષ પાછળ. ૨૧૬

(૪) સ્વપક્ષ આગેવાન; પરપક્ષ અનુગામી. ૨૧૬

(૫) સ્વપક્ષ માર્ગદર્શક; પરપક્ષ અજાણુ. ૨૪૪

(૬) સ્વપક્ષ વ્યવહારકુશળ; પરપક્ષ સૂઝવિહોણો. ૨૭૩

(૭) સ્વપક્ષ તાપીના પાણીથી સ્નાન કરે; પરપક્ષ ખાડાના પાણીથી. ૩૦૪

(૮) સ્વપક્ષ દહીમાખણુથી સ્નાન કરે; પરપક્ષ કૂવા પાણીથી. ૩૦૪

(૯) સ્વપક્ષ પાટલે બેઠો; પરપક્ષ ઉકરડે. ૧૪

(૧૦) સ્વપક્ષ રૂપિયા ગણે; પરપક્ષ કાંકરા ગણે. ૧૪

(૧૧) સ્વપક્ષ અંગરેજી; પરપક્ષ ગુજરાતી. ૧૭૫



(૧૨) સ્વપક્ષે સાચું માગ્યું; પરપક્ષ જુઠું લાવ્યો. ૨૩૬, ૨૪૫

(૧૩) પરપક્ષ વિલંબ કરનાર. ૨૭૨

(૧૪) પરપક્ષ ખાઉધરો. ૨૭૪, ૨૯૦

(૧૫) પરપક્ષ લઘરવઘર. ૨૬૯

(૧૬) પરપક્ષ ભૂલકણો. ૨૬૯

(૧૭) પરપક્ષ દૂરનો રહેવાસી. ૨૧૨, ૨૬૨

(૧૮) સ્વપક્ષ ઊંચી જ્ઞાતિનો; પરપક્ષ નીચી ગણાતી જ્ઞાતિનો. ૩૦૫

(૧૪૧) ૧૬૫, ૧૬૬, ૧૭૩, ૩૨૯, ૩૩૪

(૧૪૨) ૧૬૯

(૧૪૩) ૧૩૭, ૧૩૮, ૨૫૫

(૧૪૪) ૩૨૨

(૧૪૫) ૧૧

(૧૪૬) આગળ નિર્દેશ કર્યો છે તે રીતે અહીં પણ પ્રાથમિક કક્ષાનાં સગાંમાં સગાં માતપિતા, પુત્ર પુત્રી, સગાં ભાઈ બહેન અને પતિ પત્નીનો સમાવેશ કર્યો છે.

(૧૪૭) ૧, ૩, ૪, ૧૨, ૧૩, ૧૪, ૩૯, ૪૫, ૫૮, ૬૦, ૭૮, ૧૧૭, ૧૨૪, ૧૨૮, ૧૩૬, ૧૪૦, ૧૪૨, ૧૪૫, ૧૪૬, ૧૫૭, ૧૬૫, ૧૭૧, ૧૭૭, ૧૭૮, ૧૮૫, ૧૮૭, ૧૮૯, ૧૯૦, ૨૦૦, ૨૦૪, ૨૦૭, ૨૧૭, ૨૧૯, ૨૨૧, ૨૨૫, ૨૨૭, ૨૨૮, ૨૩૨, ૨૩૯, ૨૪૭, ૨૫૩, ૨૬૨, ૨૬૪, ૨૭૭, ૨૮૧, ૨૮૨, ૨૮૬, ૨૮૭, ૩૦૬, ૩૧૨, ૩૧૪, ૩૧૬, ૩૨૦, ૩૨૩, ૩૨૬, ૩૩૦, ૩૪૦, ૩૪૪, ૩૪૬, ૩૫૧

(૧૪૮) ૧, ૯, ૩૦, ૮૦, ૨૩૪, ૩૪૧

(૧૪૯) ૯, ૧૫, ૨૪, ૨૫, ૨૮, ૨૯, ૩૭, ૪૫, ૪૬, ૪૮, ૫૬, ૫૯, ૬૯, ૭૩, ૭૭, ૭૮, ૭૯

(૧૫૦) ૧૮, ૧૪૨, ૧૭૨, ૨૧૫, ૨૨૦, ૨૨૧, ૨૩૪, ૨૫૭, ૨૬૮, ૨૭૦, ૨૮૭, ૩૧૪, ૩૨૧, ૩૨૬, ૩૨૯, ૩૩૦

(૧૫૧) ૩૬, ૭૧, ૧૭૧, ૧૭૨, ૨૦૦, ૨૧૭, ૨૨૦, ૨૨૨, ૨૨૮, ૨૫૭, ૨૮૧, ૨૮૪, ૨૮૬, ૨૮૮, ૩૨૧, ૩૨૨, ૩૨૬, ૩૩૦, ૩૩૪

(૧૫૨) ૧૦૬, ૧૨૪, ૧૨૬, ૧૪૭, ૧૫૩, ૧૫૮, ૧૮૪, ૧૮૮, ૧૯૧, ૨૦૪, ૨૦૯, ૨૧૧, ૨૨૪, ૨૩૨, ૨૩૭, ૨૪૧, ૨૫૦, ૨૫૩, ૨૫૪, ૨૬૯, ૨૮૨, ૨૮૫, ૨૯૪, ૨૯૮, ૩૦૬, ૩૧૨, ૩૧૪, ૩૧૫, ૩૧૬, ૩૨૩, ૩૩૦, ૩૩૫, ૩૩૬, ૩૪૧, ૩૪૨, ૩૪૫, ૩૪૬

(૧૫૩) ૧૦, ૬૫, ૧૦૬, ૧૨૪, ૧૮૪, ૨૦૯, ૨૨૮, ૨૩૭, ૩૦૬, ૩૧૨, ૩૧૫, ૩૧૬, ૩૨૩, ૩૩૫, ૩૫૬

(૧૫૪) ૪૮, ૫૫, ૫૬, ૫૭, ૭૮, ૯૯, ૧૮૬, ૨૧૧, ૨૩૦, ૨૩૭, ૨૪૯, ૨૫૪, ૨૬૨, ૨૯૫, ૩૦૩, ૩૧૨, ૩૧૬, ૩૩૧

(૧૫૫) ૯૯, ૨૫૪, ૩૦૩, ૩૩૧

(૧૫૬) ૩૨, ૧૭૨, ૨૧૭, ૨૨૦, ૩૨૯, ૩૪૯

(૧૫૭) ૬૨, ૩૨૯
(૧૫૮) ૫૦, ૧૨૪, ૧૩૩
(૧૫૯) ૧૧, ૫૭, ૧૪૦, ૧૪૯
(૧૬૦) ૧૫, ૧૧૨, ૧૧૫, ૧૪૯, ૧૬૯, ૨૦૫, ૨૩૬, ૨૪૪, ૨૪૫, ૨૮૮, ૨૯૨, ૩૪૨
(૧૬૧) ૧૪૯, ૨૪૪, ૨૯૯
(૧૬૨) ૧, ૧૫, ૧૬, ૨૪૯, ૨૯૪, ૩૨૧
(૧૬૩) ૧, ૨૫, ૨૪૯, ૨૯૪, ૩૨૧
(૧૬૪) ૩૨૨, ૩૨૯, ૩૩૦, ૩૩૪, ૩૪૧, ૪૫૩
(૧૬૫) ૬૨, ૨૧૫, ૩૨૨, ૩૨૯, ૩૩૮, ૪૫૩
(૧૬૬) ૩૨૧, ૪૫૩
(૧૬૭) ૬૩, ૨૧૫, ૨૧૭, ૨૨૦, ૨૭૦, ૩૦૬, ૩૨૧, ૪૫૩
(૧૬૮) ૭, ૮, ૩૪, ૮૭, ૮૯
(૧૬૯) ૧૦
(૧૭૦) ૩૧૪
(૧૭૧) ૨૮૮ (૧)
(૧૭૨) ૨૧૧, ૨૩૭, ૨૮૩, ૩૩૨, ૩૩૮, ૩૮૧
(૧૭૩) ૧૮૧, ૧૯૨
(૧૭૪) ૧૫, ૨૯, ૧૪૦, ૧૫૫, ૧૬૫, ૧૭૭, ૧૯૨, ૩૦૬, ૩૨૪, ૩૨૮, ૩૪૦
(૧૭૫) ૧૪૦, ૧૫૫, ૧૭૨, ૧૭૯, ૨૮૩, ૩૧૪, ૩૧૫, ૩૪૦, ૩૪૯, ૩૫૬
(૧૭૬) ૧૦૪, ૧૦૮, ૨૮૩
(૧૭૭) ૧૦૪, ૧૦૮, ૩૨૦
(૧૭૮) ૨૨૦, ૨૮૪, ૩૨૯, ૩૩૩, ૩૩૪, ૩૯૦, ૩૯૧, ૩૯૨, ૩૯૩, ૩૯૪, ૪૫૩, ૪૫૫, ૪૫૬
(૧૭૯) ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૮, ૧૯
(૧૮૦) ૧૮૩
(૧૮૧) ૬૧
(૧૮૨) ૫૨
(૧૮૩) ૬૯, ૧૨૭, ૧૪૧, ૨૬૨
(૧૮૪) ૨૬૪
(૧૮૫) ૧૪
(૧૮૬) ૨૩૭, ૪૨૨, ૪૨૩
(૧૮૭) ૩૦૯, ૩૫૭
(૧૮૮) ૧૪૮
(૧૮૯) ૧૩૨
(૧૯૦) ૯૭, ૧૦૬



(૧૯૧) ૧૪૮
(૧૯૨) ૪૮, ૧૭૬, ૨૩૧, ૨૩૭, ૨૫૫
(૧૯૩) ૩૬, ૯૯
(૧૯૪) આ દષ્ટિએ ઉદાહરણ તરીકે આપણે જો ગીત નં. ૧૨ને લઈએ તો

(૧) તેમાં ધનવૈપુલ્યના સામાજિક મોભાના,
(૨) ઔદાર્યના,
(૩) વયસન્માનના,
(૪) પુરુષ વડીલ પિતાની ચાલ્લા પ્રસંગની ભૂમિકાના,
(૫) પિતા માટેના નિજત્વના,
(૬) લહેરી સ્વભાવના ઉમદાપણાના
(૭) મંગલ પ્રસંગને શોખથી માણવાનાં સામાજિક મૂલ્યોનો નિર્દેશ થાય છે.

આ ગીતના સહજ, સ્વાભાવિક, હળવાશસભર, અદ્‌ભુત શબ્દચયનમાંથી ઊભા થતા તાલ-ધ્વનિના સુભગ-સમન્વયને મસ્તીથી માણવાનો મોકો ગાયક-શ્રોતાગણ, પ્રેક્ષકગણને મળે છે એ વધારામાં.

(૧૯૫) ૮૭, ૩૪૮, ૩૫૧, ૩૭૬, ૩૭૯, ૩૯૪, ૪૦૮
(૧૯૬) ૯૪, ૯૫, ૧૧૨, ૧૧૪, ૧૨૮, ૧૪૫, ૨૨૫, ૨૩૯, ૨૫૩, ૨૭૯, ૩૪૧, ૩૪૭, ૩૫૬, ૪૪૨, ૪૪૭
(૧૯૭) ૧૦૨, ૨૧૫, ૨૭૧, ૨૯૯, ૩૧૧, ૩૧૫, ૩૩૫, ૩૩૬, ૩૩૭, ૩૩૮
(૧૯૮) ૧૦૨, ૨૭૦, ૨૭૧, ૩૩૭, ૩૫૯, ૩૭૨, ૩૭૪, ૩૮૧
(૧૯૯) ૪૨, ૩૧૫, ૩૩૬, ૩૩૮, ૩૮૧
(૨૦૦) ૭૮, ૨૫૪
(૨૦૧) ૨૩૩, ૩૩૮, ૪૧૭
(૨૦૨) ૩૩૬, ૪૧૭
(૨૦૩) ૩૩૬
(૨૦૪) ૩૫૯, ૩૭૨
(૨૦૫) ૧૪, ૧૮, ૮૨, ૩૧૧, ૩૩૭
(૨૦૬) ૧૫, ૬૯, ૭૪, ૧૦૨, ૧૩૩, ૧૩૬, ૧૪૦, ૧૬૧. ૧૬૨, ૧૭૫, ૨૧૫, ૩૧૫, ૩૨૮, ૩૨૯, ૩૩૫, ૩૩૭, ૩૭૪, ૩૭૯
(૨૦૭) ૭૪, ૧૩૩, ૩૨૮, ૩૩૭
(૨૦૮) ૩૩૭
(૨૦૯) ૧
(૨૧૦) ૬૯, ૧૩૬, ૧૮૦, ૨૫૪, ૩૪૫
(૨૧૧) ૧૬, ૧૮૮
(૨૧૨) ૧૭
(૨૧૩) ૪૨, ૪૪૬

(૨૧૪) દંગડા – પહેરણુ [૪૨], પાઘડી [૧૬], કફની [૧૭], ફાળિયું [૩૩૩], લુગડું [૬૮], પેન્ટ [૪૩૨, ૪૪૭, ૪૪૯]વ૦.

(૨૧૫) ૩૩, ૮૧, ૧૫૨, ૧૫૯, ૧૮૯, ૨૨૪, ૨૩૫, ૩૧૫

(૨૧૬) ૨૨, ૪૮

(૨૧૭) ૨૨

(૨૧૮) ૨૧

(૨૧૯) ૪૩

(૨૨૦) ૪૩, ૪૯, ૧૪૯, ૧૯૭, ૨૩૩, ૨૫૦, ૨૬૦, ૨૯૩

(૨૨૧) ૨૫, ૬૭, ૭૩, ૨૬૦

(૨૨૨) ૧૯૨

(૨૨૩) ૧૩, ૧૧૫, ૧૨૭, ૨૧૩, ૩૭૫

(૨૨૪) ૨૪, ૨૫, ૨૭, ૨૮, ૩૦, ૩૫, ૩૮, ૬૭, ૧૪૪, ૧૮૪, ૧૯૨, ૨૦૯, ૨૨૪, ૨૪૮, ૩૦૦, ૪૨૯

(૨૨૫) ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૩૮, ૬૭, ૧૪૪, ૧૯૨, ૨૦૨૨૪૩

(૨૨૬) ૧૩, ૨૫, ૫૩, ૬૩, ૬૭, ૧૪૩, ૨૭૪

(૨૨૭) ૧૫૪, ૨૯૧

(૨૨૮) ૨૩૧

(૨૨૯) ૧૫૦

(૨૩૦) ૬૮, ૧૧૨

(૨૩૧) ૨૧૩, ૨૬૬

(૨૩૨) એલચી [૨૧૩], ખજૂર, કોપરાં, દાળિયા, મમરા [૨૬૧].

(૨૩૩) ૧૬, ૨૪, ૭૩, ૧૭૪, ૨૦૪, ૨૧૧

(૨૩૪) ૨૪૦, ૨૭૪, ૪૦૧, ૪૩૪

(૨૩૫) ૮૮, ૨૪૦

(૨૩૬) ૨૩, ૮૦, ૩૯૬

(૨૩૭) પાડો [૨૭૪, ૩૭૩], ગધેડુ [૨૪૦], ભેંસ [૨૪૦], બળદ [૪૩], વાંદરો [૧૩૫, ૩૫૬], અને બિલાડી [૮૮] વ૦.

(૨૩૮) ૬, ૭૪, ૧૨૩

(૨૩૯) ૮૬, ૧૨૨, ૧૫૭

(૨૪૦) ૫૨, ૫૮, ૧૪૬, ૧૮૫, ૨૯૦, ૩૯૧

(૨૪૧) કાળોકોશી — ઢેચૂડિયો [૧૧૯, ૩૯૧], પોપટ [૧૫૭], કાગડો [૩૯૧], કવચડી [૩૯૦], ચકલી [૧૬૭]; ઉપરાંત રૂપક સ્વરૂપે 'પંખી'નો નિર્દેશ [૩૨૪, ૩૩૨, ૩૩૮].

(૨૪૨) ૮૬, ૧૨૨, ૧૨૩, ૧૯૫, ૨૫૨, ૩૫૬

(૨૪૩) ૬૨, ૯૧, ૧૦૫, ૩૩૯



(૨૪૪) ૧૭૪, ૨૧૯, ૩૦૯, ૩૫૭

(૨૪૫) ૨૦૨, ૨૮૧, ૨૮૮, ૩૫૪

(૨૪૬) ૪૧૮, ૪૫૭

(૨૪૭) ૧૦૫

(૨૪૮) ૨૨૧

(૨૪૯) ૧૦૮

(૨૫૦) ૩૫૬

(૨૫૧) ૨૫૨. ઉપરાંત વાંસ [૪૯], આવળ [૪૧૭]

(૨૫૨) ૧૧૨, ૨૭૪, ૨૮૮ (૧)

(૨૫૩) ૩૦૨

(૨૫૪) ૧૧૪, ૨૭૪, ૪૩૯; ઉપરાંત કમદાં [૧૧૧],બોર [૩૬૯], કેરી [૩૩૫] દ્રાક્ષ [૨૫૩] વગેરેના નિર્દેશ મળે છે.

(૨૫૫) ૯, ૯૪, ૧૨૮, ૧૨૯

(૨૫૬) ૫૦

(૨૫૭) ૪૨, ૯૩

(૨૫૮) ૯૪, ૧૨૮, ૩૪૭

(૨૫૯) ૩૪૭

(૨૬૦) દા. ત. નિર્દેશિત અન્ય છોડમાં આવળ [૪૧૭], કેળ [૧૦૮, ૩૫૭, ૪૧૮], તુલસી [૪૧૭, ૪૧૮], દાડમ [૩૪૭], કપાસ [૮૭], જમરૂખી [૩૩૬], તનમનિયા [૩૬૭] નો પણ સમાવેશ થાય છે.

(૨૬૧) ૩૨, ૬૫, ૬૬, ૧૪૭, ૧૫૧, ૨૧૦, ૨૨૨, ૨૨૮, ૩૦૪, ૪૦૪, ૪૩૮, ૪૪૦; અન્યગીતમાં [૧૪૬, ૧૭૪].

(૨૬૨) ૩૭૦, ૩૮૬, ૪૧૧

(૨૬૩) ૪૦, ૯૦, ૧૩૯, ૧૫૦, ૧૭૬, ૪૧૪, ૪૧૫, ૪૨૫, ૪૨૬, ૪૩૫, ૪૪૩

(૨૬૪) ૧૬, ૪૦, ૧૮૦, ૩૯૫

(૨૬૫) ૧૫૦

(૨૬૬) ૩૩૭

(૨૬૭) ૨૬૧અ, ૩૪૨, ૩૫૮

(૨૬૮) ૩૨૫

(૨૬૯) ૩૨૭

(૨૭૦) ૩૦૭

(૨૭૧) ૩૬૩

(૨૭૨) ૩૬૧

(૨૭૩) ૧, ૪, ૫, ૧૦, ૧૨, ૧૪, ૧૬, ૧૭, ૨૫, ૨૮, ૨૯, ૩૯, ૫૦, ૫૯, ૬૪, ૬૬, ૬૭, ૬૯, ૭૦, ૭૩, ૭૪, ૭૬, ૭૭, ૭૮, ૮૦, ૮૧, ૮૨, ૮૬, ૮૮,

૯૧, ૯૨, ૯૫, ૧૦૪, ૧૦૫, ૧૦૬, ૧૦૭, ૧૦૮, ૧૧૦, ૧૧૬, ૧૧૭, ૧૫૮, ૧૫૯, ૧૬૦, ૧૬૭, ૧૬૯, ૧૭૦, ૧૭૪, ૧૮૦, ૧૮૪, ૧૮૮, ૧૮૯, ૧૯૭, ૧૯૯, ૨૦૪, ૨૦૯, ૨૧૧, ૨૧૨, ૨૧૩, ૨૧૪, ૨૧૬, ૨૧૭, ૨૨૪, ૨૩૨, ૨૩૯, ૨૪૧, ૨૫૩, ૨૫૪, ૨૬૫, ૨૬૭, ૨૬૯, ૨૭૩, ૨૯૩, ૨૯૬, ૩૦૦, ૩૦૩, ૩૦૪, ૩૦૫, ૩૦૬, ૩૦૭, ૩૦૮, ૩૦૯, ૩૧૦, ૩૧૩, ૩૧૫, ૩૧૭, ૩૩૪, ૩૪૬, ૪૧૬, ૪૧૭, ૪૩૦, ૪૪૫, ૪૪૬, ૪૪૭, ૪૪૮, ૪૪૯ (?) ૪૫૪(?)

(૨૭૪) ૨, ૩, ૬, ૭, ૮, ૯, ૧૫, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૪૩, ૫૪, ૬૩, ૬૫, ૭૯, ૮૫, ૮૭, ૮૯, ૯૦, ૯૩, ૯૪, ૯૬, ૯૭, ૯૮, ૧૦૦, ૧૦૧, ૧૦૨, ૧૦૩, ૧૨૦, ૧૨૧, ૧૨૨, ૧૨૩, ૧૫૧, ૧૫૫, ૧૫૬, ૧૫૭, ૧૬૧, ૧૬૨, ૧૭૫, ૧૯૦, ૧૯૧, ૧૯૨, ૧૯૩, ૧૯૮, ૨૦૦, ૨૦૨, ૨૦૭, ૨૧૫, ૨૧૮, ૨૧૯, ૨૨૦, ૨૨૨, ૨૨૫, ૨૨૭, ૨૨૮, ૨૨૯, ૨૩૩, ૨૩૪

(૨૭૫) ૧૫૩, ૧૫૪, ૧૭૯, ૧૮૬, ૨૦૧, ૨૦૬, ૨૦૮, ૨૩૫, ૨૩૭, ૨૩૮, ૨૪૨, ૨૪૩, ૨૪૪, ૨૪૯, ૨૫૦, ૨૫૧, ૨૫૨, ૨૫૫, ૨૫૮, ૨૫૯, ૨૬૩, ૨૭૨, ૨૭૯, ૨૮૦, ૨૯૦, ૨૯૭, ૨૯૯

(૨૭૬) ૧૬૫, ૧૬૬

(૨૭૭) ૪૩, ૪૫, ૫૪, ૬૪, ૬૫, ૬૬, ૬૭, ૪૩૯, ૪૪૩, ૪૪૪

(૨૭૮) ૧૨૧, ૧૮૧; ૭૫, ૧૨૫; ૨૨૫, ૨૫૩; ૪૦૩, ૪૩૮; ૩૩૦, ૪૪૨

(૨૭૯) ૧૬૫, ૧૬૬

(૨૮૦) ૭૮

(૨૮૧) ૧૮૧

(૨૮૨) ૩૭૬



## સંદર્ભસૂચિ

### (અ) મ. દે. સમાજ સેવા મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદના અપ્રકાશિત નિબંધો


ગરાસિયા યશોદાબહેન છાયલાભાઈ ૧૯૬૭ : અલગર ગામની ઘોડિયા કોમની સામાજિક તપાસ

ગરાસિયા રેવાબહેન નીછાભાઈ ૧૯૬૯ : ફૂલવાડી ગામના ઘોડિયાઓની સાંસ્કૃતિક તપાસ

ઠાકોર નીરાબહેન આયતાભાઈ અતારીખીય : ખાટવેલ ગામની ઘોડિયા કોમની સામાજિક તપાસ.

ઠાકોર સાવિત્રીબહેન નરસિંહભાઈ ૧૯૭૦ : રાજપુરી (તલાટ) ગામની ઘોડિયા કોમની તપાસ

પટેલ અરુણાબહેન મકનજીભાઈ ૧૯૭૦ : આદિવાસીઓનું લોકસાહિત્ય (ચીંચાઈ ગામને કેન્દ્રમાં રાખીને.)

પટેલ ઉષાબહેન છોટુભાઈ ૧૯૬૯ : ઘોડિયા જાતિનું સાંસ્કૃતિક પરિવર્તન (ધોરવાડા ગામને કેન્દ્રમાં રાખીને)

પટેલ ચંપાબહેન પરભુભાઈ ૧૯૭૦ : ગાંગડિયા ગામની ઘોડિયા કોમની સામાજિક તપાસ.

પટેલ જશભાઈ મોરારભાઈ ૧૯૭૦ : વહેવેલ ગામની ઘોડિયા જ્ઞાતિની સામાજિક તપાસ.

પટેલ ડાહ્યાભાઈ ભીખાભાઈ ૧૯૫૯ : સુરત જિલ્લાની ઘોડિયા કોમ (ધરમપુર, મહુવા તાલુકાને મધ્યમાં રાખીને).

પટેલ પ્રેમિલાબહેન જીવણજી ૧૯૬૯ : કંડોલપાડા ગામની ઘોડિયા કોમની સામાજિક તપાસ (શિક્ષણને મધ્યમાં રાખીને).

પટેલ બાલુભાઈ મગનભાઈ ૧૯૭૧ : અરામા ગામની ઘોડિયા જાતિનું ધાર્મિક જીવન

પટેલ મનુભાઈ નાથુભાઈ ૧૯૬૭ : કુંકેટા ગામના ઘોડિયા લોકોની સામાજિક તપાસ.

પટેલ લક્ષ્મીબહેન છગનભાઈ ૧૯૭૪ : આદિવાસી ઘોડિયા જાતિનાં લગ્નગીત.

પટેલ શંકરલાલ બુધિયાભાઈ ૧૯૬૭ : ધરમપુર તાલુકાના આદિવાસીનાં લોકગીતોમાં સાંસ્કૃતિક જીવન.

ભાટ ગોપાળભાઈ ભગાભાઈ ૧૯૬૭ : ખરવાણ ગામની ઘોડિયા કોમની સામાજિક તપાસ.


### (બ) ઇતર :


તડવી રેવાબહેન અને
તડવી શંકરભાઈ સોમાભાઈ ૧૯૮૧ : તડવી લગ્નગીતો અને વિધિઓ, પાવી, જેતપુર

દળવી મોહનભાઈ ૧૯૭૭ : ઘોડિયા જ્ઞાતિનો ઇતિહાસ, મુંબઈ

નાયક ઠા. ભા. ૧૯૭૯ : દૂબળાનાં લોકગીતો, ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ

પટેલ મંછારામ
૧૯૮૦ : 'ઘોડિયા જાતિમાં ગવાતાં લગ્નગીતો' **આદિવાસી ગુજરાત**, વર્ષ ૩, અંક ૧

પટેલ સોમાભાઈ
૧૯૮૪ : 'ઢોડિયા જાતિના લગનના રીવાજો' **વીરડા**, વર્ષ ૪, અંક ૧

સોલંકી સિદ્ધરાજ સુરજીભાઈ
૧૯૬૬ : 'શામળાજીના ગરાસિયા આદિવાસીઓનાં લગ્નગોતો,' **આદિવાસી સંદેશ**, વર્ષ ૩, અંક ૩
૧૯૭૩ : શામળાજીના ગરાસિયાઓ (ત્સાંમળેજીનૂગ ગરાહજ્જ) : સગાઈ સંબંધનું એક અધ્યયન, (ગુજરાત યુનિ૰નો અપ્રકાશિત પીએચ. ડી. મહાનિબંધ, અમદાવાદ)
૧૯૭૭ : ગુજરાતના આદિવાસી લોકસાહિત્યનું વિહંગાવલોકન, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.
૧૯૮૩ : 'આદિવાસી લોકસાહિત્ય : કેટલાંક તારણો,' **વીરડા**, વર્ષ ૩, અંક ૪
૧૯૮૪ : 'ઘોડિયા ફૂળ યાદી,' **આદિવાસી સંદેશ**, વર્ષ ૨૧, અંક ૨


# ઘોડિયા જાતિમાં ગવાતાં લગ્નગીતો

**મંછારામ પટેલ**

[દક્ષિણ ગુજરાતની સાંસ્કૃતિક સંપર્કની ઠીક ઠીક અસર હેઠળ આવેલી એવી એક મહત્ત્વની આદિવાસી જાતિ – ઘોડિયાઓમાં લગ્નપ્રસંગે ગવાતાં જે તે જાતિના જ સંશોધકે એકત્રિત કરેલાં કેટલાંક લોકગીતોને અહીં વિધિક્રમાનુસાર મૂકયાં છે.

– **સંપાદકો**]

## ૧

### કન્યાને જોવા જાય ત્યારે [પ્રથમ વાર]

આથામાં બેડા, કાંખામાં બેડા, કાગરિયાળાં[1] બેડાં જો
આમલીયા થુડે[2] મ્હાણી ઓઢણી
ચાલા બાહ તે ચાલા આયા કન્યા એહરુ[3] જોવ્ના જો ... આમલીયા
આથામાં બેડાં, કાંખામાં બેડાં, કાગરિયાળાં બેડાં જો ,,
ચાલા કાકા, ચાલા કાકી, કન્યા એહરુ જોવ્ના જો ,,

૧. કાંગરીવાળું ૨. થડમાં ૩. જોવા

## ૨

### સગાઈ કરે ત્યારે

આખી ભૂંયે[1] ફિરી વળના પુણ[2] વેવું. નાંય મિળે વેવું
હાજી[3] અતી મ્હાણા છગાન ભાયાઈ પોહી[4]
તેણા હાથે[5] જોયડા આય વેવા

૧. બધે ઠેકાણે ૨. પરંતુ ૩. સુંદર ૪. છોકરી ૫. સાથે

## ૩

આધેના ગાંવામાંથી આવ્ના વણઝારા
આવી ઉતરને મ્હાણે ભુલાબાપાયે બારે[1]
ભુલાબાપા આપું[2] બેહાણુ[3] ઓફિયે[4]
બધેં બધેં[5] બહા[6], બે વાતું કરું
વાત આખીયે[7] તે વ્હેવાર જોડું
તુમણો[8] પોહો[9] ને આંમણી[10] પોહી[11]
મન તુણા[12] બાઝે[13] તે વેવાર માંડુ

૧. આંગણે (બારણે) ૨. આપણે ૩. બેસવાનું ૪. આપીએ ૫. બધાં ૬. બેસો ૭. કહીએ ૮. તમારા ૯. છોકરો ૧૦. અમારી ૧૧ છોકરી ૧૨. તમારું ૧૩. યોગ્ય લાગે તો

### ૪

કહેણુા બાલાયે[૧] લોંઠી[૨] વેચેવા કાયઠી[૩]
કોય ના લેઈ અરીયા કોય ના લેઈ
ભયરી કચેરીમાં મેરજી બાલો બોલ્નો
મેં જ વેચાતી લેઈરા અરીયા મેં જ વેચાતી લેઈ
ચઢતે પોરે બિયાના[૪] કધાં નમતે પ્હોરે બિયાના લેધા

૧. પિતાએ ૨. કન્યા ૩. લગ્ન કરવાનું વિચાર્યું ૪. માંગણું

### ૫

ચયડે પ્હોરે[૧] બિયાના[૨] રા કધાં
નમતે તે પ્હોરે બિયાના લેધાં
ભયરી કચેરીમાં કૂહેણો[૩] બાલો[૪] બોલ્નો
મેં વેચાતી લેંઈ[૫] લેઅરિયા
ભયરી કચેરીમાં મેરજીબાલો બોલ્નો
મેં વેચાતી લેંય લેઅરિયા...

૧. સવારથી બપોર સુધીમાં ૨. માંગણું ૩. કયો ૪. પિતા ૫. સગાઇ કરવી

### ૬

મ્હાણે આંગાણે, મ્હાણે આંગાણે આંબો ને આંબલી
તાં વહેતાય[૧], તાં વહેતાય મોરાને મોરલી
જીવણભાય વીંધે વીંધે મોરા ને મોરલી
રખે વીંધે, રખે વીંધે, મોરા ને મોરલા
એ તે મ્હાણી ચંપાબેનાયા પોહેલે
મ્હાણે આંગાણે, મ્હાણે આંગાણે, આંબો ને આંબલી

૧. રહે છે. વસેલાં છે.

### ૭

હાંબાથી[૧] લયખાં કાગળ બામણિયા વાંચાવજા
એ મ્હાણા બાહ્રરા હાજા[૨] જમાય હોધજા
હાલાણુ[૩] અહેરી, ચાલાણુ[૪] અહેરી પાઠી[૫] વેવાર જોડજા
એ મ્હાણા બાહ્રરા, હાજા જમાય હોધજા
કાળા અહેરી, ગોરા અહેરી[૬] પાઠી વેવાર જોડજા
એ મ્હાણી આયરા, હાજા જમાય હોધજા

૧. સાંબા (ગામ) ૨. સુંદર ૩. અઠકલો ૪. ચાલચલગત ૫. પછી ૬. જોઈને



### ૮

દયરામાં[૧] વાયળી ઝુલેર રા
ઝુલેર લેવ[૨] લાગ જાય
રમણીબોણીયે હહરા આખુની[૩] ઘણી લાજ
ઝુલેર લેંવ લાગ જાય
નવા જમાયને હહરો આખુની ઘણી ઓંહ – ઝુલેર
દયરામાં વાયળી ઝુલેર રા – ઝુલેર
મંગીબોણીયે આયડી આખુની ઘણી ઓંહ[૪] – ઝુલેર
નવા જમાયને આયડી આખુની ઘણી લાજ – ઝુલેર

૧. દરિયો ૨. લેવા માટે ૩. કહેવાની ૪. ઉમંગ

### ૯

મોગરાઈ કળી બણી કાંહે[૧] નાય ખીલ્ની[૨]રા
પાછાળ એહૂર[૩] તુંઆ કુણુ હાદે[૪]
પાછાળ એહૂર તુંઆ આયડી હાદે
આયડીયા વા'લ તુંઆ આજ રડવે
જીરી પાછા ફિરીને અહૂર તુંઆ કુણુ[૫] હાદે
બણીયા વ્હાલ તુંઆ આજ રડવે
પાછાળ એહૂર તુંઆ કુણુ હાદે
ભાયાયા હેત તુંઆ આજ રડવે

૧. શા માટે ૨. ખીલી ૩. જો ૪. બોલાવે ૫. કોણ

### ૧૦

પાણી ભરતાં રડે રા
નવી વઉ[૧] પાણી ભરેતાં રડે રા
દળ્ના[૨] દળતાં રડે રા
નવી વઉ દળ્ના દળતાં રડે રા
ભાભીયા એહૂરી ને રહ્વ રા
નવી વઉ ભાભીયા એહૂરીને રહ્વ[૩]રા

૧. વહુ ૨. દળણું ૩. રહે

### ૧૧

## ચાંલ્લો કરે ત્યારે

ઈ ચાંલ્લો કુણે ચડાયૂવો[1] રા મારવણી
ઈ ચાંલ્લો હાહુએ ચડાય્વો રા ,,
હાહુએ તો ખીજમાં ચડાય્વો રા ,,
બણીયે તો હરખે ચડાયૂવો રા ,,
ઈ ચાંલ્લો આયલીએ[2] ચડાયૂવો રા ,,
આયલીએ તો હરખે પેરાયૂવો રા ,,
વેવુએ તો ઓંહે[3] પેહરી લેધો રા ,,

૧. ચોડચો ૨. માતા ૩. હોંશથી, ઉમંગથી

### ૧૨

લેરી[1] રા લેરી મ્હાણો[2] ફેણો બાહો[3] આહે લેરી
લેરી રા લેરી મ્હાણો છગાનબાહો આહે લેરી
લાયખા ગજવામાં આથ કાયૂડી કોથળી ઈ જોડ
છોયૂડા કોથળીયા બંધ, તે તો કળહિયામાં[4] લાયખા
તે તો દળીંગ દેઈને બોલ્ના ... લેરી રા લેરી

૧. શોખીન ૨. મારો ૩. પિતા ૪. લોટામાં

### ૧૩

## દહેજ આપે ત્યારે

ઓટાલે[1] ચોખા વેરાય જોહે, ચોખામાં હોપારી રોપાય
હોપારીમાં બઠી મ્હાણી ભુવાની[2] દેવા, બઠી બઠી વીંજોટી ઘડાઈ
તોય જાય વીંજે મ્હાણી વીંજોટી. ઓટાલે જ ચોખા વેરાય
ચોખામાં હોપારી રોપાય

૧. ઓટલા ઉપર ૨. ભવાની માતા



### ૧૪

હાથાઈ અંગુઠી હઅરી, પાગાઈ[1] જૂઠી
પાગાઈ જૂઠી મ્હાણા રાય
ધીરુભાયાયો બાહ્, હઅરી પાટલે બેઠા
હઅરી પાટલે બેઠા[2] મ્હાણા રાય
સોરીયો[3] બાહ્ હઅરી ઉખેડે[4] બઠા
હઅરી ઉખેડે બઠા મ્હાણા રાય
ધીરુભાયાયો બાહ્ રૂપિયા ગણે
હઅરી રૂપિયા ગણે મ્હાણા રાય
સોરીયો બાહ્ કાંકરા ગણે

૧. પગની ૨. બેઠા ૩. કન્યાનો ૪. ઉકરડે

### ૧૫

દરિયામાં પડી વાટ, વેવાય આવ્તો[1] ઝુઝમારતો[2]
જહા[3] તુમણા[4] પૈહા વ્હાલા, તહી[5] આ'મણી[6] બહ્ણી વ્હાલી
જહો તુમણો ભાયો વ્હાલો, તહી આ'મણી બહ્ણી વ્હાલી
જહી તુમણી માથાયી હાડી વ્હાલી, તહી આ'મણી બહ્ણી વ્હાલી

૧. આવ્યો ૨. ઝડપથી ૩. જેવા ૪. તમારા ૫. તેવી ૬. અમારી

### ૧૬

## દે'જ નાંખ્યા પછી ગવાતું ગીત

લાલા ઘોડી, પીંજરો ચાપ[1], મ્હાણા લેરિયા રા દરજીડા
ઈ ઘોડી કહે્ણા હેરામાં જાય, " " " "
ઈ ઘોડી કાકા ઓરેવા[2] જાય, " " " "
ઈ ઘોડી વલહાડ હેરામાં જાય, " " " "
તીતે પાઘડી ઓરેવા જાય, " " " "
ઈ ઘોડી કહે્ણા હેરામાં જાય, " " " "
ઈ ઘોડી કાકા ઓરેવા જાય, " " " "
ઈ ઘોડી હુરેત હેરામાં જાય, " " " "
તીતે જામા[3] ઓરેવા જાય, " " " "

૧. ચાબુક ૨. ખરીદવા ૩. એક જાતનું પહેરણ (વર માટેના પોશાકમાં એ અનિવાર્ય ગણાતું)

## ૧૭

### પોશાક અંગેનું ગીત

રૂપિયા રા તું કે'ણા જાય ઘરે
રૂપિયા રા તું વાણી[૧] ઘરે જાય
વાણી રા માઁ કફની હીવી ઓફ[૨]
એક કફની મોટી ઓફ ને
દુહરી કફની આયતી ઓફ
ને ઉપ્પાર કાંય દુહરા થવા[૩] ઓફ
રૂપિયા રા તું કે'ણા ઘરે જાય
વાણી રા માઁ બંડી હીવી ઓફ
એક બંડી મોટી ઓફ ને
દુહરી બંડી આયતી ઓફ
તેણા ઉપ્પાર દુહરા થવી ઓફ

૧. દરજી ૨. આપ ૩. મૂકી

## ૧૮

### વીંટીનું ગીત

મ્હાણો માંડાવ ભરિયેલા[૧] ગાજે, ઘુઘરીઆળી વીંટી
ક્હેણી ઘુઘરિયાળી વીંટી વાજે, ,, ,,
ઈ વીંટી ઘડી આય[૨], નવલા હોનાઈ[૩] ,, ,,
ઈ વીંટી કુણુ પોવે[૪] રા વીંટી ,, ,,
ઈ વીંટી મ્હાણો મનુભાયો પોવે રા ,, ,,
મ્હાણો માંડાવ ભરિયેલા ગાજે, ,, ,,
મનુભાયો ઈ કારાણુ, રમેવા નાંય જાય ,, ,,
તેણી હાહુ બઉ લુચ્ચી કંઈ ,, ,,
મ્હાણે માંડાવ ભરિયેલા ગાજે ,, ,,
ઈ વીંટી ખચીને[૫] ઓરડે લેઈ રા ,, ,,
મ્હાણે માંડાવ ભરિયેલા ગાજે ,, ,,

૧. ભર્યો ભર્યો ૨. ઘડી છે ૩. સોનાની ૪. પહેરે ૫. ખૂંચવીને



## ૧૯

### હળદર વાટે ત્યારે

ઊંચા તે ડોગાર[૧], નીવચા[૨] તે આટ[૩]
તાઓ તે ભરાય, કાછીડાને આટ
અળદુ તે ઉતી, પુણુ મોંઘેરી બે।
રૂપિયા તે લેધા વીહ ને દહ
આજુ[૪] તે મ્હાણા હ્યામાં દલરે વીરા
મોંઘી તે મોંઘી પુણુ[૫] મોલ ખરસી[૬] લેંઉ

૧. ડુંગર ૨. નીચા ૩. હાટ (બજાર) ૪. આજે ૫. પણ ૬. ખરીદું

## ૨૦

અળદુ તુણો ગાંઠલો[૧] તો અટવાડે વેચાય
હધુ મધુ[૨] લે રા ભળેવા, ભાડા કરી લે

૧. ગાંઠિયો ૨. સોંઘુંમોંઘું

## ૨૧

આથામાં[૧] રા કામઠી[૨] કાંખામાં રા કાઠુ[૩]
કેધે રહ્યને ગોયલા રા રામ (૨)
ઠીકરે ઠીકરે અસવાર[૪] ભરાય
અળદુ વેચેવા ગોયલા રા રામ (૨)
તેધે રહ્યને ગોયલા રા રામ (૨)

૧. હાથમાં ૨. ધનુષ ૩. બાણ ૪. એક વાસણ

## ૨૨

ધાણુ[૧] રા ધાણુ તુંઆ ઓંમી[૨] જ
ગીતર ગવરાવી કાઢું રા
ધાણુ રા ધાણુ તુંઆ ઓંમી જ
તુર વજડાવી[૩] કાઢું રા
ધાણુ રા ધાણુ તુંઆ ઓંમી જ
થાળી વજડાવી કાઢું રા

૧. જથ્થો (અહીં હળદરનો) ૨. અત્યારે જ ૩. વગાડીને

## ૨૩

ભાલોસા[૧] રોયપા[૨] વાઘ રા વાઘ તુંઆ મારી[૩]
વાઘ તુણા કધા[૪] બે ભાગ રા વાઘ તુંઆ મારી
કુંભરાયે[૫] વાઘ રા નાહ[૬] રા વાઘ તુંઆ મારી
મ્હાણા ગાંડાંભાયાયે બહી[૭] નિશાન કધી વાઘ તુંઆ મારી

૧. ભાલા ૨. અડકાવવું ૩. મારી નાખીશ ૪. કર્યો ૫. નાના છોડનું ઝુંડ
૬. નાસી જા ૭. ચોક્કસ

## ૨૪

### પીઠી ચોળે ત્યારે

ગાંવામાં વસાઈ વો ઘાંચીડો વનમાળીડાં
તેલાની તિયારી રાખાવજા ”
ચપડે ધોડે ભાયા જોજી ”
ગાંવામાં વસાઈ વો કાછીડો ”
અળદાયી તિયારી રાખાવજા ”

## ૨૫

ભાયા તુણી અળાદ પડ્ની ટાંચી[૧] લાલ કહાંક કરીરા લાલ
ભાયા તુણા તેલ પયડા ટાંચા લાલ ” ” ”
ભાયા તુણી ભાભી પડ્ની લાજે લાલ ” ” ”
ભાયા તુણા હેદુર પડ્ના ટાંચા લાલ ” ” ”
ભાયા તુણી ભાભી પડ્ની લાજે લાલ ” ” ”
ભાયા તુણા ચોખા પડ્ના ટાંચા લાલ ” ” ”
ભાયા તુણી કાકી પડ્ની લાજે લાલ ” ” ”

૧. ઘટી પડી

## ૨૬

અળદી તું કાંહોતે[૧] રોપાયે
અળદી તું કિયારીયે રોપાયે
અળદી તું કોહોલિયે[૨] હિંપાયે
અળદી તું ઘણી જ હુંઘી[૩] દે હું
અળદી તું પાવલે જ પાંછેર વેચાયે

૧. કયાં ૨. કોસ વડે (ચામડાંનો) ૩. સોંઘી



## ૨૭

પાખરામાં[૧] ઠેઠ[૨] વાગ્ની અળદુ ટાંચક[૩] પડે (૨)
ચાલા રા બાવા હેર જાબ્ના અળદુ હોરી[૪] લાવુના (૨)
અળદુયો મોલ કરી રા, તેવર કાશી બોલીએ
પાખરામાં ઠેઠ વાગ્ની, તેલ ટાંચક પડે (૨)
ચાલા રા બાવા હેર જાબ્ના તેલ હોરી લાવુના (૨)

૧. ભીંત પાછળનો ભાગ ૨. ઠોકર ૩. ઓછી ૪. ખરીદી લેવું

## ૨૮

ભાયો તો બોહુ[૧] રા રંગે રંગે ભરાય
ભાયો તો તેલાયો પેરેલો[૨] વાટ એ'રે
ભાયો તો બોહુરા રંગે રગે ભરાય
ભાયો તો અળદુયો પેરેલો વાટ એ'રે
ભાયો તો બોહુ રા રંગે રંગે ભરાય
ભાયો તો ચાંલ્લો પેરેલો વાટ એ'રે

૧. બહુ ૨. (તેલવડે) ચોળાયેલો

## ૨૯

ભાયા તુંઆ કુણે રા ભરાવી રાવણુ[૧] ખોબલી[૨]
ભાયા તુંઆ બાવાયે[૩] ભરાવી ” ”
ભાયા તુંઆ બાવાયે લાડ લડાવી ” ”
ભાયા તુંઆ રાજા કરી બહાયડો ” ”

૧. મોટી ૨. ખોબો ૩. પિતાએ

## ૩૦

અવળી ઘાણીયા કાચા તેલ રા ભમ્મર તેલ
અહેણુા કુણ ચડાવે કાચા તેલ રા ”
અહેણુા બાહ ચડાવે કાચા તેલ રા ”
અહેણુા કુણ ચડવે કાચા તેલ રા ”
અહેણુા આય ચડવે કાચા તેલ રા ”
અવળી ઘાણીયા કાચા કાજળ રા ”
અહેણુા કુણ ચડવે કાચા કાજળ રા ”
અહેણો ભાયો ચડવે કાચા કાજળ રા ”
મ્હાણી ધુણ[૧] રા પછવાડી ઘાંચીડો
ઘાંચીડા તું લાવે તેલાયા વેસ
લાવે ઝીણા મરૂજી, લાડકલાયા અહેરી[૨] રાડા[૩] લાયગા[૪]

૧. ઘરનો એક ભાગ ૨. જોઈને ૩. લગની ૪. લાગી

## ૩૧

મ્હાણી ધુણુ[1] રા પછવાડી ગોલિડો
ગોલીડા તું લાવે પીઠીયા વેસ
લાવે ઝીણા મરૂજી, લાડકલાયા અહેરી રાડા[2] લાયગા[3]

૧. ઘરનો એક ભાગ ૨. લગની ૩. લાગી

## ૩૨

તાપીયા ઊના ટાઢા પાણી રા શકુબેન
એક મેરે બહીને અંઘોળજો[1]
હહરાજી અહેરે તો લાજ રખે રાખી રા
શકુબેન એક મેરે બહીને અંઘોળજો
તાપીયા ઊના ટાઢા પાણી રા શકુબેન
દિયેરજી અહેરે તો લાજ રખે રાખી રા
શકુબેન એક મેરે બહીને અંઘોળજો

૧. સ્નાન કરજો

## ૩૩

દયરાયે[1] ડીયે[2] મ્હણી ગરૂડા ચરે
મ્હણી ગરૂડા ચરે
ગરૂડા ચરે મ્હણી વાંસળી જ વાગે (૨)
વાંસળી જ વાગે મ્હણી ઊખાળે ઊભા (૨)
ઊખાળે ઊભા મ્હણી પીઠી જ પ્હેરે (૨)
પીઠી જ પ્હેરે મ્હણી કોહીક[3] સોભે (૨)
પીઠી જ પ્હેરે મ્હણી મંદિરમાં સોભે (૨)

૧. દરિયાને ૨. બેટ ૩. કેવી

## ૩૪

ગાઁવે ગાઁવાથી ગરમટોડી રા
મ્હાણી રામીબેનને ચીતરવા લાગ રા
પેલા નવા જમાયા અહેરવાડા રા
ગાઁવે ગાઁવાયી ગરમટોડી રા
મ્હાણી રામીબેનને ચીતરવા લાગ રા
પેલા નવા જમાયા અહેરવાડા રા



## ૩૫

કોરે પાટાલે[1] બહુની[2] મઝા આવની
કોરે પાટાલે બહી લેજો રામીબેન
કોરી પીઠી, પેરેવાની મઝા આવની
પીઠી પ્હેરી[3] લેજો રામીબેન
કોરાં તેલો પેરેવાની મઝા આવની
તેલો પ્હેરી લેજો રામીબેન

૧. પાટલે ૨. બેસવાની ૩. ચોળી

## ૩૬

થંભે થંભે થંભે થંભે દીવડા હો પૂયરાં
દીવડે બહીને[1] રામીબેન કાગળિયા લયખાં
તો તે જાય પડ્‌ના જાય પડ્‌ના હહરાયે આથે[2]
વાંચી એહ્‌યરા[3] વાંચી એહ્‌યરા પુણ[4]નાંય પૂછે
નાંય પૂછે દાતાણુને, નાંય પૂછે પાણીલાં

૧. બેસીને ૨. હાથે ૩. જોયું ૨. પણ

## ૩૭

ઈ રંગ મ્હાણો, કહેણા બજારમાં વેચાય રા રામ
કે રંગ મ્હાણો મોંઘેરો
ઈ રંગ મ્હાણો, ચીખલી હેરામાં[1] વેચાય રા રામ
કે રંગ મ્હાણો મોંઘેરો[2]
ઈ રંગ મ્હાણો પાવલે હેર[3], રૂપિયે હેર
કે રંગ મ્હાણો મોંઘેરો
ઈ રંગ મ્હાણો કહેણા ભાપાયે ચડે રા રામ
કે રંગ મ્હાણો મોંઘેરો
ઈ રંગ મ્હાણો જીવણ ભાયાયે ચડે રા રામ
કે રંગ મ્હાણો મોંઘેરો

૧ શાહેરમાં ૨. મોંઘો ૩. શેર

૩૮

હેનાયા[1] ખુમચામાં[2] હેના ભરિયેલા, તેણુ જ ખુમચામાં તેલો ભરિયેલાં
તો જ તેલો રમણભાયાયા લેલણુ જડે તાય —
હેનાયા ખુમચામાં હેના ભરિયેલા, તેણુ જ ખુમચામાં અળદી[3] ભરિયેલી
તો જ અળદુ રમણભાયા ચડે તાય —
હેનાયા ખુમચામાં હેના ભરિયેલા, તો જ ખુમચામાં ચાંલ્લો ભરિયેલો
તો જ ચાંલ્લો રમણભાયા ચડે તાય —

૧. સોનાની ૨. થાળીમાં ૩. હળદર

૩૯

## પીઠી ચોળ્યા પછી વરને ઉઠાડતી વખતે

શેરા[1] લાલ ટીકરીઓ વાટકડો[2]
શેરા ધૂમાટ[3] ઘાલીને બહાયૂડો
અવે તુણા બાવાયો[4] વિચાર
વિચાર કધો ને વેહ[5] માંયૂડો –
શેરા લાલ ટીકરીઓ વાટકડો
શેરા ધૂમાટ ઘાલીને બહાયૂડો
અવે તુણી આયલીયો વિચાર
વિચાર કધો ને વેહ માંયૂડો

૧. વર ૨. કોપરાની વાટી ૩. ધૂમાડો ૪. પિતાનો ૫. (લગ્નનો) પ્રસગ હાથ ધર્યો

૪૦

## લગ્નના ચોખા છડે અને સાફ કરે ત્યારે

ઈ ભમરો કધે[1] ભમે રા ભમરા[2]
" " હુરેત હેરમાં ભમેરા ભમરા
" " કા કા વેરુલાગ[3] ગોયલો ભમરા
" " ચોખા વેરુલાગ ગોયલો ભમરા
" " કધે ભમે રા ભમરા
" " વલહાડ હેરમાં ભમેરા ભમરા
" " દાળ વેરુલાગ ગોયલો ભમરા

૧. કયાં ૨. વ્યક્તિને આપેલું ઉપનામ ૩. નોતરું આપવા માટે



૪૧

પાલાઈ[1] થાળ ફેડાવ મ્હાણી લોઢણુ બાય રા
ટોકરીયે[2] ભાત ભારાવ " " "
ઉખરિયે[3] ભાત રેડાવ " " "
મુહળિયે[4] ભાત ખાંડાવ " " "
હુપડિયે[5] ભાત ઉફણાવ[6] " " "

૧. ભાતનું પાલુ ૨. એક જાતનું માપ (ટોપલીનું) ૩. ઉખળ ૪. સાંબેલું ૫. સૂપડું
૬. ઉપણવું

૪૨

લૈરી ગજરો ગુલાબી ગજરો, વાણીહાની[1] હેરીએ[2] હેરીએ
ફિરતા બાલંડો મ્હાણો લૈરી ગજરો
ફેંટો ઓરંતા[3] દિહ જાય રા, બાલંડો મ્હાણો લૈરી ગજરો
લૈરી ગજરો ગુલાબી ગજરો દરજીડાથી હેરીએ હેરીએ – ફિરતા
દંગડા[4] ઓરંતા દિહ જાય રા, બાલંડો મ્હાણો લૈરી ગજરો
લૈરી ગજરો ગુલાબી ગજરો, લોટીડાયી[5] હેરીએ હેરીએ – ફિરતા
કાવળી[6] ઓરંતા દિહ જાય રા, બાલંડો મ્હાણો લૈરી ગજરો
લૈરી ગજરો ગુલાબી ગજરો, મોચીહાથી હેરીએ હેરીયે – ફિરતા
વાણાયા[8] ઓરંતા દિહ[9] જાય રા, બાલંડો મ્હાણો લૈરી ગજરો.

૧. વાણિયો ૨. શેરીએ ૩. બાંધતા ૪. પહેરણ ૫. બંગડીવાળો ૬. બંગડી
૭. મોચી ૮. ચંપલ ૯. દિવસ

૪૩

## મંડપ મુહૂર્ત વખતે

બેની ડોગોરમાંથા[1] હાંયકા ગાડાં આવે રા લખું લીલી
" બળદિયો તરહેલો ઉવે[2] રા " "
" નારી[3] ભાંગી બળદા પાણી પાવો રા " "
" ડોગોરમાંથા હાંયકા ગાડાં આવે રા " "
" બળદિયો ભુયખે બો થાયે રા " "
" બળદિયા વાડી નાદરવેલા[4] ચારો લાખા રા " "

૧. ડુંગરમાંથી ૨. થાય ૩. નાળિયેર ૪. નાગરવેલી

## ૪૪

### મંડપના થાંભલા માટે ખાડો ખોદે તેનું ગીત

કેણો[1] ભાયો મ્હાણો પારાયે[2] દર ખોદે રા
ભાયો પારાયે દર ખોદે રા અંબા
નવી વઉ મ્હાણી કઢિયારે[3] દર પૂરે રા અંબા

૧. કયો ૨. કોશ ૩. વાટકી

## ૪૫

ગાંડાભાયાયો માંડાવડો નેતરે છાયો
ભાપાયો છાયેલો માંડાવ, મોગરે છાયો માંડાવ હોભે[1]
ભાયાયે માંડાવ કેણો બાવો[2] આવે, કેણી આઈ[3] આવે
ભાયાયે માંડાવ વજીરભાયો આવે, તેણી આઈ આવે

૧. શોભે ૨. પિતા ૩. માતા

## ૪૬

બાર બેળાનો[1] માંડાવ રોપાવ, ભાયારા ભરિયેલા
એક બેળિયા દુહરા[2] લાખાવ ,, ,,
તેવાર[3] માંડાવ ખાસો[4] થાય ,, ,,

૧. થાંભલી ૨. બીજો ૩. ત્યારે ૪. સુંદર

## ૪૭

છોરા ઘેરે માંડાવ કધો[1]
અરધા ટોકરાને ટોકરી રા હરીઆ
છોરી ઘેરે માંડાવ કધો
અરધા દેહાઈ ને દેહણુ રા
છોરી ઘેરે માંડાવ કધો
અરધા કાટિયા ને કામડી રા
અરધા માઠ્ઠા ને માઠ્ઠી રા

૧. કર્યાં



## ૪૮

### મંડપના દિવસે

ઢોલી વગારનો, ઢોલી વગારનો ભાયાયો[1] માંડાવ[2] હુનો[3] રા
ઢોલી આવે તેહ ઢોલી આવે તેહ ભાયાયો માંડાવ હોભે[4] રા
તુરા વગારનો, તુરા વગારનો, ભાયાયો માંડાવ હુનો રા
તુરા આવે તેહ તુરા આવે તેહ ભાયાયો માંડાવ હોભે રા
મામા વગારનો, મામા વગારનો, ભાયાયો માંડવ હુનો રા
મામા આવે તેહ, મામા આવે તેહ, ભાયાયો માંડવ હોભે રા
ચોરી વગારનો, ચોરી વગારનો, ભાયાયો માંડાવ હુનો રા
ચોરી થાપે તેહ, ચોરી થાપે તેહ, ભાયાયો માંડાવ હોભે રા
બામાણ વગારનો, બામાણ વગારનો, ભાયાયો માંડાવ હુનો રા
બામાણ આવે તેહ, બામાણ આવે તેહ, ભાયાયો માંડાવ હોભે રા
માણુહેં વગારનો, માણુહેં વગારનો, ભાયાયો માંડાવ હુનો રા
માણુહેં આવે તેહ, માણુહેં આવે તેહ, ભાયાયો માંડાવ હોભે રા

૧. વરનો ૨. મંડપ ૩. સૂનો ૪. શોભે

## ૪૯

લીલા વાંકાયો[1] માંડાવ રોપયો કે રૂપાકેરીઓ
માંડાવ નીચે ચરી[2] થાય કે ,,
ચરી ઉપાર બઠેલો થયવો[3] કે ,,
બઠેલા ઉપાર નારિયળ થયવો કે ,,
નારિયળ ઉપાર કક્કો થયવો કે ,,
કક્કા ઉપાર કંકુ છાંયટો કે ,,

૧. વાંસનો ૨. ચોરી ૩. મૂક્યો

## ૫૦

બાહ રા મ્હારા આંગણા[1] પૂરાવજા[2]
આંગણા પૂરાવજા બાહ પાણીલાં હિપાવજા
પાણીળા હિપાવી બાહ મોગરા રોપાવજા
ભાઈ સાથ બાહ ઢોલીડા[3] બહાડજા
મારા હાજો[4] નવરો[5] ગરાસિયો[6] પરણેવા

૧. અને ૨. સાથિયા પૂરાવજો ૩. ઢોલી શરણાઈવાળા ૪. સુંદર ૫. વર ૬. રાજપૂત

## ૫૧

### પાણી ભરતી વખતે

કોરે કુંભારવાડે ગોયલા મિળ્‌ના
કોરાં બેડાં લાવ્‌ના રે તલમલીઆ[૧]
વાણીવાડે[૨] જાય કોરી[૩] ઓઢણી લાવે
કોરી ઓઢણી, કોરાં બેડા પાણી ભરું જાય
સરોવરાઈ પાળે મિળ્‌નો કાનુડો બેટો
"કાનુડા બેટા મ્હાણાં બેડલાં ચડાવ"
"તુણા બેડલાં ચડાવેં તે મ્હાણી માંડીવિળે"[૪]
તુણી માંડીવિળે પુણુ મ્હાણો હંગાથ ધર[૫]

૧. સુશોભનવાળો ૨. દરજીવાડે (જે સીવે તથા કપડું વેચે) ૩. નવી નકોર
૪. ઘૂંટણમાંથી વાળવું ૫. સહાયકર

## ૫૨

### ઊંડા બનાવે ત્યારે

મેં તે ઓટાલે[૧] જ ફૂકડી ઢાંયપી[૨]
મેં તે દેવલા જ ગોવાળિયો રાયખો
તો તે ખૂઓ જ ચાટો[૩] દેહું[૪]
મેં તે ઓટાલે જ ફૂકડી ઢાંયપી
તો તે ફૂકડી જ લેઈને નાઠો
ફૂકડી ઊંડા[૫] અહારી[૬] જ ખાતો
મેં તે ઓટાલે જ ફૂકડી ઢાંયપી

૧. ઓટલે ૨. ઢાંકી ૩. તોફાની ૪. છે ૫. ચોખાના લોટના વરાળથી બાફેલા લાડુ ૬. સાથે

## ૫૩

### મંડપના તોરણુ વધાવે – બાંધે ત્યારે

મોળા ઈરિયાયા[૧] પાન વધાવજો રા
ચોખલિયે કાંય[૨] પાતલિયે " "
હેંકુરિયે કાંય ચોખલિયે " "
તુરિયે કાંય ભાણુકીયે[૩] " "
વેવાણી કાંય પાતલિયે " "

૧. મીઠા પાણીનાં પાન ૨. કાંઈ પણ ૩. તુરનું ભેળ (ચોખા + રાખનું મિશ્રણ)



## ૫૪

ઝગઝગા ઝબઝબિયા રા બ્હણી આજ બાઈનો માંડાવડો
ઢેરો[૧] તોરાણુ લાવ્નો રા બ્હણી " " "
તુરિયો વૈલો આવે તાય " " "
થાળીવાળો વૈલો આવે તાય " " "

૧. હરિજન વેઠિયો

## ૫૫

### મામેરું લાવે ત્યારે

હેરીએ[૧] વાગે ઘૂઘરાને કુણુ લાવે મોહાળું[૨]
મોહાળામાં અહેરે[૩] તો મામા લાવે મોહાળું
હેરીએ વાગે ઘૂઘરાને કુણુ લાવે મોહાળું
મોહાળામાં અહેરે તો મામા લાવે મોહાળું

૧. શેરી ૨. મોસાળું ૩. એમને

## ૫૬

મામા તો મોહાળા હો લાવે રા
ભાયો તો મોહાળા હો લાવે રા
મામા તો ધોત્યા[૧] હો લાવે રા
મામી તો મોહાળા હો લાવે રા
મામી તો ઢાલી કો લાવે રા
ભાયો તો મોહાળા હો લાવે રા
બ્હણી તો હાર-ગજરો હો લાવે રા

૧. ધોતી

## ૫૭

પાંચો પનિહરની ઓર વચલા બેડાં રા
મ્હાણા ડૂબી ગુએ
મામા મોહાળા લેઈ આવ, મામી ઢાલી લેઈ આવે
વચલા બેડાં રા મ્હાણા ડૂબી ગુએ
બ્હણી હાડી લેઈ આવ ભાવડયા વાણાયા લેઈ આવે
વચલા બેડાંરા મ્હાણા ડૂબી ગુએ

## ૫૮

### પરોઢિયે ગવાતાં લગ્ન ગીતો

કૂકડો તે બોલ્નો નદીયે પાર રા (૨)
બાહે તો દેખાયડાં લાંબેરા ગાંવ રા (૨)
બાપા આયુને[૧] નાંય જોજે લાંબેરા ગાંવ રા (૨)
બાપા આયુને જોજે ટૂંકેરા ગાંવ રા (૨)

૧. આપણને

## ૫૯

પરોઢિયા ફાટ્ના ને લગનો[૧] આવ્નાં
ભાયા આપડે[૨] લગાને કુણુ[૩] આવી ?
ભાયા આપડે લગાને બાવો[૪] આવી
ભાયા આપડે લગાને આયલી[૫] આવી
ચાલા બાવા, ચાલા આયલી રણુઝણુતાં[૬]
ચાલા આયલી, ચાલા બાવા ભણુભણુતાં[૭]

૧. લગ્ન પ્રસંગ ૨. આપણા ૩. કોણ ૪. પિતા ૫. માતા ૬. આનંદથી
૭. મૂંગા મૂંગા નહીં.

## ૬૦

પારનેરા પારડીમાં તે રૂપિયા ધાડાય[૧] જો રા મારવણી
અરધા ધાડાય અરધા વેરાઈ ,, ,, ,,
અરધા લાખાઈ, અરધા લેવાઈ ,, ,, ,,
પારનેરા પારડીમાં તે રૂપિયા ધાડાય ,, ,, ,,

૧. ઘડાય

## ૬૧

દરિયામાં વ્હાણુ કહાણુા ફિરે[૧] રા (૨)
દરિયામાં વ્હાણુ પિહલી માળીયા[૨] ફિરે રા (૨)
પિહલી માળી તો પૈહાઈ પૂરી[૩] રા (૨)
જીવણુભાયો તો બંદૂકે લડે રા (૨)
નવી વઉ તો કાંકરાયે લડે રા (૨)
દરિયામાં વ્હાણુ કહાણુા ફિરે રા (૨)
દરિયામાં વ્હાણુ સુકરભાયાયા ફિરે રા (૨)
સુકરભાયો તો પૈહાયો પૂરો રા (૨)
સુકરભાયો તો બંદુકે લડે રા (૨)
નવી વઉ તો કાંકરાયે લડે રા (૨)

૧. ફરે ૨. પિટલી (નામ) માતા ૩. માલદાર



## ૬૨

સરોવરાઈ પાળે વડલો રોપ રા
દીરાણી જેઠાણી પાણી ભરૂ[૧] લાગ[૨] જાય રા
હાહુ માણી ગાળ નાંય આખીહ[૩] રા
સરોવરાઈ પાળે વડલો રોપ રા

૧. અને ૨. ભરવા માટે ૩. કહેવું

## ૬૩

ઊંચે ચોખાઈ ડેર નણુદલ લેરિયા
નગીનભાય તુંઆ કહાઈ[૧] આવે નિંદ
નણુદલ લેરિયા
પોતાઈ[૨] વ્હણી પરણે તેના અરખે[૩] આવે નિંદ
નણુદલ લેરિયા
ઊંચે ચોખાઈ ડેર નણુદલ લેરિયા
છગાનભાય તુંઆ કહાઈ આવે નિંદ
નણુદલ લેરિયા
પોત્તાઈ પોહી પરણે તેના અરખે આવે નિંદ
નણુદલ લેરિયા

૧. શાની ? ૨. પોતાની ૩. હરખથી

## ૬૪

### નાવણુ કરાવે ત્યારે

ભાયા, હિયાળેનાં હેળાં[૧] પાણીએ લોબાનીઆ
ભાયા, એક મેર બહીને[૨] નાજારા[૩] ,,
ભાયા, હહરાઈ લાજ રખે રાખીહરા ,,

૧. ઠંડા ૨. બેસીને ૩. સ્નાન કરજો

## ૬૫

આસાં[૧] આસાં તાપી યા નીર રા લાડકડીને અંઘરાણી[૨]
અંઘરાણી કાંણુા[૩] હો આથ[૪] રા ,, ,,
અંઘરાણી ભોજાઈયા આથ રા ,, ,,
આસાં આસાં તાપી યા નીર રે ,, ,,
અંઘરાણી કા'ણુા હો આથ રા ,, ,,
અંઘરાણી ભાભીયા આથ રા ,, ,,
આસાં આસાં તાપી યા નીર રા ,, ,,

૧. છીછરાં ૨. સ્નાન કરવું ૩. કોના ૪. હાથ

૬૬

મ્હાણો ભાયો[૧] અંઘોળે[૨] તો તાપીયા પાણી રા ભમરા
નવી વઉ અંઘોળે તો ફોતોડીયા[૩] પાણી રા ભમરા
મ્હાણો ભાયો અંઘોળે તો કુવાયા પાણી રા ભમરા
નવી વઉ અંઘોળે તો કુવાળિયા[૪] પાણી રા ભમરા

૧. ભાઈ ૨. સ્નાન કરે ૩. નાનું ઝરણું (કોતરડું) ૪. તદ્દન નાની ઝરણી

૬૭

તાતે[૧] પાણીયે અંઘોળનો[૨] કા નાંય રા ભાય
તુંઆ હિંદુ[૩] ચ્હડે કા ,, ,, ,,
તાતે પાણીયે અંઘોળનો કા ,, ,, ,,
તુંઆ તેલ ચ્હડે કા ,, ,, ,,
તાતે પાણીયે અંઘોળનો કા ,, , ,,
તુંઆ અળદી ચ્હડે કા ,, ,, ,,
તાતે પાણીયે અંઘોળનો કા ,, ,, ,,
તુંઆ ચોખા ચ્હોડાય કા ,, ,, ,,

૧. ગરમ ૨. નાહ્યો ૩. સિંદુર

૬૮

ધણી[૧] પછવાડી મીચીલાઇ[૨] વાડી રા
ફૂલેં તો ગરીગરી જાય રા
મ્હાણો ધીરુભાયો હીંપી[૩] હીંપી આવે રા
મ્હાણી નવી વઉ તો જાય હુરેત[૪]
લાવે ધડખાં,[૫] કરે ખોળા, વીણી ચૂંટી લાવે રા
ફૂલે લૈરી કરમાય રા

૧, ઘર ૨. મરચાંની ૩. સિંચવું, પાણી પાવું ૪. સુરત ૫. લુગડું



૬૯

જાન જાય ત્યારે ...

ભાયાયી ધોતી ઊહની રા[૧] હવાલાખાયી
પોવજા[૨] પોવજા રા હાહરિયામાં
પોવજા રા મગાનભાયા
આપું જાઉં[૩] તાહું[૪] નવર્યા[૫] જીતવા
ભાયાયા વ્હાણાયાં ઊનારા હવાલાખાયા
પોવજા પોવજા રા હાહરિયામાં
આપું જાઉં તાહું નવર્યા જીતવા
બણીયાઈ હાડી[૬] ઊનીરા હવાલાખાઈ
પોવજા પોવજા રા હાહરિયામાં
પોવજે રા જશોદાબણી
આપું જાઉં તાહું ન્હવરો[૭] જીતવા
બણીયા પંજા[૮] ઊના રા હવાલાખાયા
પોવજા પોવજા રા જશોદાબણી
આપું જાઉં તાહું ન્હવરો જીતવા

૧. (કિંમતની) થઈ ૨. પહેરજો ૩. અને ૪. જઈએ છીએ ૫. કન્યા ૬. સાડી
૭. વર ૮. પગનું ઘરેણું

૭૦

મનુભાય હાળી હાદે[૧] તો "હાં" કરી બોલજા
લે જા ભગવાનજીયા નાંવ[૨] રા
મનુભાય ભાયો હાદે તો "જી" કરી બોલજા
લે જા ભગવાનજીયા નાંવ રા
મનુભાય હાળો હાદે તો "હાં" કરી બોલજા
લે જા ભગવાનજીયા નાંવ રા

૧. બોલાવે ૨. નામ

## ૭૧

પાળે ઉભ્નેલા[1] મ્હાણ્યા કોહોક[2] રા હહરાજી (૨)
પાપી હેરામાં પાણી નથી રા હોજી
પાળે ઉભ્નેલો મ્હાણો કોહોક રા બાહ્
સરોવારમાં પાણી તો ઘણાં હોજી
પાપી હહરાયે સરોવાર ખોદાયવાં (૨)
સરોવારમાં પાણી નાંઈ નિંગ્ના[3] હોજી
ઘરમી બાહાયે સરોવાર ખોદાયવાં (૨)
સરોવારમાં પાણી તો ઘણાં હોજી

૧. ઊભેલા ૨. કેવા ! ૩. નીકળ્યા

## ૭૨

પોવી પોવી રા પારવાતી[1] પાતર્યા
તુમણ્યા ઈસવારે[2] પંજાયા જોડું મોકલીયા
પોવી પોવી રા પારવાતી પાતર્યા
તુમણ્યા ઈસવારે હાડી જોડું મોકલીયા

૧. પાર્વતી ૨. ભગવાને

## ૭૩

ભાયાયો ઉજળો ઘોડો રા, પીંજરો[1] ચાબુકડો
ભાયાયી જાને તો કહેણો બાવો આવે રા
ભાયાયી જાને તો જીવણ્બાવો આવે રા
ભાયાયો ઉજળો ઘોડો રા, પીંજરો ચાબુકડો
ભાયાયી જાને તો કહેણી વાયલી[2] આવે રા
ભાયાયી જાને તો કંકુ વાયલી આવે રા
ભાયાયો ઉજળો ઘોડો રા, પીંજરો ચાબુકડો

૧. પીળો ૨. માતા



## ૭૪

ડુંગારાઈ ફોર રા (૨) મોરલાયી પાંખ ઝલઝલા[1] થાય
જીવણ્ ભાયાયો ફેંટો, ઝલઝલા તો થાય રા (૨)
મોરલાયી પાંખ ઝલઝલા થાય
નવી વેવાઈ[2] હાડી[3] ઝાંખી પડી જાય રા (૨)
મોરલાયી પાંખ ઝલઝલા થાય – ડુંગારાઈ
જીવણ્ભાયાયા હંગડા[4] ઝલઝલા થાય રા
મોરલાયી પાંખ ઝલઝલા થાય – ડુંગારાઈ
નવી વેવાઈ ચોળી ઝાંખી પડી જાય રા (૨)
મોરલાયી પાંખ ઝલઝલા થાય – ડુંગારાઈ

૧. ચળકાટ મારે ૨. વહુની ૩. સાડી ૪. પહેરણ

## ૭૫

### જાન જાય અને રસ્તામાં નદી આવે ત્યારે

ખાડીયાયા જળદેવ[1] હુએ[2] કા જાગે રા
જાગ્નેલો ઉઈ તો પરદેશી જાન ઉતારી મેલ[3]
ખાડીયાયા તરીયા[4] હુએ કા જાગે રા
જાગ્નેલો ઉઈ તો પરદેશી જાન ઉતારી મેલ

૧. વરુણદેવ ૨. સુવે ૩. પારકરાવ ૪. તરાપો

## ૭૬

### જાન આવે ત્યારે

કહેણે[1] ગૉંવથી આવ્ના[2] ને કેઘે[3] જાંવ્ના[4]
આજ વરઘોડામાં ચાલ્ના[5]
વાંકાલા ગૉંવથી આવ્ના ને
ફલધરા ગૉંમ જાંવ્ના, આજ વરઘોડામાં ચાલ્ના
આ પાંચહો મોતીડાઈ અહાર[6] રા મનુભાઈ
આજ વરઘોડામાં ચાલ્ના

૧. કયા ૨. આવ્યા ૩. કયાં ૪. જવાના ૫. ચાલ્યા ૬. હાર

## ૭૭

મોગ મોગરિયા ભાયા તુણે થાળી જુલા ફૂલાં (૨)
થાળી જુલા ફુલાં ભાયા તુણા આથામાં[૧] ઝાલી રાખ (૨)
આથામાં ઝાલી રાખ ભાયા તુણી આયડીયા મન રાખ (૨)
આયડીયા મન રાખ ભાયા તુણી હાહુયા નામ ખોલ (૨)
મોગ મોગરિયા ભાયા તુણે થાળી જુલા ફૂલાં (૨)
થાળી જુલાં ફુલાં ભાયા તુણા આથામાં ઝાલી રાખ (૨)
આથામાં ઝાલી રાખ ભાયા તુણી બ્હણીયા નામ રાખ (૨)
બ્હણીયા નામ રાખ તુણી હાળીયા નામ ખોલ (૨)

૧. હાથમાં

## ૭૮

ભાયો તો આલુચાલુ[૧] ને પાગે[૨] ઘૂંઘરા વાગે
ભાયો તો બાહા[૩] હંગાતે[૪] ચાલે રો
બાલુડા વરને નિંદરાણુ આવે
ભાયો તો આલુચાલુ ને પાગે ઘૂંઘરા વાગે
ભાયો તો આયા હંગાતે ચાલે રો
બાલુડા[૫] વરને નિંદરાણુ આવે
ભાયો તો આલુચાલુ ને પાગે ઘૂંઘરા વાગે
ભાયો તો મામા હંગાતે ચાલે રો
બાલુડા વરને નિંદરાણુ આવે

૧. ચાલવું ૨. પગમાં ૩. પિતા ૪. સાથે ૫. નાનો વર

## ૭૯

### લગ્ન લેવાતી વખતે

બાહાયા ઘેરમાં ભરિયેલી પેટી રા
સામળા[૧] ભરિયેલી પેટી રા
અ્હેરી અ્હેરીને પોવ[૨]રા રમાબણી હાડી
ભાયાયા ઘેરમાં ભરિયેલી પેટી રા
સામળા ભરિયેલી પેટી રા
અ્હેરી અ્હેરીને પોવ રા શંકુતલાબણી
હાડી પોવ રા શંકુતલાબણી
બણીયા ઘેરમાં ભરિયેલી પેટી રા
અ્હેરી અ્હેરીને પોવ રા મંજુબણી

૧. શામળો–શ્રીકૃષ્ણ ૨. પહેર



## ૮૦

અઁહીલા[૧] મગાનભાયા સાલમુબારક
ભરી સભામાં રાજા જો હો બાહ્ બહેલો
જંગાલામાંના વાઘ જોહા હહરા કેઘેથી હોયધા ?[૨]
ભરી સભામાં રાણી જોહી આયા બહેલી
જંગાલામાંની વાઘાણુ જોહી હાહુ કેઘેથી હોયધી ?

૧. આનંદિત ૨. શોધ્યા

## ૮૧

લીલા તે વાંહની વાંહળી, એ તો હેરીયે[૧] વાજતી જાય
ગાંવાયે લોક પૂછે રા એ તો કહેણો રાજા પરણેવા જાય
પરાગભાયાયો પોહો પણે એ તો મગાનરાજા પરણેવા જાય
બાહાયો ઘણો વા'લો મગાનભાય એ તો પરણેવા જાય
આયલીયો ઘણો વા'લો મગાનભાય એ તો પરણેવા જાય

૧. શેરીએ

## ૮૨

આબ્નો માગસર પોહ, લગ્નાઈ ગણી ઓંહ
મગાનભાયા વીરા, વીટીયા[૧] હાચ્યા હીરા
ભાયાનો મામો આવે, વાણુયાની[૨] જોડ લાવે
આબ્નો માગસર પોહ, લગ્નાઈ ગણી ઓંહ

૧. વીંટીના ૨. ચંપલ

## ૮૩

લગાન[૧] લેવડાવીને લગાન ગવડાવ
પાટાલે બહીને[૨] લગાન લેવડાવ
લગાન લેવડાવીને લગાન ગવડાવ
માચીએ[૩] બહીને લગાન લેવડાવ
લગાન લેવડાવીને લગાન ગવડાવ
ફુલાયો અહાર[૪] પોવી[૫] લગાન લેવડાવ

૧. લગ્ન ૨. બેસીને ૩. નાનું ટેબલ ૪. હાર ૫. પહેરીને

## ૮૪

લગાનામાં તો કહેણુ[૧] ભાય અસવાર[૨]
લગાનામાં તો સોમાભાય અસવાર
લગાનામાં તો કહેણુ ભાય અસવાર
લગાનામાં તો મોહનભાય અસવાર

૧. કયો ૨. સવારી (કરી છે)

## ૮૫

લગાનિયા લેવડાયવા પુણુ કેધે થાં લગાન આયવાં
બામાણે લખી ઓયફા[૧], દેહાયે વાંચીરા ઓયફા
બોડવાંકી ગાઁવ આહે, તાંથી રા લગાન આયવાં
આયવાં રા આયવાં, મ્હાણે બારે લગાન આયવાં
લેધાં[૨] રા લેધાં મેં તે ઉખાળે[૩] લગાન લેધાં
ચોંયટા[૪]રા ચોંયટા મ્હાણે ભીંતે લગાન ચોંયટા
લગાનિયા લેવડાયવા પુણુ[૫] કાંથા[૬] લગાન આયવાં
બોડવાંકી ગાઁવ આહે, તાંથા રા લગાન આયવાં

૧. આપ્યું ૨. લીધું ૩. ઉખળ ૪. (ભીંતે) ચોંટ્યું ૫. પણ ૬. ક્યાંથી?

## ૮૬

કોયાલ બોલ્ની રા આંબાઈ ડાળે
ભાયો તો બોલ્નો આયલીયે[૧] ખોળે
કોયાલ બોલ્ની રા આંબાઈ ડાળે
ન્હવરી[૨] બોલ્ની રા ભંગ્જાયે[૩] ખોળે
ભાયો તો બોલ્નો બાહાયે ખોળે
ન્હવરી બોલ્ની રા ઢેડાય ખોળે

૧. માતાએ ૨. કન્યા ૩. ભંગીને

## ૮૭

કપ્પાહ[૧] કુટ્નો ખેતારે રામીબણી
કપ્પાહ કુટ્નો ખેતારે
નવા જમાયા કપ્પાહ વીણુતાં નાંય આવડે
નવા જમાયા કપ્પાહ વીણુતાં નાંય આવડે
હીખવે[૨] મ્હાણી રામીબણી, નવા જમાયા

૧. કપાસ ૨. શીખવે



## ૮૮

સૂરજ ઊગ્નો રા ગોપાળભાય
ઠાકી[૧] કોંહે રહનો[૨] રા
ભાયાયા ઘેરે ડોબી[૩] દોઈ રહને રા
ન્હવરીયે ઘેરે બલાડી દોવુની રા
તી પુણુ દોવુની રહઈ ગુએ રા
સૂરજ ઊગ્નો રા ગોપાળભાય
ઠાકી કોંહે રહનો રા

૧. ઊંઘો ૨. રહ્યો ૩. ગાય

## ૮૯

આરહીમાં અહેરતી[૧] જાય, ચાંહ્લો[૨] પેરેવતી[૩] જાય
રામીબેન તુણુ[૪] રાજ રા
આરહીમાં અહેરતો જાય, કાજાળ[૫] પેરેવતો જાય
બાબુ જમાય તુણુ રાજ રા
આરહીમાં અહેરતી જાય, ચાંહ્લો પેરેવતી જાય
રામીબેન તુણુ રાજ જા
આરહીમાં અહેરતી જાય, ફૂલેં ખોહેવતી[૬] જાય
રામીબેન તુણુ રાજ જા
આરહીમાં અહેરતો જાય, હાજાં પટૂયે' પાડતો જાય
બાબુ જમાય તુણુ રાજ રા

૧. જોતી ૨. અને ૩. ચાંદલો કરવો ૪. તારું ૫. કાજળ ૬. (ફૂલ) ખોસવાં
૭. સેંથી

## ૯૦

હુરેતો[૧] હેરોમાં વાણ્યા[૨] રા હું તો
હેરામાં મીળુ[૩] લાગ[૪] જાંય
કંકુયો ભરેલો દાબડો રા હું તો
સૈયરા મીળુ લાગ જાંય
હુરેતો હેરોમાં ઘાંચીડા રા હું તો
ઘાંચીડા મીળુ લાગ જાંય
પીઠીયો ભરેલો દાબડો રા હું તો
સૈયરા મીળુ લાગ જાંય

૧. સુરત (શહેર) ૨. વાણિયા ૩. મળવા ૪. માટે

## ૯૧

પાંચ પહનાયો[૧] વડ રોપયો રા
ફાલ્નો[૨] આહે ઘોર ગંભીર
મેં તો જાયણ્ુા કેસર ઊડી રા
મગાનભાયો તો બાહા મીનવે[૩]
બાહા મ્હાણ્ુા નાંહ્લો[૪] પન્નાવ[૫]
મેં તો જાયણ્ુા કેસર ઊડી રા
મગાનભાયો તો આયલીયા મીનવે
આયા મ્હાણી નાંહ્લો પન્નાવ
મેં તો જાયણ્ુા[૬] કેસર ઊડી રા

૧. પનો (પહોળાઈ) ૨. ફેલાયો ૩. વીનવે ૪. નાનો ૫. પરણાવ ૬. જાણ્યું

## ૯૨

અલબેલી મ્હાણ્ુા મગાનભાયાયા બાહ
તો તે વડોદ્દરાયા રાજા
જીયાવર જૂના ઝરૂખાવાળા
ન્હવરી[૧] નવી હવેલીવાળી
અલબેલી પેલી ન્હવરીયા બાહ
તો તે જંગાલામાંના ઢેડા
જીયાવર જૂના ઝરૂખાવાળા
ન્હવરી નવી હવેલીવાળી

૧. કન્યા

## ૯૩

રે મ્હાણે વીરે વાવલડી ખુદાવી રા
રે વાવ ઉપાર પડવેલો[૧] લંબેસી રા
રે પડવેલે ફુલડયા બે ફુયટા[૨] રા
રે ચાલો સૈયર ફૂલ ચૂટેવા જાંવુ રા
રે વણી ચૂટી કંડિયા[૩] બે ભયરા રા
રે લાયખા મારિડાયે[૪] આથે[૫] રા
રે વેલો ગુંથો મારિડા બે ગજરા રા
રે મ્હાણે જાંબ્ના જોબાન હાહરીયે રા

૧. એક જાતનો વેલો ૨. ખીલ્યા ૩. કરંડિયો ૪. માળીએ ૫. હાથમાં



## ૯૪

આયડી હઉ[૧] લોકો વાડી અહેરુ[૨] જાંય
વાડીયે જાંબ્ના મ્હાણ્ુા મન ઉય્[૩]
બેટા ચોકામાં રોપાવે ચંપા મોગરા
બેટા બ્હારીએ[૪] બહીને સુગંધી લે
વાડીયે જાબ્ના મ્હાણ્ુા મન ઉય્
આયડી હઉ લોકો નદી એરુ જાંય
નદ્દયે જાંબ્ના મ્હાણ્ુા મન ઉય્
બેટા ચોકામાં ખુદાવે કૂવા વાવડી
કુવાળિયે બહીને ન્હાવણ્ુ ઉય્

૧. સૌ ૨. જોવા ૩. થાય ૪. બારીએ

## ૯૫

ઊઠા કુંવાર લાલીવાડી હુખાય[૧] ચાલી રા
કુંવાર તો છેડાવાળી[૨] નિંધાય[૩] રા
કુંવારોના બાહ્ હાદે[૪] કુંવર નાંય બોલે રા
કુંવારો તો માગે મોગરિયાયા બે ફુલા રા
કુંવારોની આયા હાદે, કુંવર નાંય બોલે રા
કુંવાર તો માગે ચંપલિયાયા બે ફુલા રા

૧. સુકાઈ જવું ૨. બરાબર ઓઢીને ૩. ઊંઘે ૪. બોલાવે

## ૯૬

મ્હાણ્ુા રાયના દાતુણ્ુ[૧] ઓહાજ[૨] રહે[૩] મ્હાણ્ુા રાય
મ્હાણી રામીબેન આવે ને દાતુણ્ુ કરે મ્હાણ્ુા રાય
મ્હાણ્ુા લોટા ભરિયેલ એહા જ રહે મ્હાણ્ુા રાય
મ્હાણી રામીબેન આવે ને મું ધોયે મ્હાણ્ુા રાય
મ્હાણી કુંડી ભરિયેલ ઓહી જ રહે મ્હાણ્ુા રાય
મ્હાણી રામીબેન આવે ને ન્હાવણ્ુ કરે મ્હાણ્ુા રાય
મ્હાણ્ુા ખાંબ્ના પીરહેલા ઓહા જ રહે મ્હાણ્ુા રાય
મ્હાણી રામીબેન આવે ને ખાંબ્ના ખાય મ્હાણ્ુા રાય

૧. દાતણ ૨. એમ જ ૩. રહ્યું

### ૯૭

પાટ્યે ગૅંવામાં રાસ રમે થતા[1]
તોય બ્હણીને[2] નાંય ગમે, નાંય ગમે
એક સ્લેટમાં હાથે ભણે થતા
તોય બ્હણીને નાંય ગમે, નાંય ગમે
એક ચોપડી હાથે વાંચે થતા
તોય બ્હણીને નાંય ગમે, નાંય ગમે

૧. હતા ૨. કન્યાને

### ૯૮

આગાળથી[1] આખે[2] તાય[3] વેવાય કે
બ્હણીથી કામ નાંય બ્હી[4]
દળુનાં દળાય નાંય
ઓરણા[5] ઓરાય નાંય
વાઘેહરાથી નોકરા[6] હાદા[7]
બ્હણીથી કામ નાંય બ્હી

૧. પહેલાંથી ૨. અને ૩. કહું છું ૪. થશે ૫. ઓરવું ૬. નોકરને ૭. બોલાવો

### ૯૯

કાગાળ લખી રા મેં તો મામાયે હાયદા[1]
મામા અરખે તો જાય શોભે માંડાવડો
કાગાળ લખી રા મેં તો મામીયે હાયદી
મામી મંગળ ગીતેં ગાય સોભે માંડાવડો

૧. બોલાવ્યા

### ૧૦૦

મ્હાણે માંડાવમાં કોહાયા[1] ઝમકાર વાજા...
ઈ તો મ્હાણા મનુભાયની પોહી[2] પરણે
તેણાયો આહે ઝમકાર વાજા...
મ્હાણે માંડાવમાં કોહાયા ઝમકાર વાજા
ઈ તો મ્હાણી રતનબેનાયી નણાંદ[3] પરણે
તેણાયો આહે ઝમકાર વાજા...

૧. શાનો ૨. છોકરી ૩. નણંદ



### ૧૦૧

વાદળી તો અવળીને હવળી ઉપાર પીળી વાદળી રા
ચંપાબણી બાહાયે મીનવે[1] રા
બાહ મ્હાણા લગાન[2] લેવડાવો રા
લગાન આયવા ટુકડાં[3] રા
મ્હાણી ઘેલી દીખરી[4] ઘેલી કા બોલે રા
લગાન તો લેવડાવીદ્દ રા

૧. વીનવે ૨. લગ્ન ૩. નજીક ૪. દીકરી

### ૧૦૨

બ્હણીયે ઘણા ઘણા માંગવેલા[1]
તેઘે તો કાંય નાંય આહે રા
બ્હણીયે તો ઝાંઝર માંગવેલા
તેઘે તો હાંકળા[2] નાંય આહે રા
બ્હણીયે તો ઘણા ઘણા માંગવેલા
તેઘે તો કાંય નાંય આહે રા
બ્હણીયે તો હાડી માંગવેલી
તેઘે તો લૂગડા નાંય આહે રા

૧. મંગાવેલું ૨. સાંકળાં

### ૧૦૩

આંહુડે[1] સલકાયા[2] મણીબાઈ હાહરે મનમોંયા
બાહા[3] રડાયવો, આયા રડાયવી ભાયા રડતો કધો
મણીબાઈ હાહરે મનમોંયા
આંહુડે સલકાયા મણીબાઈ હાહરે મનમોંયા
ભાયા રડાયવો, ભાભી રડાયવી બ્હણીયે રડતી કધી
મણીબાઈ હાહરે મનમોંયા
હાહુ ઍંહાયવી[4], હહરા ઍંહાયવો, નડાહા[5] ઍંહતી કધી
મણીબાઈ હાહરે મનમોંયા

૧. આંસુ ૨. છલકાવું ૩. બાપાને ૪. હસાવી ૫. નણદને

## ૧૦૪

### કાળી ગાંઠી બાંધે ત્યારે

કાળો ગરાસલો[૧] રમણીયે ગળે વીળાગ્નો[૨]
અવે નાંય છૂટે ઈ કાળો ગરાસલો
કાળો ગરાસલો રમણીયે ડોકે વીળાગ્નો
તોયડો નાંય તૂટે, છોયડો નાંય છૂટે
અવે તો મનુભાયો, રમણીયો ગુલામ

---

૧. ગાંઠી ૨. વળગ્યો, બાંધ્યો

## ૧૦૫

### ભોજન કરતી વખતે "બાજ"ને લગતું ગીત

વડલાયા પાતરેં તો જળાજળી[૧] બોલે
પીપળાયા પાતરેં તો દલાલી[૨] રા
ધીરુભાયાયો બાવો[૩] તો જળાજળી બોલે
સોરીયો બાવો તો દલાલી રા

---

૧. ઉત્તમ ૨. તુચ્છ ૩. પિતા

## ૧૦૬

### ભાંડવણી (ફટાણાં)નાં ગીતો

કાળી કાળી વાદળીમાં વિમાન ઊડે, મૂરાખ ભાભી અહેર્યા કરે
ભણેલા મગાનભાય ઘડિયાળ પહેરે, અભ્ભાણુ[૧] ભાભી વખાત[૨] પૂછે
ભણેલા મગાનભાય નોકરી કરે, અભ્ભાણુ ભાભી રોટલી રાંધે

---

૧. અભણ, નિરક્ષર ૨. સમય

## ૧૦૭

અરધી રાતીહ્ના ભાયો છડુના છડવાડી[૧] (૨)
નાંયમાય છડી તે ભાયો, મુહળાયો[૨] ગોદ્દો લી[૩]
અરધી રાતીહ્ના ભાયો દળુના દળવાડી (૨)
નાંયમાય દળે તે ભાયો ઘંટીયો ખૂંટો લી
અરધી રાતીહ્ના ભાયો રોટલી હેકવાડી[૪]
નાંયમાય હેકી તે ભાયો, ચીપટાયો[૫] ગોદ્દો લી
અરધી રાતીહ્ના ભાયો, રાંધણા રાંધવાડી
નાંયમાય રાંધી તે ભાયો ચાટવાયો[૬] ગોદ્દો લી

---

૧. ડાંગર છડવી તે ૨. સાંબેલાનો ૩. ઠોકશે ૪. સેકવું ૫. ચીપિયાનો
૬. લાકડાની કડછી



## ૧૦૮

### જાનના દિવસે (ભાંડવણી)

આંમણો ભાય તે કેળિયો[૧] જ ગાભો હે
કેળિયો જ ગાભો હે
તુમણી સોરી તે તાડાયો[૨] જ તુંબો[૩] હે
તાડાયો જ તુંબો હે
ઊંચકી આફળે તે કોંક[૪] દેઈને બોલે હે
કોંક દેઈને બોલે હે

---

૧. કેળનો ૨. તાડનો ૩. તાડનું થડ ૪. વેદના ભર્યો અવાજ

## ૧૦૯

આયતા[૧] ગાડા રાતે જોઈડાં
મૅંયરે[૨] છનાભાઈગાડા રા મોઈડાં[૩]

---

૧. નાનું ૨. માં ૩. ભાંગ્યું

## ૧૧૦

વેવાઈ રા આંમુ જમી ઊયઠે
ભુવારી[૧] લેઈ ને ભુવાર[૨] પેલા એંઠા
ભુવારતા[૩] ભુવારતા હવાયા[૪] મિળ્ના
વયધાં તુલાયા[૫] ખજૂર ખાધાં
વેવાઈ રા આંમુ જમી ઊયઠે

---

૧. સાવરણી ૨. વાળ (સફાઈ કર) ૩. વાળતાં ૪. પૈસો ૫. તેટલાનું

## ૧૧૧

કમદાં પાયકા અ્હામણે દેહ
વેવાયે લેધા[૧] પાવાયા[૨] વેહ
વેવાણે લેધો ઘાઘરલિયો[૪] વેહ
કમદાં[૫] પાયકા અ્હામણે દેહ
વેવાણુ આવીહ્રા[૬] અ્હામણે દેહ
લોંઠી[૭] આવીહ્રા અ્હામણે દેહ
તુંઆ ડોહો જોજે તો
આવીહ્રા અ્હામણે[૮] દેહ

---

૧. લીધો ૨. ઇઝડો ૩. વેશ ૪. ચણિયાવાળો, ચણિયો પહેરેલો ૫. કરમદાં
૬, આવજો ૭. કુંવારી છોકરી ૮. અમારે

## ૧૧૨

વેવાઈ વેંગણે ચોરુ લાગ ગોયલો રા જલ્લાવાડીમા[૧]
વેંગણે ચોરતા વાડચેવાળાએ અ્હેયરો[૨] રા ”
વેવાયા વેંગણ્યેવાળાયે ઠોયકો[૩] રા ”
તુણે વેંગણે પાસો[૪] મેં ઓફે[૫] રા ”
વેવાણ મીરવીલે[૬] ચોરું લાગ ગોયલી રા ”
તેણા તે મીરવીલે, મીરવીલે ઠોયકી રા ”

૧. વાડીનું નામ ૨. જોયો ૩. માર્યો ૪. પાછો ૫. આપું ૬. મરચાં

## ૧૧૩

ઢાંકણા ઢરી[૧] ગાંવાથી લાવ્ની રા
મીરવીલો[૨] ગાંવાયે પાદારથી[૩] લાવ્ની[૪] રા
પાટયું ગાંવાયે પાદારથી લાવ્ની રા
લહાણ[૫] ઠગીને[૬] લાવ્ની રા
હાળના[૭] તે હવાદ[૮] ભરેલાં કધાં રા
તી વેવાયે ખાંવ નાંય[૯] દેધાં રા

૧. ગામ ૨. મરચાં ૩. સીમથી, ગોંદરેથી ૪. લાવી ૫. લસણ ૬. છેતરીને
૭. શાક ૮. સ્વાદ ૯. ન ખાવા દીધું

## ૧૧૪

બારવાડીયે વેંગણે ખાધે
તેરવાડીયે તરબૂસ[૧] ખાધે
તોયે વેવાય નાંય ધહલાય[૨]
એંહી[૩] ગાડા જબ્બાર જાડા
બાર ગાહ્લીયા બળાદ જોયડા
તેર વાડીયા ચોકચા જોયડા
તોયે વેવાય નાંય ધહલાય
એંહી ગાડા જબ્બાર જાડા

૧. તરબૂચ ૨. ધસડાય ૩. એંસી



## ૧૧૫

કોરી હપારિયેમાં[૧] હોપારિયો[૨] કુટકો[૩]
અહેર વેવાણીયો લટકો
દેશી ગાડી ધમઘૂમ જાય રા
મ્હાણો આજાયો વાયદો રખે ભૂલે
વેવાય તુણા ધાધરાયા
માપાં લેઈને આવીહરા

૧. એક પાત્ર ૨. સોપારીનો ૩. કટકો

## ૧૧૬

આંમા[૧] કોહાયા[૨] ઓયફા[૩] માન (૨)
તાણુ લાગ[૪] બીડિયા નાંય મીળે
પીંવ લાગ પાણી નાંય મીળે
બહું[૫] લાગ ખુરસાં નાંય મીળે
આંમા કોહાયા ઓયફા માન (૨)
ખાંવ લાગ ભાખાર[૬] નાંય મીળે
ચટાકા લાગ ચટ્ની નાંય મીળે
ભાખાર અ્હારી[૭] હાન્ના[૮] નાંય મીળે
આંમા કોહાયા ઓયફા માન (૨)

૧. અમને ૨. શાનું ૩. આપ્યું ૪. માટે ૫. બેસવા ૬. રોટલા ૭. સાથે
૮. શાક (હાળના)

## ૧૧૭

મ્હાણા બાવાયે[૧] રામરામ કધા રા
સોરી[૨] તુણો બાવો તો મુંગો રા
મ્હાણા બાવાયે દેહાઈ[૩] હાય દે[૪] રા
સોરીયા બાવાયે ભંગ્યે[૫] હાય દે રા
મ્હાણા બાવાયે હાજી રસોઈ કધી રા
સોરીયા બાવાયે કાચાં ખવાઈડા રા

૧. પિતાએ ૨. કન્યા ૩. એક ઉચ્ચવર્ણની કોમ ૪. બોલાવ્યા ૫. નીચવર્ણ મનાતી કોમ

૧૧૮

વજીરા બરીકામાં[1] ઘાલ ભાયરે ભરીઆ
ઉપાર ડાચાલો[2] માર ભાય રે ભરીઆ
જોહા[3] બરીકા ગરડે, તોહો વજીર બખડે
અહેણુ[4] વેવા વીતેને કાઢ ભાયરે ભરિયા

૧. પીપ ૨. ડાચો, ઢાંકણું ૩. જેવો ૪. એને

૧૧૯

ઢેંચુ[1] ઢેંચુ કરે રા મુવો કાળો ઢેંચુડીઓ[2]
અધમધ રાતનો બોલેરા મુવો કાળો ઢેંચુડીઓ
અધમધ રાતીહના ખાંડણા ખંડાવે મુવો કાળો ઢેંચુડીઓ
અધમધ રાતીહના કાંજણા મૂકેવારા મુવો કાળો ઢેંચુડીઓ

૧. કાળા કોશીનો અવાજ ૨. કાળો કોશી

□

# ઘોડિયા જાતિમાં ગવાતાં લગ્નગીતો

(ગતાંકથી ચાલુ)

૧૨૦

ડાહ્યાભાઈ પટેલ

### ઘાણુ નાખે ત્યારે

માણેક છડાય ને મોતી જ દળાય,
કમુબેન તારા વેવાજ માંડાયા ને વેવાજ ખવાયા.

એ ડોશી શું રે જોવા આવેલી તારે મારે મશ્કે કાઢેલી?
એ ડોશી ડોસો જોવા આવેલી તારે મારે મશ્કે કાઢેલી,
અમારો ડોસો નહિ રે પરવાળો તારે મારે મશ્કે કાઢેલી.
એ લોંઠી લોંઠો જોવા આવેલી, તારે મારે મશ્કે કાઢેલી.
એ મારે લોંઠો નહિ રે પરવાળો તારે મારે મશ્કે કાઢેલી.

૧૨૧

બારણે બાજોરી તોરાણે તીજોરી ભજો રે
ભમરા નોતરાળો.
ગામનું નામ છે ગામનું નામ છે વહેવલ રે
ભમરા નોતરાળો.
બેનીનું નામ છે બેનીનું નામ છે ગંગા રે
ભમરા નોતરાળો.
તેને જ બારણે જાજો રે ભમરા નોતરાળો.

૧૨૨

કોયલ બોયલી છે આંબા ડાળે કે....
બેની બોયલી છે, ભંગની ખોળે કે....
સોરો બોયલો છે, ભંગની ખોળે કે....

૧૨૩

આંબાને પાતરીયે, ગૂંથ્યો મારો માંડવડો.
મોરાને પીંછારીએ, છાયો મારો માંડવડો.
કોને તે રાજી એ, પરણે મારી કમુબેન.
ભાઈને રાજી એ, પરણે મારી કમુબેન.

૧૨૪

તોપો પડી રે રંગ મહોલમાં રે,
બાપા વિના કેમ ચાલશે રે.
સાથે બાપાને લેશું સાથે માડીને લેશું,
જાશું ભમર તારી જાનમાં રે....તોપો....
ભાઈ વિના કેમ ચાલશે રે?
સાથે ભાઈને લેશું સાથે ભાભીને લઈશું
જાશું ભમર તારી જાનમાં રે.. .તોપો....

૧૨૫

[જાનજતી વખતે રસ્તામાં નદી આવે ત્યારે ગવાતું ગીત]
નદીમાંના જલદેવ, સૂતા કે જાગ્યા?
અરધા તો સૂતેલા, અરધા તો જાગેલા,
જાગેલા હોય તો અમારી જાનો ઉતારી મેલજો.



૧૨૬

સોરા ધીરો રે, સોરા ધીરો રે, રસજાન રસિયો આવે છે
મોટાનો કુંવર આવે છે, રસજાન રસિયો આવે છે
તારી શેરીનો ધૂળ ઉડાડે છે, રસજાન રસિયો
આવે છે
સોરા ધીરો રે, સોરા ધીરો રે, રસજાન રસિયો
આવે છે
તારી છાપરીનું છાજ ઉડાડે રે, રસજાન રસિયો
આવે છે
સોરા ધીરો રે, સોરા ધીરો રે, રસજાન રસિયો
આવે છે
તારા સુતેલા ભાઈ, જગાડે છે, રસજાન રસિયો
આવે છે

૧૨૭

## પરણવા જતી વેળા

ફરતી ફિરંગીની ફોજ રે,
મનુબેન પરણીને વેલાં પધારજો રે!
વહેવલ મોટેરું ગામ રે, મનુબેન, બધી ફેશન હવે
ચાલશે રે!
વાંસદા નાનેરું ગામ રે, મનુબેન, બધી ફેશન હવે
છોડજો રે!
મરજી મરજી મારી જાનો કોણુ લોકે ઘેરી રે
આવ ઝીણુ મરજી!
મરજી મરજી મારી જાનો કોણુ દેવ લોકે ઘેરી રે,
આવ ઝીણુ મરજી
મરજી મરજી મારી જાનો, દેવ લોકોને પાન સોપારી
આલો રે ઝીણુ મરજી!
મરજી મરજી ગામ લોકોને પાન સોપારી આલો રે
આવ ઝીણુ મરજી!

૧૨૮

## પરણવા જતી વખતે

સૂકી વાડીમાં લીલાલેર રે, મોગરીઓ મઘમઘે.
લીલી વાડીમાં માડી ઊભાં રે, મોગરીઓ મઘમઘે.
માડી સંગાથ બાપા ઊભા રે, મોગરીઓ મઘમઘે.
માડી ખોળે નાનાં બાળ રે, મોગરીઓ મઘમઘે.
માડી મોરા નાના બાળને સાચવી લેજો રે.
મોગરીઓ મઘમઘે.

## ૧૨૯

ધન ફેરી વાવડી ખોદાવજો રે, ધના મરૂજી
તેમાં રૂડા મોગરીઓ ને ચંપો રોપાવજો રે, ધના મરૂજી
તેને દૂધે ને દહીંએ સિંચાવજો રે, ધના મરૂજી
તેનાં રૂડાં ફૂલો ચૂંટાવજો રે, ધના મરૂજી
તેના રૂડા હારો ગૂંથાવજો રે, ધના મરૂજી
તે હાર મારા મોહનભાઈની ડોકે સોહાવજો રે,
ધના મરૂજી

## ૧૩૦

### કન્યાની જાન વરને ત્યાં પહોંચે ત્યારે

મેં તો દેસાઈ ઘરના જાણ્યા રે, જોગીડા જોગીડાની
ઝૂંપડી.
તે તો ભંગવી ઘેરનાં દેહું રે, જોગીડા જોગીડાની
ઝૂંપડી.
મેં તો હવેલી ઘરનાં જાણ્યાં રે, જોગીડા જોગીડાની
ઝૂંપડી.
તે તો ઝૂંપડી ઘરનાં દેહું રે, જોગીડા જોગીડાની
ઝૂંપડી.
અમે આવીને લાજે પડયાં રે, જોગીડા જોગીડાની
ઝૂંપડી.

## ૧૩૧

### પરણતી વખતે

સોરાનાં ઊંઘટડાં જગાડો રે, સોરો ઊંઘે છે
સોરાને ચાબુકે ચમકાવો રે, સોરો ઊંઘે છે
સોરાની બેનીને જગાડો રે, સોરો ઊંઘે છે



## ૧૩૨

બાપુજી વિનાનું ગાંધીજી વિનાનું અમને ભારત
અમને જીવ સૂનું સૂનું લાગે અમને ભારત
સૂનું સૂનું લાગે.
જમણે હાથે જવાહર ડાબે હાથે વલ્લભભાઈ વચ્ચે
બાપુજીનો ફોટો.
બાપુજીનો ફોટો કાચે મઢેલો ટીલડી જડેલો
ફરતે મુકાવું સોના ફ્રેમ રે, બાપુજી વિનાનું.
જમણે હાથે બાપુભાઈ, ડાબે હાથે મણિબહેન
વચ્ચે હસુબેનનો ફોટો.
હસુબેનનો ફોટો કાચે મઢેલો ટીલડી જડેલી
ફરતે મુકાવું સોના ઝૂલ રે, બાપુજી વિનાનું.

## ૧૩૩

સવાસોની સાડી મારા ભાઈ ગજવે ઘાલી લાવ્યા
પેરતી હોય તો પેર રે નવી વહુ નહિ તો મારા નગીનભાઈ
સાડી બગડશે.
સવાસોની ચોળી મારા ભાઈ ગજવે ઘાલી લાવ્યા,
પેરતી હોય તો પેર રે નવી વહુ, નહિ તો મારા નગીનભાઈ
સાડી બગડશે.

## ૧૩૪

### આણા ગીત

ચૂલે પેણો મેલાવજો, ચૂલે પેણો મેલાવજો;
તાજો દેડકો તળાવજો, તાજો દેડકો તળાવજો.
ડાહ્યાને ભાણે પીહાર[૧]જો, ડાહ્યાને ભાણે પીહારજો
ડાહ્યાને લાગ્યો સવાદ જો, ડાહ્યાને લાગ્યો સવાદજો
હજુ બીજો માગે જો હજુ બીજો માગે જો
બીજો કાંથા ને લાવું જો બીજો કાંથા ને લાવું જો

૧. પીરસવું

**૧૩૫**

આણામાં કોણ કોણ આવે રે મોરા ?
આણામાં શાન્તિહો આવે રે મોરા.
શાન્તિને કોયો તો સંઘરે મોરા.
શાન્તિને વાંદરાં તો સંઘરે મોરા.

**૧૩૬**

મગનભાઈ ઊંડે કૂવે કેમ ઊતર્યા બાલમ રાજ
નાગર ભૂલી પડી રે.
નવી વેવુ સાડી પેરે તો રંગે ઝાંખેરા બાલમ રાજ
નાગર ભૂલી પડી રે.
મારા ભાઈ ધોતી પહેરે તો રંગે ભરેલી બાલમ રાજ
નાગર ભૂલી પડી રે.
બાપા એવી વેવુ કેમ ગમી બાલમ રાજ
નાગર ભૂલી પડી રે.

**૧૩૭**

ઝીભે ઝીભે તેયડાં તો, મોરે મોરે આયવાં રે
લાલ ટોપીવાળા.
ડોસા ડોસા તેયડા તો, પોયરા પોયરી આયવા રે
લાલ ટોપીવાળા.
પોરી પોરી તેડી તો, ડોસી ડોસી આવી રે
લાલ ટોપીવાળા.
ધોતીવાળા તેયડા તો, લંગોટવાળા આયવા રે
લાલ ટોપીવાળા.
ટોપીવાળા તેયડા તો, પાઘડીવાળા આયવા રે
લાલ ટોપીવાળા



**૧૩૮**

**ચાંલ્લા પછીનું ગીત**

**યશોદાબહેન છાયલાભાઈ ગરાસિયા**

છેડો કોથળીનો બાંધ તાંતો રૂપિયાની જોડ,
તે તો કળશિયામાં નાયખા તે તો ધડીંગ
દેને રે બોલ.
લેરી રે લેરી મારા નવનીત ભાઈ તો બેર
છેડો કોથળીનો બાંધ કાઢો રૂપિયાની જોડ
તે તો....

**૧૩૯**

**પીઠી વખતે**

એ રંગ મારા કયા શહેરમાં વેચાય રે રાજ રે,
રંગ મારો મોઘરિયો.
એ રંગ મારા સુરત શહેરમાં વેચાય રે રાજ રે
રંગ મારો મોઘરિયો.
એ રંગ મારો પાવલે પાશેર વેચાય રે રાજ રે
રંગ મારો મોઘરિયો.
એ રંગ મારો બહુ મોંઘો વેચાય રે રાજ રે
રંગ મારો મોઘરિયો.
એ રંગ મારો ભગુભાઈને ચડે રે રાજ રે
રંગ મારો મોઘરિયો.

**૧૪૦**

**કન્યાને તૈયાર કરતાં**

તંગ પેટી ખોલો રે બાપા, તંગ પેટી ખોલો રે બાપા
સારી સાડી કાઢો રે બેની, સારી સાડી કાઢો રે બેની.
જોઈ જોઈને પેરો રે બેની, જોઈ જોઈને પેરો રે બેની.
હૈયું નહિ ભરશો બેની, હૈયું નહિ ભરશો બેની.
કાલે પાછાં આવશું બેની, કાલે પાછાં આવશું બેની.

૧૪૧

**વરઘોડા વખતે ગવાતું ગીત**

કયા દેસાઈનો વરઘોડો રે નવલખ લોઢણી
કયા દેસાઈનો વરઘોડો ?
મનુ દેસાઈનો વરઘોડો રે નવલખ લોઢણી,
મનુ દેસાઈનો વરઘોડો.
કઈ ભંગજણુની જાન રે નવલખ લોઢણી
કઈ ભંગજણુની જાન રે ?
શાન્તા ભંગજણુની જાન રે નવલખ લોઢણી
શાન્તા ભંગજણુની જાન રે.

૧૪૨

**વિદાય વેળાએ**

શરમાળ સાસરે ચાલી,
માતાને મેલી પિછોડી – સાસુના સંગે ચાલી,
શરમાળ સાસરે ચાલી,
પિતાને મેલી પિછોડી – સસરાને સંગે ચાલી.

**લગ્ન વખતે**

**ભવાની માતા પાસે**

કયા દેવે નોતરણુ મેલ્યાં કે મેરે
ભવાની માતાને નોતરણુ મેલ્યાં કે મેરે
ભવાની માતાનાં છોકરાં પરણે કે મેરે

૧૪૩

**સગાઈ વેળા**

**શ્રી મનુભાઈ નાથુભાઈ પટેલ**

મોતી જ સડાયા ને ચોખા જ ખાંડાયા,
મોહનભાઈ તારા વેવાજ માંડાયા,
મોતી જ સડાયા ને મોતી જ વેરાયા.
મોહનભાઈ તારા વેવાજ માંડાયા.
મોતી જ સડાયા ને ભાત જ ખાંડાયા.
મોહનભાઈ તારા વેવાજ માંડાયા.



૧૪૪

**પીઠી વખતે**

પાટલે બેસવાની મજા આવી પાટલે બેસી લેજો.
ચાંલ્લો પેરવાની મજા આવી ચાંલ્લો પેરી લેજો.
તેલો પેરવાની મજા આવી તેલો પેરી લેજો.
હળદી પેરવાની મજા આવી હળદી પેરી લેજો.

૧૪૫

**લગ્નગીત**

ઊઠો કુંવર લીલી વાડી સુકાઈ ચાલી રે,
કુંવારા તો છેડો વાળી વાળી સુવે રે,
કુંવારાનાં પિતા બોલાવે, કુંવર ના બોલે.
કુંવારા તો છેડો વાળી વાળી સુવે રે.
કુંવારાનાં માતા બોલાવે, કુંવર ના બોલે.
ઊઠો કુંવર લીલી વાડી સુકાઈ ચાલી રે.

૧૪૬

મરઘો તો બોલ્યો છે તાપીને પાર રે,
પિતાએ તો દેખાડાવ્યાં લાંબેરાં ગામ રે,
પિતા આપને ના જોયે લાંબેરાં ગામ રે,
પિતા આપને જોયે છે ટૂંકેરાં ગામ રે,
મરઘો તો બોલ્યો છે તાપીને પાર રે,
માતાએ તો દેખડાવ્યાં લાંબેરાં ગામ રે.
માતા આપને ના જોઈએ લાંબેરાં ગામ રે.
માતા આપને જોઈએ છે ટૂંકેરાં ગામ રે.

૧૪૭

### પીઠી ધોતાં

મારો ભાઈ નાય તો તાપીનાં પાણી રે ભમરા.
નવી વહુ નાય તો કતોડેનાં પાણી રે ભમરા.
મારો ભાઈ નાય તો દૂધ ને દહીં રે ભમરા.
નવી વહુ નાય તો રાખ ને દિવેલ રે ભમરા.
મારો ભાઈ નાય તો કૂવાનાં પાણી રે ભમરા.
નવી વહુ નાય તો માંદણનાં પાણી રે ભમરા.

૧૪૮

### આણું (છાકવાટિયું)

ચાર વાગ્યે આવ્યાં ને પાંચ વાગ્યે ખોળિયાં
છ વાગ્યે શરૂ
એ દારૂ લાગ્યો કલેજે ને ચઢયો મગજે
નારણ જાણીને મેં તો ગટરમાં ફેંક્યો
ગટરનો લાગ્યો ધક્કો,
એ દારૂ લાગ્યો કલેજે ને ચડયો મગજે.
ભૂલેશ્વર જાણીને મેં તો ખીણમાં ફેંક્યો,
ખીણનો લાગ્યો ધક્કો,
એ દારૂ લાગ્યો કલેજે ને ચડયો મગજે.

૧૪૯

### ચાંદલો કરતી વેળા

શ્રી ગોપાળભાઈ ભગાભાઈ ભાટ

કોરા કાગળ મંગાવો, કંકોત્રી છપાવો,
વેવાઈ સમજાવો વેવણને.
સાચો ચાંદલો માંગ્યો
જૂઠાનો ચાંદલો લાવ્યા,
એનીનું મન ઝાંખું... વેવાઈ સમજાવો વેવણને
સાચાનો હાર માંગ્યો,
જૂઠાનો હાર લાવ્યા.
સાચાનું નાળિયેર માંગ્યું,
જૂઠાનું નાળિયેર લાવ્યા
એનીનું મન ઝાંખું... વેવાઈ સમજાવો વેવણને.



૧૫૦

### ચોખા સાફ કરતી વેળા

એ ભમરો કહેને[1] ભમે રે ભમરા
એ ભમરો સુરત શહેરમાં ભમે રે ભમરા.
એ ભમરો શું શું વરેવા ગયેલો રે ભમરા....
એ ભમરા કહેને ભમે રે ભમરા
એ ભમરા નવસારી શહેરમાં ભમે રે ભમરા.
એ ભમરા દાળ વેરેવા ગયેલો રે
ભમરા દાળ વેરેવા ગયેલો રે ભમરા.

૧૫૧

### નાવણ કરતી વેળા

આસાં આસાં તાપીનાં નીર રે
લાડકલીને અંઘરાણી[2]
અંઘરાણી કોનાં તે હાથ રે
લાડકલીને અંઘરાણી
અંઘરાણી શોભાના હાથ રે
લાડકલીને અંઘરાણી.

૧૫૨

### હળદર લગાવતી વખતે

વાંસળી તો વગડાવું ઝીણા રાગની રે જાણે
મંદિરમાં સંભળાવું.
ચાંદલો તો પેરાવું સમી સાંજનો રે જાણે
સવારમાં દેખડાવું રે.
લેલે તો, પેરાવું સમી સાંજનો રે જાણે
સવારમાં દેખડાવું રે.
પીઠી તો પેરાવું સમી સાંજના રે જાણે
સવારમાં દેખડાવું રે.

૧. કેમ ૨. નવડાવી.

## ૧૫૩

### મંડપ બનાવતાં

બાર થાંભલીનો માંડવ રોપ
ભાઈ રે વેવારિયા.
એક થાંભલી બીજી નાંખ
ભાઈ રે વેવારિયા.
ત્યારે ખાસો માંડવ થાય
ભાઈ રે વેવારિયા.

## ૧૫૪

### ઉંડા ઉડાડતી બખતે

શેર બાજરીના તેર લાડુલા ઘડયારે મા;
ઝરમણિયા.
તેરમાંથી એક લાડુલો ચોરાયોરે મા
ઝરમણિયા.
તે તો મેં ડાબે ખોળે નાખ્યો રે મા
ઝરમણિયા.
તે તો મેં પાણી જતાં આધારે મા
ઝરમણિયા.

## ૧૫૫

### જાન જાય ત્યારે

તંગ પેટી ખોલો રે બેની
બેની રે મોરાં હૈયું ના ભરશો
દિલ થશે પાતળાં બેની. . . . (૨)
દેશ પડયો આધારે બેની
કાલે પાછા આવીશું બેની.



## ૧૫૬

### વિદાયવેળા

છેડલે બાંઈધા જીરા રે બેની
સાસુએ તો કાઢી મેલેવા માંડા રે બેની,
કાઢી મેલે તો કાઢી મેલેવા દેજો રે બેની.
માતાએ તો રાખી મેલેવા માંડયા રે બેની.
કાઢી મેલે તો મેલેવા દેજો રે બેની.
પિતાએ તો રાખી લેવા કહ્યાં રે બેની.
છેડલે બાંઈધા જીરા રે બેની.

## ૧૫૭

### લગ્ન કરાવ્યા પછી સાંજે

પટેલ શંકરલાલ બુધિયાભાઈ

કેથી કોયલ બોલી રે એના રાનડે!
કેથો પોપટ બોલ્યો રે એના પાંજરે!
મારી કસુબે'ન બોલે રે એના પાંજરે!
બાપા મોરા નાનેરાં પરણાયાં મોરા!
લખું રે લોઘણિયારું પાંજરું!!

## ૧૫૮

### પરોઢિયા ગીત

વહેલી સવારે ઊઠો રે તમે,
લેજો ભગવાનનું નામ રે!
માડી બોલાવે તો જી કરી બોલો રે . . લેજો૦
વાડેનાં ચિડિયાં ચીં ચીં બોલે રે!
હજુ ના ઊડી તમારી ઊંઘ રે. . . લેજો૦
જીરે ફૂલવાડીમાં વાગશે ઢોલ રે!
ભાઈની ચંપલ ચમકતી જાય રે!
ઊંડા તે રાનમાં કોયલિયો બોલે રે!
ભાઈના બાપા મધરાતે બોલે રે!
તમને વહેલેરાં પરણાવું રે!! લેજો૦

**૧૫૯**

મારા ભગુભાઈ કવાલના રે !
કેસરિયો ધીમો ધીમો જાય રે !
નગારાં વાગે ઝીણાં ઝીણાં !
લીલુડા વાંસની વાંસળી રે !
એ તો શેરી વાજંતી જાય
ગામના લોકો પૂછતાં રે !
પેલો કયો રાજા પરણવા જાય !

**૧૬૦**

**કન્યાના ઘર નજીક જાન પહોંચે ત્યારે**

અજાણ્યા ગામમાં આવ્યાં અજાણ્યા જેવું લાગે !
મારા ભાઈ અજાણ્યા ગામમાં કયાં આવ્યાં !
અજાણ્યાં ગામમાં આવ્યાં પાણીયે ના પૂછે !
અજાણ્યાં ગામમાં આવ્યાં તો બીડીયે ના પૂછે !
અજાણ્યા ગામમાં આવ્યાં તે ભોજનેય ના પૂછે !

**૧૬૧**

**કન્યાને કપડાં પહેરાવે ત્યારે**

ચંપાબેન નવા જમાનાનાં
જિયાવર જૂના જમાનાના !
ચંપાબહેનની સાડી જોઈ ને !
જિયાવર બને નવા જમાના ને !
ડગલે ને પગલે જિયાવર કપડાં જોઈ એ !
બની ગયા જિયાવર ભાન વનાના.



**૧૬૨**

**મંડપમાં જાન આવે ત્યારે**

થંભી જાવ થંભી જાવ ! માંડવાની બહાર !
ઉતાવળ આજે શાની ?
અમારાં બેનું તો કરે છે નાવણુ !
નાવણુ કરતાં લાગશે વાર. . . થંભી.
અમારાં બેનું તો પહેરે છે સાડી !
સાડી પહેરતાં લાગશે વાર . . . થંભી જાવ !

**૧૬૩**

એક એક મોતી લાખ લાખે
ભર્યો છે સોનાનો હાર !
ગંગાકિનારે ભૂલી રે સોનાનો હાર !
લાવોને લીલા વાંસ, બંધાવો મંડપ રે !
ગોતાવો સોનાનો હાર ! ! એક એક૦

**૧૬૪**

મારા કોણુ ભાઈની દુકાને ગાંઠિયા વેચાય ?
નાટક ડોલે વેવણુ છાલક છાલક થાય !
ગાંઠિયા લેવા જાય તેના ટાંટિયા ભાંગી જાય. . . નાટક૦
મારા કોણુ ભાઈની દુકાને અંબર વેચાય ?
અંબર લેવા જાય તેને તમ્મર આવી જાય. . . નાટક૦

## ૧૬૫

### ચોરીમાં બેઠાં હોય ત્યારે

મંડપ નીચે વરકન્યાનું જોડું રે,
બાર જુગનું જીવન જોડું!
કદી ના જોડું તૂટે રે! મંડપ!
પિતા મોરા પ્રેમથી પરણાવો રે!
માતા મોરાં પ્રેમથી પરણાવો રે!!

## ૧૬૬

વરકન્યાનું સુંદર જોડું અમર રહો!
સીતા સરખાં તપ કરે ત્યાં–
રામ જેવા સ્વામી મળ્યા!
પાર્વતી સરખાં તપ કરે ત્યાં–
શંકર જેવા સ્વામી મળ્યા!
તેવા કમુબેનને! સ્વામી મળ્યા
દલુભાઈ જેવા સ્વામી મળ્યા!

## ૧૬૭

માંડવા ઉપર ચલ્લી મરકાયા કરે!
હચંહ... હચંહ મલકાયા કરે!
મારા મનુભાઈને જોઈ જોઈ મલકાયા કરે!
પેલી શાંતા જોઈને મલકાયાં કરે!
મારા મનુભાઈને જોઈ જોઈ મલકાયા કરે!
હચંહ... હચંહ મલકાયા કરે!!



## ૧૬૮

### લગ્નના બીજા દિવસે સવારે

તલમલિયો[1] તારો ઊગ્યો રે!
પેલી અરણુ[2] આેબજે જાય રે!
ઊઠોને ગોરી તમારો! છાશ વલોવવાને વારો!
છાશ વલોવીને ઊભાંરિયાં!
પેલી છોરી માખણુ ચોરી ખાય રે!
ખાશે તો ખાવા દ્યોને રે!
એના દેશમાં દુકાળ રે!!

## ૧૬૯

છેલ્લી ઘડીએ પહેલી સલામ રે!
ઝીલવી હોય તો ઝીલજો સલામ રે!
વેવાઈને આંગણે મારી છેલ્લી સલામ રે!
અમારી જે ભૂલ હોય તે–
માફ કરો તમામ રે! છેલ્લી૦

## ૧૭૦

ચાલો ચાલો ગોપાળભાઈ ઘેર જઈએ!
કાલ કાલના આવેલા! ગોપાળભાઈ૦
સમી સાંજના જમેલા,
મધરાતના પરણેલા! ગોપાળભાઈ૦
આપણા ઘર તો દૂધનાં આંધણુ રે!
ચાલો ચાલો ગોપાળભાઈ ઘેર જઈએ!

## ૧૭૧

### આણાના દિવસે

ઊંચો બંગલો ને નીચે માળ રે!
બેસી બેસી જોઈ રે કમુબેન!
ત્યાં તો બાપા લડાવે લાડ!
અહીં સસરો કઢાવે લાજ!

૧. પરોઢિયે ઊગતો તારો. ૨. સપ્તઋષિ.

૧૭૨

પહેલે આણે મારા સસરાજી આવ્યા !
સસરાની સાથે હું તો કદીયે ન જાઉં !
લટકારીના આણલાં કોણ વારી જાય !
બીજે આણે મારાં સાસુજી આવ્યાં !
સાસુજીની સાથે હું તો કદીયે ના જાઉં !...લટકારી૦
ત્રીજે આણે મારા દિયરજી આવ્યા !
દિયરની સાથે હું તો કદીયે ના જાઉં !...લટકારી૦
ચોથે આણે મારા પરણ્યાજી આવ્યા !
પરણ્યાની સાથે હું તો કોટ કૂદી જાઉં !
લટકારીનાં આણલાં એ રે વારી જાય !!

૧૭૩

ગાડી તો મારા જનમે ના જોયલી રે !
પરણ્યું મળ્યું એવું મને ગાડીમાં બેસાડી રે !
વિમાન તો મારા જનમે ના જોયેલું રે !
પરણ્યું મળ્યું એવું મને વિમાને ઉડાડી રે !
મુંબઈ જેવું શે'ર તો મારા જનમે ન જોયેલું રે !
પરણ્યું મળ્યું એવું મને શેરમાં ભમાવી રે !
ઘડિયાળ જેવી ચીજો મારા જનમે ના જોયેલી રે !
પરણ્યું મળ્યું એવું મને ઘડિયાળો પેરાવી રે !

૧૭૪

તાપી કિનારે રૂડી ખજૂરી રે !
સાંજે તેઓ ઘોડી પાણી પાવા ગ્ય'તા પલાણે !
તાપીકાંઠે મન તમારાં મોહ્યાં રે ! તાપી૦
પરણું પરણું તો તારી બેનુંને જ પરણું રે !
તહાં મારાં મન મોહ્યાં રે ! તાપી૦



૧૭૫

અમે આવરિયાં તમે બાવરિયાં
મારાં કમુબહેનનાં સાસરિયાં !
અમે અંગરેજી તમે ગુજરાતી !
અમે રેશમી સાડી માગી ત્યાં –
સુતરાઉ કાપડ લાવ્યા !... અમે.
અમે ફેંટો માગેલો ત્યાં –
તમે લાવ્યા લોટો... અમે.

૧૭૬

મારી વેણી સારી લાગી સહુને વેણી સારી લાગી
ઓ મારા રમેશ રે ભાઈ,
નાનુંસરખું સુરૈતો શે'ર, મારી વેણી સારી લાગી
મા'રાજ બોલાવી લેજો.
મા'રાજ બોલાવી લેજો, લગન જોડાવી લેજો,
ઓ મારા રમેશ રે ભાઈ,
મારી વેણી સારી લાગી.

૧૭૭

સગાઈ વખતે

બાલુભાઈ મગનભાઈ પટેલ

લે'રી લે'રી મારો કચો બાપો છે લે'રી
લે'રી લે'રી મારો છગન બાપો છે લે'રી,
લાઈખો[1] ગજવામાં હાથ, કાયઢી રૂપિયાની જોડ
તે તો કળરિયામાં લાયખા, તે તો દડીંગ દઈને બોઈલા.

૧. મૂક્યો.

૧૭૮

ચાંલ્લા

ચાંલ્લો કોણે ચઢાવ્યો રે ભારવાણીમાં રાજરે,
એ ચાંલ્લો પિતાએ ચડાવ્યો રે મારવાડી.

### ૧૭૯

### દહેજ ગીત

એ દહેજ કોણે ચડાવ્યું રે મારવાડી
આ દહેજ સાસુજીએ ચડાવ્યું રે મારવાડી.
આ દહેજ માતાએ ચડાવ્યું રે મારવાડી.
માતાએ તો હરખે ચડાવ્યું રે મારવાડી.

### ૧૮૦

### કપડાં અંગેનું ગીત

ઉષાબહેન છોટુભાઈ પટેલ

વાણો[1] આઈવાં રે એ મલબારેનાં[2] વાણો,
કે ખૂંઈચાં રે મઈયરેયે મલબારેનાં વાણો,
બાપા મોરા રે હું તો કંઈ ન માગું
એ મલબારેનાં વાણો,
કે માગું રે એક જ ધોતીની જોડ,
એ મલબારેનાં વાણો,
છોકરાં મોરાં રે, આવજે રે વલહાડને છાપે કે
એ મલબારેનાં વાણો,
ઓરશું રે એક ધોતીની જોડ,
એ મલબારેનાં વાણો.

### ૧૮૧

### નોતરણનું ગીત

આંગણે બીજોરી બારણે ટીંડોરી
જાજે રે ભમરા નોતરણ

ગામેનું નામ છે શેરીમાળરે ભમરા,
કુઈનું નામ છે કમળા રે ભમરા.

તીને જ બારણે જાજે રે ભમરા
કમળા રે કુઈ તું વેલેરી આવજે રે ભમરા.

વેલ જોડી વેલે બેસીને આવજે રે ભમરા.

૧. વહાણ ૨. મલબાર



### ૧૮૨

### અનાજ સફાઈનું ગીત

પાલેશી ભાત કઢાવ મારી લોઢણબાઈ,
ટોપલીએ ભાત ભરાવ મારી લોઢણબાઈ,
સૂપડીએ ભાત ઝટકાવ મારી લોઢણબાઈ,
ખાંડણિયે ભાત ખંડાવ મારી લોઢણબાઈ.

### ૧૮૩

### મંદિરે જતાં ગવાતું ગીત

હું તો બારની ઘડીએ મલેવા આવીશ મોરા
ચાંદા સરખો સૂરજ ઊગ્યો

હું તો કન્સેરી માડીને મલેવા આવીશ મોરા
ચાંદા સરખો સૂરજ ઊગ્યો

હું તો ફૂલડાં લઈને આવીશ મોરા
ચાંદા સરખો સૂરજ ઊગ્યો.

### ૧૮૪

### પીઠી ચડાવતાં ગવાતું ગીત

અવળી ઘાણીનું કાચું તેલો રે ભમ્મર તેલો,
ભાઈની ભાભી ચડાવે કાચાં તેલો રે ભમ્મર તેલો,
ભાઈની ભાભી ચડાવે પીળી પીઠી રે ભમ્મર પીઠી.

### ૧૮૫

### મંડપ મુહૂર્ત વખતનું ગીત

મરઘો તો બોઈલો છે ખાડીને પાટ રે – પારવતી પોલી.
બાપાએ તો દેખાઈડાં લાંબેરાં ગામ રે – પારવતી પોલી.
બાપા તને નથી લાગી દયા રે – પારવતી પોલી.
બાપા મને મેલવા આવે તો જાઉં રે – પારવતી પોલી.

### ૧૮૬

### માંડવાનું ગીત

મારે માંડવે અત્તર છંટાવો વીરા
અત્તરની સુગંધે ભાઈ મામાજી આવે

### ૧૮૭

### ગ્રહશાંતિ વેળા ગવાતું ગીત

ચોરી શાંત કે મારો મગન બાપો બેઠો,
માથે મંદિરી બાપા છૂટેરી મેલ,
ચોરી શાંત કે મારી સોમી માડી બેઠી,
માથે અંબોડો માંડી છૂટેરો મેલ.

### ૧૮૮

### જાન વખતે ગવાતું ગીત

ભાઈનો જામો આવ્યો તે સવા લાખનો
રમેશભાઈ પેરે રે શીખીલભાઈ
આપણે જાઉં છે કન્યા જીતવા

### ૧૮૯

લીલે તે વાંસની વાંસળી રે, શેરી શેરીએ બાજંતી જાય,
પિતાના અતિ પ્યારા મનુભાઈ રે એ તો પરણવા જાય.

### ૧૯૦

### વિદાય વેળાનું ગીત

ખોળે બેસાડી બાપા વીનવે રે, દીકરી રિયો રિયો આજનો દિન,
હું કેમ રહું બાપા એકલી રે, મારો સ્વામી ચાલ્યો જાય,
સ્વામી વિના તો સૂનું સાસરું રે, મારો સ્વામી ચાલ્યો જાય.



### ૧૯૧

### લગ્ન ગોઠવતી વેળાએ

રેવાબહેન નીછાભાઈ ગરાસિયા

એવડાં લગ્ન કાંથી લખી લાઈવો છોરાનો ભાઈ
ઢેડાએ લખી રે આઈલો, ભંગિયાએ વાંચી રે આઈલાં
તાંથી લગ્ન લાઈવો રે.

એવડાં લગ્ન કાંથી લખી લાઈવાં બેનીના ભાઈ
બ્રાહ્મણે લખી રે આઈલાં, દેસાઈએ વાંચી રે આઈલાં
તાંથી લગ્ન લાઈવો રે.

### ૧૯૨

### પીઠી વેળાએ

કાચી ઘાણીનાં કાચાં તેલો રે ભમ્મરિયા,!
બેન તને કોણ ચડાવે કાચાં તેલો રે ભમ્મરિયા!
બેન તને ભોમય ચડાવે, કાચાં તેલો રે ભમ્મરિયા!
કાચી ઘાણીની કાચી અરદ રે ભમ્મરિયા.
બેન તને ફોઈ ચડાવે કાચી અરદ રે ભમ્મરિયા.

### ૧૯૩

### ઘાણ ભરતી વેળાએ

કાપલિયાં બે સેંદૂરિયાં બે મોટે દરિયે લોબન વધાવ.
મોટે દરિયે લોબન વધાવ.

કાપલિયા બે ચાખલિયા મ માટ દરિયે લાખન વવાય.
માણેક છડયા ને મોતી જ છડાયા
હંસાબેન તારા વે'વા જ માંડયા.

વેવાજ ખોડાયા ને વેવાજ માંડયા
હંસાબેન તારાં લગ્ન લેવાયાં.

## ૧૯૪

### પરણતી વેળાએ

ઊંચે એરે રતુ તારા ગણે હે
નીચે એરે રતુ કાંકરા ગણે હે
નાંય નાંય ગમે આમાં નાંય નાંય ગમે હે
છેકનાંય[1] ગમે આમાં[2] છેકનાંય ગમે હે

## ૧૯૫

### લગ્નગીત - આણા વેળાએ

વાટમાંનો આંબો ખળખળિયારો
ફેરી ઝોલાં ખાય મારા વોલા
ચાયની મારી સવિતા ઘડી ઘડી દોડી આવે
ફેરી ઝોલાં ખાય મારા વોલા.

## ૧૯૬

મારા વાડામાં રે લીલો ગાંજો સબીલો ગાંજો
ઝીણુકારી છૂંદો સબીલો ગાંજો
એક પવાલું રે પેલા રતુને પાઓ....
સબીલો ગાંજો....

નહિ પીએ તો રે ઊંધો લાખો, ચત્તો લાખો.
ઢાળી પાડી પાઓ...સબીલો ગાંજો.

## ૧૯૭

### ચાંલ્લા વખતે ગવાતું ગીત

**પટેલ પ્રેમીલાબહેન જીવણજી**

મારે પરસાળે ચંદન ચોક પુરાવો રે,
ચંદન ચોક પુરાવીને કંઈ સોના બાજઠ ઢાળો રે
સોના બાજઠ ઢાળીને કંઈ કિશોરભાઈને બેસાડો રે,
કિશોરભાઈને બેસાડીને કંઈ હાથમાં શ્રીફળ આપો રે
હાથમાં શ્રીફળ આપીને કંઈ દેવનાં દર્શન કરાવો રે
મારે પરસાળે ચંદન ચોક પુરાવો રે.

૧. બિલકુલ નહિ ૨. અમને



## ૧૯૮

### પીઠી ચોળતી વખતે ગવાતું ગીત

એ રંગ મારા કયા શહેરમાં વેચાઈ રે રાજ રે
રંગ મારો મોંઘેરીઓ.
એ રંગ મારા સુરત શે'રમાં વેચાઈ રે રાજ રે
રંગ મારો મોંઘેરીઓ.
એ રંગ મારો કેમ પાશેર મળે રે રાજ રે
રંગ મારો મોંઘેરીઓ
એ રંગ મારો પાવલે પાશેર મળે રે રાજ રે
રંગ મારો મોંઘેરીઓ.
એ રંગ મારાં લક્ષ્મીબેનને ચઢે રે રાજ રે
રંગ મારો મોંઘેરીઓ.

## ૧૯૯

### વરઘોડા વખતે ગવાતું ગીત

કયા દેસાઈનો વરઘોડો રે નવલખ લોઢણી...(૨)
એ તો ઠાકોર દેસાઈનો વરઘોડો રે નવલખ લોઢણી
કઈ ભંગજણુની જાન રે નવલખ લોઢણી
એ તો લલિતા ભંગજણુની જાન રે નવખલ લોઢણી
કયા દેસાઈનો વરઘોડો રે નવલખ લોઢણી....(૨)

## ૨૦૦

### વિદાય ગીત

શરમાળ સાસરે ચાલી
માતાની માયા છોડી સાસુના સંગે ચાલી
શરમાળ સાસરે ચાલી
પિતાની માયા છોડી સસરાના સંગે ચાલી....

## ૨૦૧

### લગ્નગીત

### ગોત્રજ ઘરે પગે લગાડતી વેળા

અમારી ગત્રેજ ઓરડી રાની રાયમલજી રે,
તમે અજાણ્યાં અમે જાણેલાં રાની રાયમલજી રે,
જે જોય તે માંગજો રાની રાયમલજી રે,
નાળિયેળ જોયે તો માંગજો રાની રાયમલજી રે,
રૂપિયા જોયે તો માંગજો રાની રાયમલજી રે,
વાંકાં વળી પાયે લાગજો રાની રાયમલજી રે,
અમારી ગત્રેજ ઓરડી રાજા રાયમલજી રે.

## ૨૦૨

### હળદર લગાવતી વેળાનું ગીત

નીરાબહેન આયતાભાઈ ઠાકોર

કૂવા કાંઠે લીમડી લાલ, કેમ કરીએ રે લાલ. . (૧)
એનનાં હળદર પડયાં ટાચાં લાલ, કેમ કરીએ રે લાલ
ટાચાં માયાં પેરો લાલ; કેમ કરીએ રે લાલ. . (૨)

## ૨૦૩

### મંડપ વખતનું ગીત

મારે માંડવે સોનાનો થાંભો રે
રૂપા ગેડી, મારો માંડવ ભર્યો શોભે.
મારે માંડવે કોણ કોણ આવે રે
રૂપા ગેડી મારો માંડવ ભર્યો શોભે.
મારે માંડવે મામા આવે રે,
રૂપા ગેડી મારો માંડવ ભર્યો શોભે.



## ૨૦૪

### જાન નીકળતાં ગવાતું ગીત

ભાઈનો ધોળો ઘોડો ને પીળો ચાબકો,
ભાઈની જાનમાં કોણ કોણ આવે રે,
ધરતી ગાજે વીજેતે કુંવર નાદાન રે.
ભાઈની જાનમાં પિતામાતા આવે રે.
ધરતી ગાજે વીજેતે કુંવર નાદાન રે.

## ૨૦૫

### દહેજ વખતે

પટેલ અરુણાબહેન મકનજીભાઈ

ચઢતા પોરે બિયા[૧]ના કોથા[૨] ઊતરતે પોરે લેરે
હરિયા ઊતરતે પોરે લે.
શંકર વેવાઈએ દીકરી વેચ્યું કાયસી[૩] તે કુણી[૪]
નાય[૫] લેરા હરિયા ઊતરતે પોરે લે.

## ૨૦૬

### સગાઈ ગીત

હું તમને પૂછું કયા રાય રે
રાજકુંવરીના વેવા કયાં જોડયા ?
જોડયા રે જોડયા મુજપુર ગામ રે
રાજકુંવરીના વેવા ત્યાં જોડયા
હું તમને પૂછું કઈ બેન રે
રાજકુંવરીના વેવા કયાં જોડયા ?
બારણે રે કૂવો ઘરમાં રે ટાંકી
સાહેબની રીતે જાય પનિહારી રે.
રાજકુંવરીના વેવા ત્યાં જોડયા.
જોડયા રે જોડયા સતીષભાઈની સાથે રે
રાજકુંવરીના વેવા ત્યાં જોડયા.

૧. સોદા ૨. કોથો ૩. કાઢી ૪. કોઈ ૫. નહિ

## ૨૧૩

### જાન પહોંચતાં

સાંકડી શેરીમાં જાન કોણે ઘેરી રે
આપો રે મોટાભાઈ સોપારી ને પાનબીડાં
જાન જવા દેજો રે,
આપો રે મંજુલાબહેન એલચી ને વરિયાળી
જાન જવા દેજો રે.

## ૨૧૪

### ફરિયાદ ગીત

કુલાક[1] દિહ આગળની ખટપાટ કરેથ[2] ઓતીહ[3]
પાણી ઈ[4] વાર કોજે[5] લાગતી વેવાઈ (૨)
ખુરશી ધાર કોજે લાગતી વેવાણી (૩)
કુલાક દિહ આગળની ખટપાટ કરેથ ઓતીહ
હાદડી[6] ઈ વાર કોજે લાગતી વેવાણુ (૩)
કુલાહ દિહ આગળની ખટપાટ કરેથ ઓતીહ

૧. કેટલાક ૨. કરતી ૩. હતી ૪. ની ૫. કેમ ૬. સાદડી

## ૨૧૫

### ચીજવસ્તુનું વર્ણન

સાસરેની સાડી આવી ગમે તો ગમાડ
મારી સવિતાબેન રે.
નહીં ગમે તો સાસુ ઉપર નાખ,
મારી સવિતાબેન રે.
સાસરેનાં ઝાંઝર આવ્યાં ગમે તો ગમાડ
મારી સવિતાબેન રે.
નહીં ગમે તો નણંદ ઉપર નાખ,
મારી સવિતાબેન રે.
સાસરેની ચંપલ આવી ગમે તો ગમાડ,
મારી સવિતાબેન રે.
નહીં ગમે તો જેઠાણી પર નાખ,
મારી સવિતાબેન રે.



## ૨૧૬

### મંગળફેરા વખતે

આગળ ચાલે માણો[1] સતીશભાઈ,
પાછળ ડમણાં ડોલેરા,
આગળ ચાલે માણો સતીશભાઈ,
પાછળ કોઠી હીલેરા.
આગળ ચાલે માણો સતીશભાઈ
પાછળ વાંદરી કૂદેરા.

૧. મારો

## ૨૧૭

### કન્યાની જલ્દી તૈયારી માટે

એટલી પોટલી લે રે લાડી ચાલ વેલુડી[1]
તારી સાસુની માયા ઝીલ રે લાડી ચાલ વેલુડી
તારી માતાની માયા છોડ રે લાડી ચાલ વેલુડી
તારા સસરાની માયા ઝીલ રે લાડી ચાલ વેલુડી
તારા પિતાની માયા છોડ રે લાડી ચાલ વેલુડી
તારા દિયરની માયા ઝીલ રે લાડી ચાલ વેલુડી
તારા વીરાની માયા છોડ રે લાડી ચાલ વેલુડી
તારાં નણંદની માયા ઝીલ રે લાડી ચાલ વેલુડી
તારાં બહેનની માયા છોડ રે લાડી ચાલ વેલુડી.

૧. વહેલી

## ૨૧૮

### કન્યા વિદાય વેળા

બેની તેં તો સાસરે જવાની હઠ લીધી
વિદાયગીરી લીધી સાસરીએ.
સંસાર સાગર મોતીની ઉછળે
મોતીમાં નાવ હાંકી દીધી. . .
વિદાયગીરી લીધી સાસરીએ.
જો જો એ નાવ તારી ખડકે ન આથડે
ખડકોથી દૂર તારી લેજે.
વિદાયગીરી લીધી સાસરીએ.

## ૨૧૯

સાસરિયે જાતાં સામી મીળાતી[1] ખજૂરી.
આખા વરહાઈ[2] મજૂરી બેની સાસરે.
સાસરે જાતાં હામી મીળના તાડ
મા-બાપા યા લાડ કોહાક[3] વિહરે[4]
માડીએ માડી નાય[5] જોય જે તૂણી[6] ટાડી
જન્માઈ[7] ઓહિયાળી તૂણે દૂધાઈ.[8]

૧. મળી ૨. વર્ષની ૩. કેમકરી ૪. ભૂલાય ૫. નહિ ૬. તારી ૭. જન્મની ૮. તારા· દૂધની

## ૨૨૦

બેની સાસરે ચેતીને ચાલજે,
સસરો બોલાવે તે જી કરી બોલજે.
બેની સાસરે માથે સાડી ઓઢજે,
સાસુ બોલાવે તે જી કરી બોલજે.
બેની નણંદીએ કામ કરી ઓફજે
બેની દિયારને તૈયાર ભાણું આપજે.

## ૨૨૧

### સગાઈ વખતે

ચંપાબહેન પરભુભાઈ પટેલ

ગૂંદી હેઠે રે રમતાં ઉંતાં રે સગાઈ કોણે જોડી,
ગૂંદી હેઠે રે રમતાં ઉંતાં રે સગાઈ સાસરે જોડી
બાપા મોરાં તમરે' તમને બોજે વેવાર જોડજો રે,
નહિ તો રે'શું રે જનમનાં કુંવારાં
ગૂંદી હેઠે રે રમતાં ઉંતાં રે સગાઈ સાસુએ જોડી

## ૨૨૨

### નાવણ કરતી વખતે

તાપીનાં નીર રે લાડકલીને નવરાવી
મારી મધુબેન નહાય તો તાપીનાં પાણી રે બેની
મારા નવા જમાઈ નહાય તો ખાડીએનાં પાણી રે બેની
મધુબેન તાપીનાં ઉંનાં તાતાં પાણી રે એક ખૂણે બેસીને નાજો રે
સસરાજી જુએ તેની લાજ રાખવી પડશે રે
નવા જમાઈ એક ખૂણે બેસીને નાજો રે.



## ૨૨૪*

### પીઠી ચોળતી વખતે

વાંસળી તો વગડાવું ઝીણા રાગની રે સમરથ,
ઝીણા રાગની રે સમરથ.
તેલ તો ચોળાવું સમી સાંજના રે સમરથ
સમી સાંજના રે સમરથ.
તેલો તો પહેરે ભાઈ રણુઝણુતા રે ભાઈ રણુઝણુતા રે ભાઈ.
પીઠી તો ચોળાવું સમી સાંજના રે સમરથ,
સમી સાંજના રે સમરથ.
પીઠી તો પહેરે ભાઈ રણુઝણુતા રે ભાઈ
રણુઝણુતા રે ભાઈ.

## ૨૨૫

### મંડપ બનાવતી વખતે

લીલી દ્રાક્ષોના છાયા બેનીના માંડવા
મધુબેન પિતાને પૂછે આજે આનંદ શો છે ?
દીકરી તુજને પરણાવું રૂડા મંડપા રચાવું
આજે આનંદ શો છે !
મધુબેન માતાને પૂછે આજે આનંદ શો છે ?
દીકરી તુજને પરણાવું રૂડા સાંતેક કરાવું
આજે આનંદ શો છે !

## ૨૨૬

### જાન જતી વખતે

હૈયામાં હરખો સમાવતા, વીરા મારા ચાલ્યા પરણુવા.
ઊંચી તે કન્યા ના જોશો વીરા.
ઊંચી તો નીચાં તોરણુ તોડશે, વીરા મારા ચાલ્યા પરણુવા.
મધ્યમ તો કન્યા જોશો હો વીરા.
મધ્યમ તો કુળને દીપાવશે.
વીરા મારા....

* ૨૨૩ મું ગીત રદ કર્યું છે.

૨૨૭

## દહેજ વખતે

સાવિત્રીબહેન નરસિંહભાઈ ઠાકોર

ઊંચો ઊંચો વરુ વધી ગયો,
વરુમાં ગરૂ ચરી ગયો,
આખી ધરતી ભમી વળ્યો વેવાય,
કોઈ ના આ'લે છે વહુ.
હતી મારે જીવણુ બાપાની છોકરી,
તેની સાથે લીધી છે સગાઈ.

૨૨૮

## નાવણ કરતી વેળા

તાપી એ તતાવો પાણી રે,
લાડકલીને નવરાવો,
કળશીએ ઓઝાવો પાણી રે,
લાડકલીને નવરાવો,
અંઘરાણી[1] કોનાને હાથે રે,
લાડકલીને નવરાવો,
અંઘરાણી ભાભીને હાથે રે,
લાડકલીને નવરાવો.
ઘણી ઘણી પિતાની માયા રે,
લાડકલીને નવરાવો.
થોડી થોડી સસરાની માયા રે.
લાડકલીને નવરાવો.

૧. નવડાવી



૨૨૯

## હળદર લગાવતી વેળા

પેલી માલણની વાડીમાં જોવાતી શું ફૂલ રે,
લાલ હલેશાં રે પાતરાં
પેલો ઘાંચાડો આવી જોઈ જાય રે,
લાલ હલેશાં રે પાતરાં.
તમે શું જોશો, શું જોશો કાન્તાબેનનાં રૂપ રે,
લાલ હલેશાં રે પાતરાં.
જેવાં સૂરજનાં તેજ તેવાં કાન્તાબેનનાં રૂપ રે
લાલ હલેશાં રે પાતરાં.
તમે હળદુ ચડાવી જો જો રૂપ રે
લાલ હલેશાં રે પાતરાં.

૨૩૦

## મંડપ ગીત

મારે માંડવે મલીયો ચંપો રે,
હું તો ઊંચે ચઢું ને નીચે ઊતરું રે,
હું તો જોઉં છું મામાની વાટ રે,
મામાજી આવોને મારે માંડવે.

૨૩૧

## શાંતક વેળા

અષાઢી મેઘ તો ધમધમે રે લાડી,
ભરી છે પાળે જુવાર.
જુવાર વેચીને મેં તો ધાન લીધાં રે લાડી,
લંકાથી બ્રાહ્મણ બોલાવ
આગલે બારણે તો બેનની શાંતક વંચાય રે,
પાછલે બારણે તો હોય રે બ્રાહ્મણ.

## ૨૩૨

### જાન જતી વેળા

રુમઝુમ બોલે ભાઈની મોજડી રે,
લટકે ચાલી રે ભાઈની જાન.
કુંવારી કન્યા કાગળ મોકલે રે,
વટિયા તું વેલેરો આવ.
પિતા પરણાવે અમે પરણશું રે,
વટિયા તું વેલેરો આવ.

## ૨૩૩

### ચાંલ્લા વખતે ગવાતું ગીત

જશભાઈ મોરારભાઈ પટેલ

ચંદન ચોક પુરાવીને કંઈ સોના બાજઠ ઢળાવો રે,
સોના બાજઠ ઢળાવીને કંઈ નીરૂબેનને બેસાડો રે,
નીરૂબેનને બેસાડીને કંઈ હાથમાં નાળિયેર આલો રે,
હાથમાં નાળિયેર આલીને કંઈ ગળે હાર પેરાવો રે,
ગળે હાર પેરાવીને કંઈ નીરૂબેનને વધાવો રે,
ચંદન ચોક પુરાવીને કંઇ સોના બાજઠ ઢળાવો રે.

## ૨૩૪

### ચાંલ્લો કરતી વેળાએ

એ ચાંદલો કોણે ચડાવ્યો રે મારવણી.
એ ચાંદલો સાસુએ ચડાવ્યો રે મારવણી,
સાસુએ તો ખીજમાં ચડાવ્યો રે મારવણી,
બહેને તો હરખે પહેરાવ્યો રે મારવણી,
એ ચાંદલો માતાએ ચડાવ્યો રે મારવણી,
માતાએ તો હરખે ચડાવ્યો રે મારવણી,
બેનીએ તો હોંસે પહેરી લીધો રે મારવણી.



## ૨૩૫

### પીઠી લગાવતી વખતનું ગીત

વાંસળી તો વગડાવું ઝીણા રાગની રે,
જાણે મંદિરમાં સંભળાવી રે,
ચાંદલો તો પહેરાવું સમી સાંજના રે,
જાણે સવારમાં દેખડાવું રે.
પીઠી તો પહેરાવું સમી સાંજના રે,
જાણે સવારમાં દેખડાવું રે.

## ૨૩૬

### લગ્ન સગાઈ વેળા

લક્ષ્મીબહેન છગનભાઈ પટેલ

સાચાનો હાર માગ્યો
જૂઠાનો હાર લાવ્યા
સાચાનું નાળિયેર માગ્યું
જૂઠાનું નાળિયેર લાવ્યા
બેનીનું મન ઝાંખું. . . .વેવાઈ

## ૨૩૭

### કંકોત્રી

કંકુ છાંટી કંકોત્રી મોકલાવો
મેં તો મોકલ્યા મારા મામા દરબાર રે
મામા રે વહેલા આવો
મામા આવે મામી રે નૈ આવે
મામી કહો તો જાતે તેડવા આવે રે
પોતે તેડવા આવે રે.
કાશીના બ્રાહ્મણ મોકલ્યા
કંકુ છાંટી કંકોત્રી મોકલાવો
મેં તો મોકલ્યા મારા ભાઈ દરબાર રે
ભાઈ વે'લા આવો.

ભાઈ આવે ભાભી રે ને આવે
ભાભી કહો તો જાતે તેડવા આવે રે
પોતે તેડવા આવે રે....
મેં તો મોકલ્યા મારા બેની દરબાર રે.
બેની રે વહેલાં આવો.
બેની આવે બનેવી રે ને આવે
બેની કહો તો જાતે તેડવા આવે રે
પોતે તેડવા આવે રે....કંકુ.

## ૨૩૮

### બેડકિયાં

પાલેના ભાત કઢાવ મારી લોઢણબાઈ
ટોપલીએ ભાત લોઢણ કઢાવ મારી
સુપડીએ ભાત ઝાટક મારી
ખાંડણીએ ભાત રેડાવ મારી લોઢણબાઈ.

## ૨૩૯

### પ્રસંગભાવ

ઊઠો કુંવર લીલી વાડી સુકાઈ ચાલી રે,
કુંવારો તો છેડો વાળી વાળી સુએ રે
કુંવરોના પિતા બોલાવે કુંવર ના બોલે.
કુંવારો તો છેડો વાળી વાળી સુએ રે,
કુંવરનાં માતા બોલાવે કુંવર ના બોલે
ઊઠો કુંવર લીલી વાડી સુકાઈ ચાલી રે.
કુંવારો તો છેડો વાળી વાળી સુએ રે.
કુંવારાનાં બેની બોલાવે કુંવર ના બોલે
કુંવારો તો છેડો વાળી વાળી સુએ રે.



## ૨૪૦

સૂરજ ઊગ્યો રે રાજુભાઈ કેમ ઊંઘી રહ્યા રે,
બેની ઘરે ભેંસડાં દોહવાય દોહવાય રહ્યાં રે,
શિવની.
છોરા ઘરે ગાયો દોહવાની રહી ગઈ રે,
શિવની.
બેની ઘરે ગધેડા દોહવાય રહ્યાં રે,
શિવની.
છોરા ઘરે ઊંટડા દોહવાના રહી ગયા રે,
શિવની.

## ૨૪૧

### આભૂષણ ખરીદતી વખતે

ચન્દ્ર રે ઊગ્યો ને ચાંદણે રે ચાલ્યા.
ચાંદરેણેનાં ચાલ્યા વીર છીપડાને ઘેર.
છીપડા રે ભાઈ કોરી કવાડ ઉઘાડ
કોરી કવાડ ઉઘાડયાને કોરી જામો દેખાડ.

## ૨૪૨

ઘાંચણ પૂછે આજ મારો ઘાંચી કાં રે ને
ગયેલો રે રાજા.
કાંકરે કાંકરે સરોવર બંધાય ત્યાં રે ને
ગયેલો રે રાજા.
ધોડિયા લોકનો છોરો પરણાય તેલ વેચવા
ગયેલો રે રાજા.
ઘાંચણ પૂછે આજ મારો ઘાંચી કાં રે ને
ગયેલો રે રાજા.
ધોડિયા લોકનો છોરો પરણે હળદ વેચવા
ગયેલો રે રાજા.
ઘાંચણ પૂછે આજ મારો ઘાંચી કાં રે ને
ગયેલો રે રાજા.
છીપણ પૂછે આજ મારો છીપો કાં રે ને
ગયેલો રે રાજા.
કાંકરે કાંકરે સરોવર બંધાય ત્યાં રે ને
ગયેલો રે રાજા.
ધોડિયા લોકની છોકરી પરણે કપડાં વેચવા
ગયેલો રે રાજા.
ઘાંચણ પૂછે આજ મારો ઘાંચી કાં રે ને
ગયેલો રે રાજા.

૨૪૩

## હળદી ગીત

અળદી[1] તું કાણેને[2] રોપાયે ?
અળદી તું કિયારીએ રોપાયે ?
અળદી તું કાંહલીએ[3] હીંચાયે[4] ?
અળદી તું ઘણી જ હુંઘી[5] દેહું[6]
અળદી તું કાણેને રોપાયે ?
અળદી તું પાવલે જ પાનશેર વેચાય.

૧. હળદર ૨. ક્યાં ૩. લોટાથી ૪. સિંચાઈ ૫. સસ્તી ૬. છે.

૨૪૪

## ટીખળ ગીત

વેવાઈ આવ્યા નવજાણા
શેરી ઝાંપો નૈ જડે
જાઓ અમરતભાઈ
શેરી ઝાંપો બતાવો.
વેવણ આવી નવજાણી
છીંકણી સૂંઘતાં નૈ આવડે
જાઓ મારાં કાંતાબેન
છીંકણી સૂંઘતાં બતાવો.
વેવાઈ આવ્યા નવજાણા
છીંકણી સૂંઘતાં નૈ આવડે
જાઓ મારા અરજુનભાઈ
છીંકણી સૂંઘતાં બતાવો.

૨૪૫

## દહેજ વિધિ વખતે

કોરા કાગળ મંગાવો કંકોત્રી છપાવો
વેવાઈ સમજાવો વેવણને
સાચો ચાંદલો માગ્યો
જૂઠાનો ચાંદલો લાવ્યા.
બેનીનું મન ઝાંખું. . . . વેવાઈ.



૨૪૬

ચંદન ચોક પુરાવો રે
ચંદન ચોક પુરાવીને બેનને બેસાડો રે.
બેન બેસાડીને કંઈ
હાથમાં નાળિયેર ઝલાવો રે. . . .
ચંદન ચોક પુરાવો રે.
બેનને બેસાડીને કંઈ
હાથમાં ચાંલ્લો આપો રે. . . .
ચંદન ચોક પુરાવો રે.
બેનને બેસાડીને કંઈ
ડોકે હાર પહેરાવો રે. . . . .
ચંદન ચોક પુરાવો રે.

૨૪૭

## દહેજ ગીત

લહેરી રે લહેરી મારા કયા બાપા છે લહેરી
લહેરી રે લહેરી મારા છગન બાપા છે લહેરી.
નાંખ્યો ગજવામાં હાથ કાઢી કોથળીની જોડ
તે તો કળશિયામાં નાંખ્યા તે તો દઈંગ
દે ને રે ભાઈ. . . .લહેરી.
લહેરી રે લહેરી મારા કયા ભાઈ છે લહેરી
લહેરી રે લહેરી મારા મગનભાઈ છે લહેરી.

૨૪૮

## લગ્ન પીઠી વખતે

ઝીલો રે ઝીલાણિયા તેલના વાડકા રે
એ રે તેલો મારાં કયાં બેનને ચડશે રે
એ રે તેલો મારાં તારાબેનને ચડશે રે.
ઝીલો રે ઝીલાણિયા તેલના વાડકા રે.
ઝીલો રે ઝીલાણિયા દિવેલના વાડકા રે
એ રે દિવેલ મારા કયા જમાઈને ચડશે રે
એરે દિવેલ મારા બાબુ જમાઈને ચડશે રે.
ઝીલો રે ઝીલાણિયા તેલના વાડકા રે.
ઝીલો રે ઝીલાણિયા પીઠી વાડકા
એરે પીઠી મારાં કયાં બેનને ચડશે રે
એરે પીઠી મારાં તારાબેનને ચડશે રે.
ઝીલો રે ઝીલાણિયા તેલના વાડકા રે.
એરે ધૂળો મારા કયા જમાઈને ચડશે રે
એરે ધૂળો મારા બાબુ જમાઈને ચડશે રે.
ઝીલો રે ઝીલાણિયા તેલના વાડકા રે.

૨૪૯

લગ્ન મંડપ

લાખોનો લ્હાવો લેવાય શોભે માંડવડો.
કાકાકાકીનું કુટુંબ તેડાવો
કાકી મંગલ ગીતો ગાય.... શોભે૦
મામામામીનું કુટુંબ બોલાવો.
મામી મંગલ ગીતો ગાય.... શોભે૦

૨૫૦

બાર થાંભલીનો માંડવો રોપ,
ભાઈ રે વહેવારિયા.
એક થાંભલી બીજી નાખ,
ત્યારે ખાસો મંડપ થાય....
ભાઈ રે વહેવારિયા.
એક તોરણ બીજું નાખ
ત્યારે ખાસો મંડપ થાય....
ભાઈ રે વહેવારિયા.
એક નાળિયેર બીજું બાંધ
ત્યારે ખાસો મંડપ થાય.....
ભાઈ રે વહેવારિયા.

૨૫૧

મારો મંડપ ભરીએલ[૧] ગાજે રે
માંડવડા તું દિરો ભરીએ ગાજે.
મારા મંડપમાં કયા કયા ભાઈ આવે રે
મારા મંડપમાં કયા ભાઈ આવે રે,
મારા મંડપમાં રમણભાઈ આવે રે.
મારો મંડપ ભરીએલ ગાજે રે.

૧. શણગાર અને આમંત્રિતોથી ભરેલો



૨૫૨

સાગને ઓટલીએ રોપ્યો મારો માંડવડો,
હીરાને દોરીએ બાંધ્યો મારો માંડવડો,
મોરને કુંપળિયે છાયો મારો માંડવડો,
આંબાને પાતરે ગૂંથ્યો મારો માંડવડો.

૨૫૩

લીલી દ્રાક્ષ છાયા રે ભાઈના માંડવે
ભાઈ પિતાને પૂછે આજે આનંદ શું છે?
લીલી દ્રાક્ષ છાયા રે ભાઈના માંડવે.
દીકરા તુજને પરણાવું રે રૂડો ખર્ચ કરાવું રે
આજે આનંદ એ છે રે ભાઈના માંડવે.
લીલી દ્રાક્ષ છાયા રે ભાઈના માંડવે.
ભાઈ માતાને પૂછે આજે આનંદ શું છે?
દીકરા તુજને પરણાવું રે, રૂડો ખર્ચ કરાવું રે
આજે આનંદ એ છે રે ભાઈના માંડવે....
લીલી દ્રાક્ષ છાયા રે ભાઈના માંડવે.

૨૫૪

મોસાળું

શેરીએ વાગે ઘૂઘરા ને કોણ રે લાવે મોસાળું
મોસાળામાં જુએ તો મામા રે લાવે મોસાળું
મોસાળામાં જુએ તો મામી રે લાવે મોસાળું
મામા તો મોસાળું હો લાવે રે ભાઈ
મોસાળું હો લાવો;
મામા તો ધોતી હો લાવે રે ભાઈ
મોસાળું હો લાવો!
મામી તો ઢાલી હો લાવે રે.
બેની તો હારગજરો લાવે રે.
ભાઈ તો ઘડિયાળ લાવે રે બેની શેરીએ.
શેરીએ વાગે ઘૂઘરા ને કોણ રે લાવે મોસાળું

## ૨૫૫
### ગ્રૃહશાન્તિ વેળા

ઊંચા નીચી બે લાઇટ બળે,
લાવ બ્રાહ્મણને જોવા દે.
બ્રાહ્મણ છે કે કુંભાર છે
લાવ બ્રાહ્મણને જોવા દે.
ચોરી થાપે કે માટલાં ટીપે,
લાવ બ્રાહ્મણને જોવા દે.
છાણું મૂકે કે પથરા મૂકે,
લાવ બ્રાહ્મણને જોવા દે.
ઘી હોમે કે તેલ હોમે,
લાવ બ્રાહ્મણને જોવા દે.
ઊંચા નીચી બે લાઇટ બળે,
લાવ બ્રાહ્મણને જોવા દે.

## ૨૫૬

એક જ મોતી લાખ લાખેણું
પરોવ્યું સોનાને તાર રે
જમુનાને તીરે ભૂલી છું મોતીનો હાર
આલા તે લીલા વાંસ વઢાવો
તેનો માંડવો રચાવો . . . રે
ગંગા ને જમુનાની ગોરમટી મંગાવો,
તેની તે ચોરીઓ થપાવો. . . . રે
લાલ તે પીળા કાગળ મંગાવો
તેનાં તે તોરણ બંધાવો. . . . રે
એક જ મોતી લાખ લાખેણું. . .

## ૨૫૭
### સ્નાનવિધિ વેળા

ઉનાળાનાં ઊનાં તાઢાં પાણી રે
એક મેરે બેસીને નાજો રે
સસરાની લાજ નખે રાખો રે
એક મેરે બેસીને નાજો રે. . . .
ઉનાળાનાં તાઢાં પાણી રે.
સાસુની લાજ નખે રાખતાં રે
એક મેરે બેસીને નાજો રે. . .
ઉનાળાનાં ઊનાં તાઢાં પાણી રે.



## ૨૫૮
### દેવદર્શન વેળા

હું તો બારને ઘડીએ મળવા આવીશ
મોરા ચાંદા સરખો સૂરજ
હું તો થાળી ભરી દીવડા લાવીશ
મોરા ચાંદા સરખો સૂરજ
હું તો ભગવાન બાપુને મળવા જઈશ
મોરા ચાંદા સરખો સૂરજ
હું તો હુંસેરી માંડીને મળવા આવીશ.
મોરા ચાંદા સરખો સૂરજ.

## ૨૫૯
### દેવદર્શને જતાં

ભગવાન બાપુ તારી શેરી સાંકેકડી રે,
મને ચાલેતાં લાગો વાર રે.
ભગવાન બાપુ તારા ઢોલિયા મોંઘેરા રે,
મને ચાલેતાં લાગો વાર રે. . . .
ભગવાન બાપુ તારી શેરી સાંકેકડી રે,

## ૨૬૦
### દેવપૂજા

પહેલાં તો ઉઘાડજો દરવાજો રે
માતા પછી ઉઘાડજો બારણાં રે.
પહેલાં તો વધાવજો કંકુએ રે
માતા પછી વધાવજો ચોખલિયે રે.
પહેલાં તો ઉઘાડજો દરવાજો રે
પહેલાં વધાવજો દીવડાએ.
માતા પછી વધાવજો નાળિયેરે રે
પહેલાં વધાવજો દીવડાએ.
પહેલાં તો ઉઘાડજો દરવાજો રે.

૨૬૧

**દેવદેવીને ખુશ કરવા**

રામ રામ કરીને પગે લાગજે બેની
ખજૂર કોપરાં આપે તો ગજવે ઘાલજે બેની
દાળિયા મમરા આપે તો, વેરી નાખજે બેની
રામ રામ કરીને પગે લાગજે બેની.

૨૬૧ (અ)

**જાન**

અમે દૂર દૂર દેશો જવાનાં રે હો મોટી બેન
તમે મુંબઈથી ટેક્સી મંગાવજે રે હો મોટી બેન
તમે ટેક્સીમાં બેસી પધારજો રે હો મોટી બેન
અમે દૂર દૂર દેશો જવાનાં રે હો મોટી બેન.

૨૬૨

આજ રે બેની તમે પરણવા ચાલ્યાં.
પગે ચાલીને બેની કેમ રે જશો
વરનો માંડવો અતિ ઘણો દૂર છે,
માતાપિતાને બેની સાથે રે લેજો.
આજ રે બેની તમે પરણવા ચાલ્યાં.
મામામામીને બેની સાથે રે લેજો.
પગે ચાલીને બેની કેમ રે જશો.
આજ રે બેની તમે પરણવા ચાલ્યાં.

૨૬૩

**જાન જતાં**

ખાડી માના જળદેવ હુંએ કે જાગે રે
જાગેલા હોય તો પરદેશ જાનો ઉતારી મેલ,
ખાડી માના જળદેવ હુંએ કે જાગે રે.



૨૬૪

આવી આવી રે જાદવ કુળની જાન,
હું તો સ્વપ્નમાં પરણી જાઉં,
બાપા મોરા રે તમે વહેવારિયા બનશો,
માતા મોરી રે તમે વહેવારિયાં બનશો,
વીરા મોરા રે તમે છોટીલીઆ ના બનશો,
આવી આવી રે જાદવ કુળની જાન.

૨૬૫

**જાન આવી જતાં વરપક્ષે**

હંસા જાજે ઊગમણા દેશ,
હંસા જાજે આથમણા દેશ,
સોનાની ચાંચ રે હંસા મોતી ચણવા જાય.
બારણે કાંઈ પાણીડાં છંટાવો, બારણે કાંઈ
પાણી છંટાવ.
હંડકના શોખીન અમે આવ્યા તમારા ઘર,
હંસા જાજે ઊગમણા દેશ

૨૬૬

**જાન આવ્યા બાદ કન્યા પક્ષે**

મારા વાડામાં વરિયાળીનો છોડ છે.
વરિયાળી આવી એકસો સાત
પણ થોડી થોડી ખાવી હોય તો ખા. . .
મારા વાડામાં વરિયાળીનો છોડ છે.

૨૬૭

**વરપક્ષે**

પાટી ગામમાં પડયું હિમ,
આવ્યા ભેંસદલા ગામ
બે પૈસાનો ધંધો કરશું,
ભરયું રામીનું પેટ.

૨૬૮

### કલવો ખવરાવે ત્યારે

ખા ખા રે છોરા કલવો ખા
તારી સાસુના હાથનો કલવો ખા.

૨૬૯

### કલવો ખવરાવે ત્યારે (વર પક્ષે)

રીત કરવા દોડી આવી
કંકુ કબાટમાં ભૂલી આવી
ભાઈ તારી સાસુ ભુલકણી રે
રીત કરવા દોડી આવી
કલવો કબાટમાં ભૂલી આવી
ભાઈ તારી સાસુ ભુલકણી રે.

૨૭૦

### દહેજ કપડાં, ચાંલ્લો કરી

સાડી ગમે તો ગમરાખ મારી મોટી બેન રે.
ના ગમે તો નણંદ ઉપર ફેંક મારી મોટી બેન રે.
સાંકળાં ગમે તો ગમરાખ મારી મોટી બેન રે.
ના ગમે તો સાસુ ઉપર નાખ મારી મોટી બેન રે.

૨૭૧

જે જે કહેલું તે અમે લાવ્યાં રે ગોરી,
સાંકળાં કહેલાં ઝાંઝર અમે લાવ્યાં રે ગોરી,
જે જે કહેલું તે અમે લાવ્યાં રે ગોરી.



૨૭૨

### ભાંડકણું

પાણી તો માગી માગી થાકી રે,
અરે ગધેડી.
હજુ તો કૂવે જઈ ઊભી રે,
અરે ગધેડી.
સાદડી તો માગી માગી થાકી રે,
અરે ગધેડી,
હજુ તો માટીને જઈ પૂછે રે,
અરે ગધેડી.

૨૭૩

### વરપક્ષ દ્વારા

પાટી ગામમાં આવ્યાં તો
પાણીનો ભાવ ના પૂછે
અજાણ્યા ગામમાં કયાં રે આવ્યાં?
ધાણી ગામમાં આવે તો
પાણીનો પહેલો વહેવાર રે
અજાણ્યા ગામમાં કયાં રે આવ્યાં?
ધાણી ગામમાં આવે તો
બીડીનો પહેલો વહેવાર રે
અજાણ્યા ગામમાં કયાં રે આવ્યાં?

૨૭૪

### જમવા બેસતાં

બાર વાડીનાં વેંગણ ખાધાં
તેર વાડીનાં તરબૂચ ખાધાં,
તોય તે કાંતિ નાય ધરાય.
બાર મણના ચોખા રાંધ્યા,
તેર મણનું શાક કર્યું,
તોયે તે કાંતિ નાય ધરાય.
બાર જોડ તો ઊંટડા જોડયા
તેર જોડના પાડા જોડયા
તોય તે કાંતિ નાય ગહલાય.

## ૨૭૫

### હસ્તમેળાપ

કૂવા કાંઠે કારેલી પવન આવે
વર સામું ના જો રે શરમ આવે,
કૂવા કાંઠે કારેલી પવન આવે

## ૨૭૬

આ તો સાસરિયું કહેવાય સાંભળ વરરાજા.
અહીં સામું જોવાની નથી છૂટ સાંભળ વરરાજા.
આ તો સાસરિયું કહેવાય સાંભળ વરરાજા.
અહીં બીડી પીવાની છૂટ સાંભળ વરરાજા.
આ તો સાસરિયું કહેવાય સાંભળ વરરાજા.

## ૨૭૭

### કન્યા માંયરામાં હોય ત્યારે કન્યાદાન

માંયરામાં બેઠાં બેની આજ રે
હા બેની હાથ મિલાવો.
માતા આપે છે કન્યાદાન રે
હા બેની હાથ મિલાવો.
માંયરામાં બેઠાં બેની આજ રે
પિતા આપે છે કન્યાદાન રે
હા બેની હાથ મિલાવો.
માંયરામાં બેઠાં બેની આજ રે
બેની આપે છે કન્યાદાન રે
હા બેની હાથ મિલાવો.
માંયરામાં બેઠાં બેની આજ રે
હા બેની હાથ મિલાવો રે



## ૨૭૮

### વરકન્યા પાટલે બેસે ત્યારે

રંગુલે કે પાટલે બેસે આપણા બેનાવા
ઘૂઘરિયાળો ચાંલ્લો પહેરે આપણા બેનાવા
ઠમકે ચાલે ઠમકે વિચાર કે આપણા બેનાવા
રંગુલે કે પાટલે બેસે આપણા બેનાવા
ઘૂઘરિયાળી પીઠી પહેરે આપણા બેનાવા
ઠમકે ચાલે ઠમકે વિચાર કે આપણા બેનાવા

-

## ૨૭૯

### મંગળફેરા વખતે

વાડીએ વાડીએ ફીરે મંજુ હડી[૧] સરખી દેખાય
બીતી બીતી ચાલે મંજુ કહાઈ[૨] બીક લાગે હે
ઝાડી-જંગલ નથી રે મંજુ કાણી[૩] બીક લાગે હે
વાડીએ વાડીએ ફીરે મંજુ હડી સરખી દેખાય.
ધીરે ધીરે ચાલે શાની બીક લાગે મંજુ શાની બીક લાગે;
કાંટા કચરા નાંય[૪] હે, મંજુ કહાયો[૫] ધાક લાગે હે
વાડીએ વાડીએ ફીરે મંજુ હડી સરખી દેખાય.

૧. ફાચીડી ૨. શાની ૩. કોની ૪. નથી ૫. કોનો

## ૨૮૦

### મંગળસૂત્ર બાંધે ત્યારે

કાળો ગરાસલો[૧] રામીએ ગળે વીળાગનો[૨]
હવે નાથ છૂટે કાળો ગરાસલો.
તોયડો નાય તૂટે, છોયડો નાય છૂટે
હવે તો રમણભાઈ રમણી ગુલામ

૧. કાળી ગાંઠી ૨. વળગ્યો.

## ૨૮૧

### કન્યાવિદાય

જેવી લીમડાની છાયા તેવી માતાપિતાની માયા,
એ તો છોડવી પડશે સાસરે જાવું રે પડશે.
જેવો ચંદીગઢનો કિલ્લો તેવો નણંદનો કિલ્લો
એ તો તોડવો પડશે સાસરે જાવું રે પડશે.
જો જે સસરાજીનો મહેલ જાણે સાબરમતીની જેલ
એ તો વેઠવી પડશે સાસરે જાવું રે પડશે.
જેવી લીમડાની છાયા તેવી માતાપિતાની માયા
એ તો છોડવી પડશે સાસરે જાવું રે પડશે.

## ૨૮૨

બેની ના રુઓ રે ના રુઓ ના રુઓ રે
બેની તમને જોઈને માતા રુએ છે ઘણાં
ના રુઓ.
બેની તમને જોઈને પિતા રુએ છે ઘણા
ના રુઓ.
બેની તમને જોઈ ને ભાઈ રુએ છે ઘણા
ના રુઓ.

## ૨૮૩

### કન્યાવિદાય : મજાક મશ્કરી

હું શું કરું રાજ બેનને પંખીડું લઈ જાય
બેની બેઠાં બાગમાં બનેવી બન્યા માળી
માળીઓની નજર મારી પ્યારી બેની પર
બેની બેઠાં વિમાનમાં બનેવી બન્યા પાઇલોટ
પાઇલોટની નજર મારી પ્યારી બેની પર
હું શું કરું રાજ બેનને પંખીડું લઈ જાય.
બેની બેઠાં બસમાં બનેવી બન્યા કંડકટર
કંડકટરની નજર મારી પ્યારી બેની પર
હું શું કરું રાજ બેનને પંખીડું લઈ જાય.



## ૨૮૪

### શિખામણ ગીત

આજ તું જા સાસરિયે બેની
આજ સુધી તું રહી મૈયરિયે
રડીશ નહિ, ગભરાઈશ નહિ
તારી ખબર લઈશ અઠવાડિયે
તારી ખબર લઈશ પખવાડિયે
આજ તું જા સાસરિયે બેની.
પિતાની જેમ સેવા કરી
તેમ સસરાની તું કરજે
સસરા જ્યારે વહુ કહી બોલાવે
આજ તું જા સાસરિયે બેની.
જેઠ-જેઠાણી હોય જો તારાં
તેને વડીલ તું ગણજે
વડીલ તરીકેના હુકમ કરે
ત્યારે હુકમનું પાલન કરજે
આજ તું જા સાસરિયે બેની.

## ૨૮૫

### વિદાયવેળા

ચાર કાંકરા વાગે રે
ગજરી ચાર કાંકરા વાગે
મોટી બેન તારા પિતા એકલા
રાંધણિયાં કોણ રાંધે ?
ગજરી ચાર કાંકરા વાગે
મોટી બેન તારા ભાઈ એકલા
કપડાં કોણ ધોએ ?
ગજરી ચાર કાંકરા વાગે
મોટી બેન તારી બેન એકલી
પાણીડાં કોણ ભરે ?
ગજરી ચાર કાંકરા વાગે

## ૨૮૬

શરમાળ સાસરે ચાલી
માતાને મેલી વિછોડી
સાસુના સંગે ચાલી
શરમાળ સાસરે ચાલી
પિતાને મેલી વિછોડી
સસરાને સંગે ચાલી
શરમાળ સાસરે ચાલી.

## ૨૮૭

### વિદાયવેળા

છેડલે બાંધ્યા[1] જીરા રે બેની
સાસુએ કાઢી મેલવા માંડયા રે બેની
કાઢી મેલે તો મેલવા દેજો રે બેની
માતાએ તો રાખી મેલવા માંડયા રે બેની
કાઢી મેલે તો મેલવા દેજો રે બેની
પિતાએ તો રાખી મેલવા કહ્યા રે બેની
છેડલે બાંધ્યા જીરા રે બેની

૧. બાંધ્યું

## ૨૮૮

### મહેમાનગતિ માટે આમંત્રણ

વેવાઈ આવજો રે આંમણે[1] દેહ
વેવાઈ તુંઆ કનોડી કુદાઉરા
કોઈને નખે કે'તો રે
વેવાઈ તારી પોતડી ચિરાયલી[2] રે
કોઈને નખે કે'તો રે.
આજ રઈ તો દૂસરી લઈ આવું રે
કોઈને નખે કે'તો રે વેવાઈ
વેવાઈ તારી કફની ચિરાયલી રે
કોઈને નખે કે'તો રે.
આજ રઈ તો દૂસરી લઈ આવું રે."

૧. અમારા ૨. ફાટેલી.



## ૨૮૮(૧)

### આણા સમયે

મગનભાઈ તમે રે રહો રે ફૂલવાડીમાં
તમારા સસરાને ખંભે છે ધારિયું
એ તો રબારાના વેશ લઈ આવે રે...
મગનભાઈ તમે રે રહો રે ફૂલવાડીમાં.
તમારી સાસુને માથે છે ટોપલો
તે તો માછણનો વેશ લઈ આવે રે....
મગનભાઈ તમે રે રહો રે ફૂલવાડીમાં.
તમારી સાળીને માથે છે રીંગણનો ટોપલો
તે તો ભંડારાનો વેશ લઈ આવે રે
મગનભાઈ તમે રે રહો રે ફૂલવાડીમાં.

## ૨૮૯

### કન્યા પાછી આવે ત્યારે

ભાગી આવ રે તું ઉપલે માળે
ઉપલે માળે પીવડાવું તને ઠંડાં પાણી
છોડો છોડો રંગીલો મારો હાથ
રાખી લો મારો હાથ
તારી ને મારી દોસ્તી ભલી!
સીતા આવ રે તું ઉપલે માળે
ઉપલે માળે પીવડાવું તને ઠંડાં પાણી
છોડો છોડો રંગીલો મારો હાથ
રાખીલો મારો હાથ
તારી ને મારી દોસ્તી ભલી,
ભાગી આવ રે તું ઉપલે માળે.

## ૨૯૦

### ઊંઘ ઉડાડવા

મેં તે બારણે જ કુંકડી[1] ધાયરી[2] હૈ
શંકર અહો[3] જ ચાટો[4] કુંકડી જ વાઢી[5] ખાઈ ગો[6] હૈ
મેં તે બારણે જ કુંકડી ધાયરી હૈ
મેં તે રમણાં જ ખાવા હાય દો હૈ
રમણુ અહો જ ચાટો કુંકડી જ વાઢી ખાઈ ગો હૈ

૧. મરઘી ૨. ઢાંકવું. ૩. એવો ૪. લબાડ ૫. કાપી ૬. ગયો

૨૯૧

શેર બાજરીના તેર લાડુલા ઘડિયા રે માં
ઝરમલીઆ.
તેરમાંથી એક લાડુલો ચોરાયો રે માં
ઝરમલીઆ.
તે તો મેં ડાબે ખોળે નાખ્યો રે માં
ઝરમલીઆ.
તેરમાંથી બે લાડુલા ચોરાયા રે માં
ઝરમલીઆ.
તે તો મેં ડાબે ખોળે નાખ્યો રે માં
ઝરમલીઆ.
તે તો મેં પાણી જતાં ખાધા રે માં
ઝરમલીઆ.
શેર બાજરીના તેર લાડુલા ઘડિયા રે માં
ઝરમલીઆ.

૨૯૨

## સગાઈ કરવા આવે ત્યારે

વેવઈ આમને[૧] નવ જાને[૨] હેરી[૩] ઝાંપ[૪] નાંય[૫] મિલે
જારા[૬] માના[૭] મોટાભાઈ હેરી ઝાંપો દેખાડી
વેવાન આમની[૮] નવજાણી સાદડીમાં બહતા નાંય આવળે
જોને માણી બણી[૯] સાદડીમાં બહી[૧૦] દેખોડ

૧. અમને ૨. જણા ૩. જોજો ૪. ઝાંપો ૫ નહીં ૬. જાઓ. ૭. મારા ૮. આવી ૯. બેની
૧૦. બેસી.

૨૯૩

ડૉ. સિદ્ધરાજ સુ. સોલંકી

ચંદન ચોક પુરાવાર હે
ચંદન ચોક પુરાહીને રમેશભાયો બહડીને[૧]
રમેશભાયા બહાડી આધામાં નારિયેળ ઓફાને[૨]
બાથામાં[૩] નાળિયેર ઓફીને[૪] કાંઈ હનાયો ચાલ્લો ઉરાને[૫]

૧. બેસાડીને ૨. આપોને ૩. હાથમાં ૪. આપીને ૫. સોનાનો ૬. કરો ને

મા. દર્શક — વસુબેન એ. પટેલ, ચીખલવાવ



૨૯૪

## લગ્ન નક્કી થયા બાદ સાંજે ગવાતાં ગીતો

દરિયાને કિનારે તારો ઊગ્યો મોરા રાય
તાપીને કિનારે અજવાળાં આવ્યાં મોરા રાય
હું એ તમને પૂછું મારાં નીરૂબેન
વેગેરા સાસરિયાં કોણે શોધ્યાં મોરા રાય
બાપાએ શોધ્યાં ને અમે ઝાલ્યાં મોરા રાય
માડીએ પરણાવ્યાં અમે પરણશું મોરા રાય
હું એ તમને પૂછું મારાં નીરૂબેન
વેગેરા સાસરિયાં કોણે શોધ્યાં મોરા રાય
કાકાએ શોધ્યાં ને અમે ઝાલ્યાં મોરા રાય
કાકીએ પરણાવ્યાં અમે પરણશું મોરા રાય
હું એ તમને પૂછું મારાં નીરૂબેન
વેગેરા સાસરિયાં કોણે શોધ્યાં મોરા રાય
ભાઈએ શોધ્યાં ને અમે ઝાલ્યાં મોરા રાય
ભાભીએ પરણાવ્યાં અમે પરણશું મોરા રાય
દરિયાને કિનારે તારો ઊગ્યો મોરા રાય
તાપીને કિનારે અજવાળાં આવ્યાં મોરા રાય

મા૦ દ૦ — સોમાભાઈ પટેલ

૨૯૫

## પરોઢિયા ગીત

માણે[૧] રાઈને દાતુને અહેજ[૨] રનેરા[૩]
માણુ મામા આવીને દાતાને કરાવી
માણો કહલો[૪] ભરેલો અહો જ રનોરા
માણી મામી આવે ને મુઈ પોવીરા[૫]

મા૦ દ૦ — વસુબહેન પટેલ

૧. મારા, ૨. એમજ, ૩. 'રહી ગયાં, ૪. લોટો, ૫.મોઢું ધોશે.

### ૨૯૬

### પરોઢિયા ગીત

ઉઠરા ભાયા લીલીવાડી હુકાય[1] ગોય[2]
કુવારો તો છેડો[3] વાળી વાળીને હુએ
કુવારાઓ બાપો હાદે હા કરીને બોલી
કુવારાના હહરો[4] હાદીરએ[5] બોલે

મા૦ ૬૦ — વસુબહેન પટેલ

૧. સુકાઈ, ૨. ગઈ, ૩. શરીર, ૪. સસરા, ૫. બોલાવે.

### ૨૯૭

### લગ્ન કઢાવ્યા પછી ગવાતાં ગીત

શંકરભાયો – પટેલ
વજીરભાયો કચેરી
ગમાનભાયો ફળિયાયો ફીરનારો
ફૂલામાની વીજળી કેણે ભાયે અજવાળી
મોઠી વહુ પટલાણુ
વચલી વહુ કચેરી
આવતી વહુ ફળિયાયી ફીરનારી
ફૂલામાની વીજળી કેણે ભાયે અજવાળી
ફૂલામાની વીજળી મગનભાયાએ અજવાળી

મા૦ ૬૦ — સોમાભાઈ પટેલ

### ૨૯૮

કાચું સૂતર સવાયાનું શેર (૨)
રૂપિયે વેચાય રે મારું નવ શેર
આગડી આવે ભાઈયેનું ધેર (૨)
રખેને પરણાવો ભાઈ પરદેશ

મા૦ ૬૦ — શંકરભાઈ પટેલ



### ૨૯૯

### ઉનાઈમાતાનું ગીત

[લગ્ન કઢાવ્યા પછી સાંજે ગવાતું ગીત]

લીલે ઝાડેસરની વાડી રે
વાડીમાં કયા દેવ આવી ઊતર્યા

ઊતર્યો રે મારી ઉનાઈ માનો સંઘ રે
દેવ તો રમે છે રે સોગઠાં

કેડે કંડારી નવ ધાર રે,
હાથે બાજુ-બંધ-બેરખા

માથે સોનાનો સરીમેખ રે
હાથે ઝગમગ દીવડા

પગે ઝાંઝરનો ઝમકાર રે
હાથે વેલડિયારો પાલવ

વાડીમાં વાજે ઘંટ ઘૂઘર રે
વાડીમાં કયા દેવ આવી ઊતર્યા.

ઊતર્યો રે મારી ઉનાઈ માનો સંઘ રે
દેવ તો રમે છે રે સોગઠાં

લીલે ઝાડેસરની વાડી રે
વાડીમાં કયા દેવ આવી ઊતર્યા.

મા૦ ૬૦ – સોમાભાઈ પટેલ

### ૩૦૦

### પીઠી ચોળે ત્યારે

આવ આવરા ભાયા બહ[1] પાટલે
તુણો[2] ચાંદલો ભરેલી એરે[3] વાટ બહરા ભાયા પાટલે

આવ આવરા ભાયા બહ પાટલે
તુણાના તેલ ભરેલાં એરે વાહ બહારા ભાયા પાટલે.

આવ આવરા ભાયા બહ પાટલે
તુણી પીઠી ભરેલી એરે વાય[4] બહરા ભાયા પાટલે

મા૦ ૬૦ – વસુબહેન એ. પટેલ

૧. બેસો ૨. તારો ૩. ભરેલો જુવે ૪. મા.